Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
MIRACLE REALTY LTD.
Brokerage, Independently Owned & Operated
Office: 416-747-9777
Email: realhomelink@gmail.com
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
Saachi Insurance
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

FRIDAY, 21 AUGUST, 2020 Vol. 16, No. 34 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# વિશ્વમાં ગૂગલની જી-મેલ સહિતની સેવા ખોરવાઈ

## યૂઝર્સને જી-મેલ મોકલવામાં અને ફાઈલ એટેચ કરવામાં મુશ્કેલી પડી, વર્ક ફ્રોમ હોમ કરનારા કરોડો લોકો અટવાયા

વોશિંગ્ટન : ગૂગલની ઈ-મેલ સેવામાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાતાં ગુરુવારે સવારથી વિશ્વના અનેક હિસ્સામાં જી-મેલની સેવાઓ ખોરવાઈ ગઈ હતી. સંખ્યાબંધ યૂઝર્સના જી-મેલ કામ કરતાં બંધ થયાં હતાં. સમગ્ર વિશ્વમાંથી ફરિયાદો મળી હતી કે ખામીના કારણે યૂઝર્સ ઈ-મેલ મોકલી શક્તાં નહોતાં અને ઈ-મેલમાં ફાઈલ એટેચ થતી નહોતી. જી-મેલમાં એટેચમેન્ટ સાથેનો ઈ-મેલ મોકલી શકાતો નહોતો અને તેમાં Unable to attach, The operation couldnt be completed. (com.google. HTTPStatus error 503 લખાઈને આવતું હતું. યૂઝર્સને પડી રહેલી મુશ્કેલીનો સ્વીકાર કરતાં ગૂગલે જણાવ્યું હતું કે, અમે આ મામલે તપાસ કરી રહ્યાં છીએ. અમને આશા છે કે ઝડપથી ખામીનું નિવારણ થશે. ટેક્નિકલ ખામી દૂર થયા પછી અમે વિગતવાર માહિતી આપીશું. ગૂગલ એપ્સ સ્ટેટસ પેજ દ્વારા પણ સમર્થન અપાયું હતું કે, જી-મેલમાં સમસ્યા નડી રહી છે. મોટાભાગના યૂઝર્સે ફરિયાદ કરી હતી કે, તેઓ મેલ મોકલી શક્તાં નથી કે ઈ-મેલમાં કોઈ ફાઈલ એટેચ કરી શક્તાં નથી. અમે એટેચમેન્ટ સાથેના ઈ-મેલ મોકલવાનો પ્રયાસ કરીએ છીએ પરંતુ જી-મેલ કામ કરી રહ્યું નથી. એટેચમેન્ટ સાથેના મેલ મોકલી શકાતાં નથી. ડાઉનડિટેક્ટર વેબસાઈટે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં જી-મેલની સેવાઓ ઠપ થઈ ગઈ છે. ડાઉનડિટેક્ટર વેબસાઈટ અનુસાર ભારતીય સમય પ્રમાણે સવારે ૯:૩૦ કલાકે સમસ્યાની શરૂઆત થઈ હતી. સંખ્યાબંધ દેશોમાં યૂઝર્સ જી-મેલની સેવાઓમાં મુશ્કેલી અનુભવી રહ્યાં હતાં. સૂત્રોએ જણાવ્યું હતું કે, ગૂગલ અને તેની એન્જિનિયરિંગ ટીમ મામલાની તપાસ કરી રહી છે. ગ્લોબલ પ્લેટફોર્મ પર ગૂગલની સેવાઓ પૂર્વવત બન્યા બાદ અમે વધુ માહિતી આપીશું. જી-મેલના યૂઝર્સે ટ્વિટર પર ટ્વિટ કરીને જી-મેલની સમસ્યાની માહિતી આપી હતી. #GmxTðildwon ટ્વિટર પર ટ્રેન્ડ કરી રહ્યું હતું અને ટ્વિટરાતીએ સંખ્યાબંધ મિમ્સ પોસ્ટ કર્યા હતાં.




# કેલિફોર્નિયામાં ૧૧,૦૦૦ વાર વીજળી ત્રાટકી, ૩૬૭ સ્થળે આગ, બેના મોત



કેલિફોર્નિયા : કેલિફોર્નિયાનાં જંગલોમાં બુધવારે આગ લાગી હતી. કેલિફોર્નિયાના ગવર્નર ગૈવિન ન્યૂસમે જણાવ્યા મુજબ વીતેલા ૭૨ કલાકમાં કેલિફોર્નિયાની આસપાસ ૧૧ હજાર વાર વીજળી ત્રાટકતાં તેને કારણે ૩૬૭ સ્થાને આગ લાગી ગઈ હતી. તે પૈકી ૨૩ સ્થાને આગનો પ્રભાવ વધુ હતો. અગ્નિશમન દળ આગ લગાવવાના કામે લાગ્યું છે. કટોકટી જાહેર કરવામાં આવી છે. બુધવારે આગને અંકુશમાં લેવાના કામે લાગેલું હેલિકોપ્ટર તૂટી પડતાં દુર્ઘટનામાં પાયલોટ સહિત બે વ્યક્તિના મૃત્યુ થયા છે. ઉત્તર કેલિફોર્નિયાનો વૈકાવિલ વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો છે અહીં ૫૦થી વધુ ઘર બળી ગયા હતા. ૫૦ ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. હજારો લોકોને ઘરબાર છોડીને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. ધોરીમાર્ગો પર ટ્રાફિક પણ અવરોધાયો છે. આગનો ધુમાડો સેન ફ્રાન્સિસ્કો શહેર સુધી ફેલાઈ ગયો છે. શહેરમાંથી પણ લોકોને સુરક્ષિત સ્થાને પહોંચાડવાનું અભિયાન શરૂ થયું છે. બુધવાર રાત સુધીમાં જ ૨૦,૨૩૪ હેક્ટર જંગલ વિસ્તાર આગમાં હોમાઈ ગયો હતો. આંતરરાજ્ય ધોરીમાર્ગો સુધી પહોંચી જતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો.

RUMA LAW OFFICE
- Real Estate Law
- Family Law (Legal Aid Certificate Accepted)
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Immigration Law
- Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

- Residential
- New Condos
- Investments
- Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં વધુ ૧૬૩ કોરોનાથી સંક્રમિત, બેના મોત

## કેનેડામાં કોરોના પોઝિટિવ દર્દીઓનો કુલ આંકડો ૧,૨૩,૬૫૩ થઈ ગયો, ૪૫૬૩ કેસ હજુ એક્ટિવ

- **આલ્બર્ટામાં સૌથી વધુ ૧૦૩ દર્દીઓ મળ્યા, ક્યુબેક અને નોવાસ્કોશિયામાં ૧-૧ મોત**

ઓન્ટેરિયોઃ ગુરૂવારે કેનેડામાં કોરોનાના ૧૬૩ કેસ નોંધાતા કુલ ૧,૨૩,૬૫૩ કેસ થઈ ગયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં આખા દેશમાં કોરોના પોઝિટિવ બે દર્દીઓના મોત નીપજ્યા હતા. આ સાથે દેશમાં કોરોના દર્દીઓનો મૃતાંક ૯૦૫૧ થઈ ગયો હતો. આજે સૌથી વધુ કેસ ક્યુબેક ૮૬ નોંધાયા હતા. જ્યારે અહીં ૧૪૫ દર્દીઓ સાજા થયા અને એકનું મોત થયું હતું. આ ઉપરાંત ઓન્ટેરિયોમાં ૭૬ નોવાસ્કોશિયામાં ૧, મેનિટોબામાં ૩૩, સાસકેચવાનમાં ૪ અને આલ્બર્ટામાં સૌથી વધુ ૧૦૩ નાગરિકો કોરોનાથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ હતી. આ જ સમયગાળામાં સાસ્કેચવાનમાં ૯, મેનિટોબામાં ૯ અને ન્યૂ બ્રુન્સ્વીકમાં ૬, ક્યુબેકમાં ૧૪૫ દર્દી સાજા થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આજે નોવાસ્કોસિયા અને ક્યુબેકમાં ૧-૧ દર્દીઓ મોતને ભેટ્યા હતા. ગુરુવારે મોડી સાંજે પ્રાપ્ત થતી વિગતો મુજબ દેશમાં હજી પણ ૪૫૬૩ કેસ એક્ટવિ છે. જે પૈકી ૬૧ દર્દીઓની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. કેનેડામાં અત્યાર સુધી ૧,૧૦,૦૪૯ દર્દીઓ કોરોનાને માત આપી ચૂક્યા છે. ગુરુવારે સૌથી વધુ દર્દી આલ્બાર્ટામાં ૧૦૩ મળ્યા હતા.

# કેનેડામાં આંતર રાષ્ટ્રીય દંપતીઓને ઈમિગ્રેશન પ્રક્રિયામાં થતો વિલંબ

ટોરન્ટો : એવા કેનેડીયનો જે પોતાના વિદેશી જીવનસાથીથી લાંબા સમયથી અલગ પડી ગયા હોય એ હવે ફેડરલ સરકાર ઉપર પગલા લેવા દબાણ કરી રહ્યા છે. કોરોના વાઈરસના ફેલાવાને કારણે સ્પાઉઝલ એન્ડ કોમન લો સ્પોન્સરશીપ પ્રોગ્રામ જે અગાઉ ચાલતો હતો એ મહામારી બાદ સ્થગિત થઈ જતાં ટેમ્પરરી રેસીડેન્ટ વિઝા આપવાનું નકારવામાં આવે છે. કેમકે જે દેશમાંથી જીવનસાથી આવનાર હોય તેણે મુદત પુરી થાય તે પહેલા જો પરમેનન્ટ રેસીડેન્સ અરજીનો નિકાલ નહીં આવ્યો હોય તો તેમણે પાછા જવાનું હોય છે. જે મહામારીના સમયમાં શકય નથી. જો કે, કેનેડીયનોના વિદેશી જીવનસાથી માટે પ્રવાસના પ્રતિબંધોમાંથી મુકિત અપાઈ છે. પરંતુ કોરોના વાઈરસને કારણે એવા યુગલો સાથે રહી શકતા નથી. બાયો મેટ્રીક સેન્ટર્સ જેવા મહત્વના સેવા કેન્દ્રો વિશ્વભરમાં બંધ હોવાથી કે પ્રોસેસીંગની ક્ષમતા ઓછી હોવાથી વિલંબ થઈ રહ્યો છે. જે યુગલોની સગાઈ થઈ હોય તેઓ કોમન લો સ્ટેટસ માટે પાત્ર નથી. તેમને વધુ મુશ્કેલીઓ પડી રહી છે. કેમ કે, વિદેશી જીવનસાથીને પ્રવાસ પ્રતિબંધમાંથી મુકિત નથી અપાઈ અને ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા એ ઈમિગ્રેશનના હેતુ માટે વર્ચ્યુઅલ મેરેજને માન્ય નથી ગણ્યા. જો કે, કેનેડા હજુ પણ સ્પાઉઝલ અને કોમન લો સ્પોન્સરશીપ માટેની અરજીઓ સ્વીકારે છે પણ અરજદારોને ફેબ્રુઆરીથી કોઈ જાતની મંજુરી કે નામંજુરીની સુચના મળી નથી. જીવનસાથી અને બાળકો માટે સ્પેશિયલ ટેમ્પરરી રેસિડેન્ટ વિઝાની જોગવાઈની માંગણી સાથેના વિરોધ પ્રદર્શનો ગયા અઠવાડિયાના અંતે એડમીન્ટન, ઓટાવા, મોન્ટ્રીઅલ, ટોરન્ટો અને વાન્કુંવર જેવા શહેરોમાં થયા હતા જેની આગેવાની એમપી જેની કવાને લીધી હતી. જે કેનેડાના ઈમિગ્રેશન વિભાગના ટીકાકાર છે અને ન્યુ ડેમોક્રેટીક પાર્ટીના સાંસદ છે. તે કહે છે કે,'જે અરજદાર પરમેનન્ટ રેસીડેન્સ માટે અરજી કરે છે તેમને ટેમ્પરરી રેસીડેન્સની પરમિટથી વંચિત રાખી ન શકાય.

# બાળકોને શાળામાં મોકલવા વિશે પીએમ ટ્રુડો હજી પણ અવઢવમાં

ટોરન્ટોઃ કોવિડ-૧૯ની મહામારી દરમિયાન બંધ થયેલી શાળાઓ હવે સપ્ટેમ્બર માસથી ફરી શરૂ કરવાની તૈયારી ચાલે છે. ત્યારે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો પણ હજુ નક્કી કરી શકયા નથી કે, શાળાઓ ફરીથી શરૂ થાય તો પોતાના સંતાનોને મોકલવા કે નહીં. સંસદનું સત્ર સમાપ્તીની જાહેરાત માટેની પત્રકાર પરિષદ દરમિયાન વડાપ્રધાનને પોતાના સંતાનોને ફરીથી શાળાએ મોકલવા અંગેની યોજના વિશે પ્રશ્ન કરાયો ત્યારે એમનો જવાબ ચોખ્ખી હા કે ના માં ન હોતો આપ્યો. તેમણે કહ્યું કે, બીજા બધા વાલીઓની જેમ જ હું પણ એ વિશે નક્કી કરી શકયો નથી. પણ એ વિશે અમે ચર્ચા જરૂર કરી રહ્યા છીએ.

**પ્રાંતીય સરકાર બાળકોની સલામતી માટે વ્યવસ્થા ગોઠવશે તો ફેડરલ સરકાર ટેકો આપશે**

તેમણે એમ પણ કહ્યું કે, ફેડરલ સરકાર તરીકે અમે દરેક પ્રાંતને ટેકો આપીશું. જો તેઓ એવી બાયંધરી આપે કે, શાળાઓ ફરીથી શરૂ થશે ત્યારે બાળકોની સલામતીના બધા પગલા લેવાશે. અને તો જ વાલીઓ પોતાના સંતાનોને ફરીથી શાળાએ મોકલવા તૈયાર થશે.

મારા સહિત બધા વાલીઓ પણ એ જાણવા ઉત્સુક છે કે સપ્ટેમ્બરમાં ખરેખર શું થશે. વડાપ્રધાન ટ્રુડોના ત્રણ સંતાનો ઓન્ટેરિયોની પબ્લિક સ્કુલમાં ભણી રહ્યા છે. ઓન્ટેરિયોએ તો જુલાઈના અંતથી જ શાળાઓ ફરીથી શરૂ કરવાની તૈયારી દર્શાવીને વાલીઓની ટીકા મેળવી હતી. જયારે વર્ગખંડ નાના રાખવાની અને ફીઝીકલ ડીસ્ટન્સીંગ જાળવવાની પણ ટીકાકારોએ ટકોર કરી હતી.

સોમવારે ઓન્ટેરિયોની સરકારે ટોરન્ટો ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડની કલાસરૂમ નાના કરાયા હોવાથી વધારાના ૨૦૦ શિક્ષકો રાખવાની માંગણીને નકારી કાઢી હતી. ઓન્ટેરિયોના ચીફ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. ડેવિડ વિલિયમ્સે પ્રાંતની યોજના પર મંજુરીની મહોર લગાડી હતી પણ જોખમ વિનાની કોઈ ગોઠવણ હોવાનો ઈન્કાર કર્યો હતો. મંગળવારે પોતાની વાત મુકતા ટ્રુડોએ પણ કહ્યું હતું કે, ઘણી એવી બાબતો છે જેનો ખુલાસો વાલીઓ માંગી રહ્યા છે.






# અલ્બર્ટાના કેલગેરી ખાતે નવા બાપ્સ સ્વામીનારાયણ મંદિરનો શિલાન્યાસ

## સમાજ, પ્રાંત અને દેશની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ



કેલગેરી : અલ્બર્ટાના કેલગેરી ખાતે રવિવાર, તા.૧૬મી ઓગસ્ટે નવા બાપ્સ શ્રી સ્વામીનારાયણ મંદિરનો શિલાન્યાસ અને પુજનની ઐતિહાસિકવિધિ સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે યોજાઈ હતી. આ સમારંભમાં બાપ્સ સ્વામીનારાયણ મંદિર, ટોરન્ટોના સ્વામીઓ તથા ભારતથી આવેલા બાપ્સના સ્વામીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ટેલીવિઝન પ્રસારણ મંદિરની સાઈટ પરથી થયું હતું. જેમાં વિશ્વભરના હજારો શ્રધ્ધાળુઓ, સમાજના આગેવાનો, મિત્રો અને શુભેચ્છકોએ પોતાના ઘરમાં રહીને લાભ લીધો હતો. પરંપરાગત વિધિઓમાં શિલાન્યાસનીવિધિ ઉપરાંત વેદિક મંત્રોચ્ચાર સાથે સમાજ, પ્રાંત તથા દેશની સુખાકારી માટે પ્રાર્થનાનો સમાવેશ થતો હતો. આ પ્રસંગે અલ્બર્ટાના પ્રિમીયર જેસન કેને, પ્રિમીયર ઓફ અલ્બર્ટા એન્ડ મેયર અને નાહિદ નેનશી- મેયર ઓફ સીટી ઓફ કેલગેરી જેવા મહાનુભાવોએ પોતાની શુભેચ્છાઓ પાઠવીને આ ઐતિહાસિક સમારંભને આવકાર્યો હતો.

### આ સ્થળ સૌહાર્દ અને પ્રેમનું પ્રતિક બનશે : પ્રીમીયર

અલ્બર્ટાના પ્રિમીયર જેસન કેનેએ કહ્યું હતું કે, બાપ્સ સમુદાય પોતાના કાર્યોથી આગળ રહે છે. એ લોકો સમાજની સેવામાં હંમેશા પ્રદાન કરે છે. આ મંદિર આવનારી પેઢીઓ માટે યાદગાર બની રહેશે. કેલગેરીમાં બનનારા મંદિરમાં આબાલ વૃ ધ્ધો માટે અનેક પ્રવત્તિ થશે. જેમાં બાળકો અને યુવાનો માટે ભાષાના વર્ગો, સંગીતના વર્ગો, હિંદુ પરંપરાની જાળવણી અને આધ્યાત્મીક કાર્યક્રમોનો સમાવેશ થશે. આ સ્થળ સૌહાર્દ અને પ્રેમના પ્રતિક તરીકે દરેક શ્રધ્ધાળુ માટે ખુલ્લું રહેશે. આ પ્રસંગે ભારતથી આવેલા મહંત સ્વામી મહારાજે કહ્યું હતું કે,' કેલગેરી જેવા ઠંડા પ્રદેશમાં સંપન્ન થયેલી શિલાન્યાસ વિધિમાં જે દરેક શ્રધ્ધાળુએ પોતાની આર્થિક, શારીરિક અને માનસિક સેવા આપી છે તેઓ ધન્યવાદને પાત્ર છે અને ભવિષ્યમાં પણ મંદિરનું કામ પુર્ણ થાય ત્યાં સુધી સેવા આપતા રહેશે એવો મને વિશ્વાસ છે.




# ક્રિસ્ટીયા ફ્રીલેન્ડે દેશના નવા નાણાંમંત્રી તરીકે શપથ લીધા

• ઈન્ટર ગવર્નમેન્ટલ અફેર્સનો હવાલો લિબરલ એમપી ડોમનિક લઉબ્લાન્કને સોંપાયો

ઓટાવા : કેનેડાના નવા નાણાં મંત્રી તરીકે ક્રિસ્ટીયા ફ્રીલેન્ડે શપથ ગ્રહણ કર્યા હતા. તેઓ કોવિડ -૧૯ની મહામારી બાદ કેનેડાના અર્થતંત્રને ફરીથી બેઠું કરવાની પડકારજનક જવાબદારી સંભાળશે. મંગળવારે રીડેઉ હોલ ખાતે યોજાયેલા સમારંભમાં ક્રિસ્ટીયાની સત્તાવાર નિમણુંક થઈ હતી. બિલ મોર્નેઉએ સોમવારની સાંજે નાણામંત્રીનું પદ છોડયું હતું. મીડિયામાં મંગળવારે સવારે આ જાહેરાત સાથએ જણાવ્યું હતું કે, કેનેડાના પ્રથમ મહિલા નાણામંત્રી તરીકે ક્રિસ્ટીયા ફ્રીલેન્ડે હોદ્દો સંભાળ્યો છે. આ ઉપરાંત તેઓ નાયબ વડાપ્રધાનનું પદ પણ જાળવી રાખશે. પરંતુ અગાઉનો ઈન્ટર ગવર્નમેન્ટલ અફેર્સનો હવાલો હવે વરિષ્ઠ લિબરલ એમપી ડોમનિક લઉબ્લાન્કને સોંપાયો છે. જેમણે જુલાઈ ૨૦૧૮થી નવેમ્બર ૨૦૧૯ સુધી એ ખાતુ સંભાળ્યું હતું. તેઓ હવે પ્રિવિ કાઉન્સીલના વડા તરીકે પણ કામ કરશે. ક્રિસ્ટીના ફ્રીલેન્ડ રાજકારણમાં પ્રવેશ પહેલા બિઝનેસ રીપોર્ટર અને એડીટર તરીકે પત્રકારત્વના ક્ષેત્રમાં કાર્યરત હતા.

# કેનેડા અને અમેરિકા વચ્ચે સરહદો બંધ રાખવાની મુદત વધુ એક માસ લંબાવાઈ

• હજારો અમેરિકનો હજુ કેનેડામાં ખરીદી અને મનોરંજન માટે જવા તલપાપડ, ૧૨ હજારથી વધુને પરત મોકલાયા

ઓટાવા : જયારથી કેનેડા અને અમેરિકાએ સરહદો બંધ રાખવાની મુદત વધુ એક માસ માટે લંબાવી છે. ૧૨ હજારથી વધુ અમેરિકનોને સરહદથી દૂર રખાયા છે. જે પૈકીના અડધા તો કોરોનાની મહામારી વચ્ચે પણ કેનેડામાં હરવા ફરવા અને ખરીદી કરવાના હેતુથી આવવા માંગતા હતા. ગયા મહિને જયારથી મીડિયાએ પહેલીવાર આ વિશેના સમાચાર આપ્યા હતા ત્યારથી આ આંકડો વધી રહ્યો છે અને અંદાજે ૧૦ હજાર અમેરિકન નાગરિકોએ સરહદ પાર કરીને કેનેડામાં પ્રવેશવાના પ્રયાસો કર્યા હતા.

કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી (સીએબીસી)એ મીડિયાને આપેલી જાણકારી મુજબના છેલ્લા આંકડાઓ દર્શાવે છે કે, ૧૨૮૧૯ અમેરિકન નાગરિકોને ૨૨મી માર્ચથી પાંચમી ઓગસ્ટ દરમિયાન સરહદ પરથી પાછા વાળવામાં આવ્યા હતા. એ પૈકીના ચોથાભાગના તો કેનેડામાં માત્ર ફરવા આવવા માંગતા હતા. જયારે ૬૦૦૦ અમેરિકન નાગરિકો અન્ય કારણસર કેનેડામાં આવવા માંગતા હતા.

૩૬૫૮ લોકો પ્રવાસના હેતુથી કેનેડામાં સાઈટ સીઈંગ માટે આવવા માંગતા હતા. એ ઉપરાંત મનોરંજન માટે આવનારાઓની સંખ્યા પણ ૧૫૦૦થી વધુ હતી. એ રીતે જ ૧૩૦૦ લોકો માત્ર આનંદપ્રમોદ માટે અને ૫૦૦ લોકો ખરીદી માટે કેનેડા આવવા માંગતા હતા. માર્ચ માસથી કેનેડાએ અમેરિકા સાથેની સરહદ બંધ કરી હતી.

# કોરોનાને કારણે ચિંતા છતાં બાળકોને ફરી શાળાએ મોકલવા વાલીઓ તૈયાર : સરવે

• કોવિ-૧૯ના કેસ નોંધાય તો શાળાઓ તરત જ બંધ કરવાનો અભિપ્રાય

ઓટાવા : શાળાઓ ફરીથી શરૂ થયાના ગણતરીના અઠવાડિયામાં કરાયેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, મોટાભાગના વાલીઓ ચિંતીત હોવા છતાં પોતાના બાળકોને ફરીથી શાળામાં મોકલવા તૈયાર છે. છતાં ઘણાં એવો મત પણ વ્યકત કરે છે કે, જો કોવિડ -૧૯ના નવા કેસો નોંધાય તો શાળાઓ તરત જ બંધ કરી દેવી જોઈએ.

લેજર એન્ડ એસોસિયેશન ફોર કેનેડીયન સ્ટડીઝે હાથ ધરેલા સર્વેક્ષણમા વાલીઓના મિજાજનો ખ્યાલ આવે છે. પ્રાંતમાં કોવિડ -૧૯ની મહામારી બાદ બંધ કરાયેલી શાળાઓ ફરીથી શરૂ કરવાનો નિર્ણય આવ્યો ત્યારે વાલીઓ શું અનુભવે છે તે વિશે સરવે થયો છે. સર્વેક્ષણમાં જોવા મળ્યું છે કે, ૬૬ ટકા એવા લોકો છે જેમણે પોતાના બાળકોને ફરીથી શાળાએ મોકલવાનું શરૂ કર્યું છે પણ ૬૩ ટકા લોકો કોઈ પણ રીતે તેઓ બાળકોને શાળામાં મોકલવા માંગે છે. જો કે ૬૯ ટકા એવું માને છે કે જો લોકોમાં હજુ પણ કોવિડ -૧૯ના કેસ જોવા મળે તો તરત જ શાળાઓ બંધ કરી ઘરેથી જ શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. ૧૯ ટકા લોકો માને છે કે, શાળાઓ ચાલુ રાખવી જોઈએ. જયારે ૧૨ ટકા લોકો અનિશ્ચિત છે. પુખ્તવયના ૧૫૧૦ કેનેડીયનોએ સરવેમાં ભાગ લીધો હતો. જેમાં ૩૮૫ વાલીઓ હતા. આ સર્વેક્ષણ ૧૪મી ઓગસ્ટથી ૧૬મી ઓગસ્ટ દરમિયાન ઈન્ટરનેટના માધ્યમથી કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણના તારણમાં વાલીઓની ચિંતા જોવા મળી હતી.



# મહેન્દ્રસિંહ ધોની : ભારતીય ક્રિકેટ જગતનો સૌથી સફળ સુકાની

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતીય ક્રિકેટ જગતમાં એક સફળ સુકાની તરીકે પુરવાર થયેલા મહેન્દ્રસિંહ ધોનીએ આખરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. ધોની ટેસ્ટમાંથી પહેલાં જ વિદાય લઈ ચૂક્યો હતો અને હવે એ ટી-૨૦ અને વન ડે મેચમાં પણ નહીં રમે. જો કે, હજી તે આઈપીએલમાં રમશે. ધોનીની વિદાય સાથે ભારતીય ક્રિકેટનો એક યુગ પૂરો થયો છે એવું ચોક્કસ કહી શકાય. ધોનીએ નિઃશંકપણે ભારતીય ક્રિકેટના મહાનતમ ક્રિકેટરોમાં સ્થાન મેળવ્યું છે. ક્રિકેટમાં એ ટીમ તાકાતવર ગણાય છે કે, જે બીજા દેશની ધરતી પર જઈને ફતેહના ઝંડા રોપે. સુનિલ ગાવસકર, કપિલદેવ, ભગવત ચંદ્રશેખર, અનિલ કુમ્બલે, સચિન તેંડુલકર જેવા ગણતરીના ક્રિકેટરો આ કેટેગરીમાં આવે છે. હવે ધોનીને આ કેટેગરીમાં ગણવો જ પડે તેમ છે. ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી ૨૦૦૪માં થઈ. ધોનીએ ક્રિકેટર તરીકે પોતાની તાકાત પહેલાં જ સાબિત કરી દીધી હતી અને તેના જોરે જ એ કેપ્ટન બન્યો હતો. ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપમાં જીત અપાવીને ધોનીએ ધમાકો કર્યો પછી તેની અસલી કારકિર્દી શરૂ થઈ.

ધોનીએ ભારતને જેટલી મોટી ટુર્નામેન્ટ્સ જીતાડી એટલી ટુર્નામેન્ટ બીજો કોઈ કેપ્ટન ભારતને નથી જીતાડી શક્યો. ધોની એક માત્ર એવો કેપ્ટન છે કે, જેણે ભારતને વન ડે વર્લ્ડકપ અને ટી -૨૦ વર્લ્ડકપ બંને જીતાડ્યા હોય. મિનિ વર્લ્ડકપ ગણાતી ચેમ્પિયન્સ ટ્રોફી પણ ભારત ધોનીના નેતૃત્વમાં જીત્યું છે. લાંબો સમય સુધી વિકેટ કીપિંગ કર્યા પછી પણ જબરદસ્ત તાકાતથી બેટિંગ કરીને જીતાડવું એ વાત મોટી છે. ધોનીના આ યોગદાનને કારણે જ તેની નિવૃત્તિની જાહેરાત પછી દેશ વિદેશના ખેલાડીઓ, રાજનેતાઓ અને અગ્રણીઓએ તેને બિરદાવ્યો છે. ખુદ વડાપ્રધાન મોદીએ પણ ગુરુવારે એક પત્ર લખી નોંધ્યું હતુ કે, ધોનીના આ જાહેરાતથી દેશના ૧૩૦ કરોડ લોકો નિરાશ થયા છે. ધોની એક શ્રેષ્ઠ ખેલાડી છે. અને તેણે સદાય ભારતનું ગૌરવ વધારવા કામ કર્યું છે. આ અગાઉ લક્ષ્મણ, સચીન તેંડુલકર, કોહલી સહિતના અનેક ખેલાડીએ પણ ધોનીની પ્રંશસા કરી હતી. ભારતીય કોર્પોરેટ જગતના માંધાતા પૈકી એક ઈન્ફોસીસના નારાયણ મૂર્તિએ મીડિયા સમક્ષ ધોનીની પ્રશંસા કરી હતી.

નારાયણ મૂર્તિના લેખમાં ધોનીના પ્રદર્શન અને તેની ઉપલબ્ધિઓ વિશે ચર્ચા કરતા લખાયું છે કે, નેતૃત્વ વિશે ભારતના કોર્પોરેટ જગતે પણ ધોની પાસેથી શીખવું જોઈએ. મૂર્તિએ લખ્યું કે, 'હું હંમેશાં માનું છું કે પ્રદર્શનથી ઓળખ મળતી હોય છે. ઓળખથી સન્માન મળે અને સન્માનથી તાકાત મળતી હોય છે. ભારતને વૈશ્વિક સ્તરે શક્તિશાળી બનવા માટે આર્થિક પ્રદર્શનનું ઘણું મહત્વ છે. મહેન્દ્રસિંહ ધોની ભારતના સૌથી સફળ કેપ્ટન રહી ચૂક્યો છે, તેણે ક્રિકેટમાં પણ આ વાત સાબિત કરી છે. નારાયણા મૂર્તિએ તેના લેખમાં વધુમાં નોંધ્યું છે કે, વાત માત્ર પ્રદર્શનની જ નથી, પરંતુ ધોની સાથે ઘણી વસ્તુઓ સંકળાયેલી છે. ધોનીની સફળતા અને કાર્યશૈલી ૧.૩ અબજ ભારતીયમાં રહેલી સંભાવનાઓને આગળ વધવા પ્રેરણા આપે છે. પછી ભલે તે ગામમાં રહેતો હોય કે શહેરમાં, ધનિક હોય કે ગરીબ, ખૂબ જ ભણેલા કે અભણ, ધોનીએ બધાને સાથે રાખ્યા છે. તેની બહેન, મિત્રો, ડ્રાઈવરો અને સુરક્ષા રક્ષકો બધા ધોનીની સફળતા માટે પ્રાર્થના કરે છે. છેવટે, તે ભારતીય ક્રિકેટનો સ્ટાર છે. નારાયણ મૂર્તિએ ધોની અને ઈન્ફોસિસ બંનેની સમાનતા અંગે ચર્ચા કરતા તે લેખમાં નોંધ્યું હતુ કે, ધોની અને ઈન્ફોસિસ બંનેનો જન્મ ૭ જુલાઈ ૧૯૮૧ના રોજ થયો હતો. ઈન્ફોસીઝે પણ સરળ રીતે શરૂઆત કરી હતી. ધોનીની જેમ. જો કે, ધોની એક નાનકડા શહેરનો હતો અને ગાજતો હતો. તેણે બતાવ્યું કે ભલે તે મધ્યમ વર્ગના કુટુંબમાંથી આવે, જો તે સખત મહેનત કરે, જો તે વધુ મહેનત કરે તો પણ તે સફળ થઈ શકે છે. ધોની સર્વશ્રેષ્ઠ નેતા છે અને કોર્પોરેટ ઈન્ડિયા તેની મેચ જોઈને જ તેની પાસેથી ઘણું શીખી શકે છે. કોઈ નેતાની પ્રથમ જવાબદારી એક મોટું સ્વપ્ન બતાવવું, તેની સ્પષ્ટતા દર્શાવવી, લોકોની આકાંક્ષાઓ, વિશ્વાસ, ગૌરવ, અપેક્ષા પુરુ કરવી કે વધારવાની હોય છે. ધોનીએ તે કરી બતાવ્યું છે. ૨૦૦૭માં જ્યારે ધોનીએ પાકિસ્તાન સામે ભારતને વર્લ્ડ ટી-૨૦નો ખિતાબ જીત્યો ત્યારે તેણે આખા દેશની માનસિકતા બદલી નાખી હતી.ધોનીએ સાથી ખેલાડીઓને પણ પ્રેરણા આપી છે. યુવરાજ સિંહ અને સુરેશ રૈનાને ઉત્તમ બનાવવામાં તેનું માર્ગદર્શન નોંધનીય રહ્યું છે. મૂર્તિએ લખ્યું કે, "ધોનીની બેટિંગની પ્રશંસા કરવા માટે સુનિલ ગાવસ્કરનું વિધાન વાંચવા જેવું છે. સુનીલ ગવાસ્કર જેવા ખેલાડીએ કહ્યું હતુ કે, તે પોતાના જીવનની છેલ્લી ઘડીમાં ૨૦૧૧ના વર્લ્ડ કપમાં ધોનીએ મારેલી સિક્સ જોવા માંગશે. જ્યારે આક્રમકતાની જરૂર હતી, ત્યારે ધોની પણ તે બતાવતો હતો. એક વિશ્વાસપાત્ર નેતા સફળતા સાથે ટીમનું નેતૃત્વ કરી શકે તેનું ઉદાહરણ ધોની છે. ભારતના નેતાઓ માટે પણ તે અનુકરણીય બનવું જોઈએ.

# હવે દિકરીનું ઔચિત્ય પુત્ર જેટલું જ પિતાની સંપતિમાં સમાન અધિકાર

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા હવે પુત્રીઓનો પણ પિતાની સંપત્તિમાં પુત્રોની જેમ એકસમાન હિસ્સો રહેશે. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે હિન્દુ ઉત્તરાધિકાર સંશોધન કાયદો, ૨૦૦૫ લાગુ થયા પહેલા પણ જો પિતાનું મૃત્યુ થયું હોય તો પણ તેમની પુત્રીઓનો પૈતૃક સંપત્તિ પર અધિકાર હશે. સુપ્રીમ કોર્ટમાં આવેલી યાચિકાઓમાં સવાલ કરવામાં આવ્યો હતો કે, ૨૦૦૫માં સંશોધિત કાયદાને લાગુ કર્યા પહેલા પિતાનું નિધન થઈ ગયું હોય એવા કેસમાં પુત્રીઓનો પૈતૃક સંપત્તિ પર અધિકાર હશે કે નહીં ? આ અંગે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આ કાયદો દરેક સ્થિતિમાં લાગુ થશે. સુપ્રીમ કોર્ટે હિન્દુ ઉત્તરાધિકાર કાયદામાં ૨૦૦૫માં થયેલા સંશોધનની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, સંશોધન પહેલા પણ પિતાનું મૃત્યુ થયું હોય એ સંજોગોમાં પણ પુત્રીઓને પિતાની સંપત્તિમાં સરખો હિસ્સો મળશે. કોર્ટે કહ્યું કે પુત્રીઓ જીવનભર પ્રેમાળ પુત્રી જ રહે છે અને પુત્રીઓને પણ પુત્રોની જેમ એકસમાન અધિકાર મળવા જોઈએ. પુત્રીઓનો પિતાની સંપત્તિ ઉપર પણ હક છે. એનો અર્થ એ કે જો પુત્રીના બાળકો ઇચ્છે તો પોતાની માના પિતાની પૈતૃક સંપત્તિમાં પણ હિસ્સો માંગી શકે છે. ખરેખર તો આ સંપત્તિમાં સમાન અધિકારનો જ નહીં, પરંતુ સમાનતાની દૃષ્ટિએ પણ મહિલાઓની તરફેણમાં મહત્વનો ચુકાદો છે. પિતાની સંપત્તિમાં પુત્રીનો સમાન અધિકાર હોવો જોઈએ કે નહીં એ અંગે લાંબા સમયથી ચર્ચા ચાલતી આવી છે. કાયદાકીય રીતે હિન્દુ ઉત્તરાધિકાર કાયદો, ૧૯૫૬ લાગુ રહ્યો હતો. જેમાં પુત્રીઓને પિતાની સંપત્તિમાં એકસમાન અધિકાર નહોતો. પરંતુ સતત સામાજિક અને રાજકીય ચર્ચાઓનું પરિણામ એ આવ્યું કે વર્ષ ૨૦૦૫માં હિન્દુ ઉત્તરાધિકાર કાયદામાં સંશોધન કરવામાં આવ્યું અને પુત્રીઓને પણ પિતાની સંપત્તિમાં એકસમાન અધિકાર આપવામાં આવ્યો છે



manoj1968@yahoo.ca







# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) **$8.00 +Tax**

Limited થાળી (without sweet & Farsan) **$6.50 +Tax**

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

**$12.99 (M-T) / $14.99 (F-S)**

**CATERING SPECIAL**
**$ 6.99 10 items**
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

**Call : Tushar Shah - 416-434-8121**
**ગુજરાત ભવન - 416-913-7184**

**4694 Kingston Road, Scarborough.**

# સ્વાતંત્ર્ય પર્વે મિલ્ટનમાં ગૂંજ્યા જય હિંદ-જય કેનેડાના નાદ

## હોલ્ટન ગુજરાતી સીનીયર્સ સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો સાથે ભારતના ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી

**• મિલ્ટન ગામમાં મેયર તથા કાઉંસેલર્સની મંજુરીથી ભારતનો તિરંગો ત્રણ દિવસ લહેરાવાયો**



હોલ્ટન : હોલટન ગુજરાતી સીનીયર્સ સમાજે, ૧૫મી ઓગસ્ટે સવારે દશ વાગ્યે, ઓન્ટેરિયો,- હોલટન રીજનના, મિલ્ટન ગામ, પોલિટિશયની હાજરીમાં ભારતના ૭૪માં સ્વાત્રર્ય દિનની ઉજવણી કરી હતી. આ તકે મેયર તથા કાઉંસેલર્સની મંજુરીથી ભારતનો તિરંગો ત્રણ દિવસ આન, બાન અને શાન સાથે મિલ્ટન ગામમાં લહેરાવાયો હતો. કોરોનાના ચેપનું જોખમ, ધ્યાનમાં રાખી એચ.જી.એસ.એસ.ની કમીટીએ સામાજિક અંતર જાળવવા સાથે સૌએ માસ્ક પહેર્યા હતા. આ દિનની ઉજવણીમાં કેનેડા, ઓન્ટેરિયો, હોલ્ટન રિજિયન, તથા મિલ્ટન ગામના સરકાર અધિકારીઓની હાજરી પણ રહી હતી. સવારે દશ વાગ્યે અલ્પેશભાઈ પટેલ તથા ભારતના રીટાયર્ડ કોમેંડર હરદાલ શીંગના હસ્તે ધ્વજવંદન કરાયુ અને રાષ્ટ્રીય ભાવના જાગૃત કરતાં સુંદર રાષ્ટ્રીય ગીતની પ્રસ્તુતિ કરાઈ હતી. મિલ્ટનના સ્વયંસેવક સંઘનાં દરપનભાઈ પટેલે આઝાદીના લડવૈયાની યાદમાં બે મિનીટ મૌન રાખવા સર્વેને વીંનતી કરતા સૌએ મૌન પાળ્યુ હતુ. જે બાદ જય હિદ-જય કેનેડા નાદ સાથે કાયક્રમ શરુ થયો હતો. આ શુભ દીને દરેકની હાજરીમાં મેયરે પ્રમાણપત્ર સંદેશો વાચ્યો હતો. જેમાં તેણે “ હું મિલ્ટન ટાઉનના મેયર ગોર્ડન ગ્રાંઝ, તારીખ ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૦ શુભ દીને, મિલ્ટન ટાઉનમાં, ભારતના સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવું છુ તેમ જણાવ્યું હતુ. મીનાબેને તેમનો અભાર માની સૌનું સ્વાગત કરીને અભિનંદન પાઠવ્યા હતા.


**WANTED HOUSE KEEPER**

Live in house keeper needed for a religious vegetarian hindu family and looking after the house.
Must be pure vegetarian.
**Couple or single lady over 40 years welcome.**
Contact : Jaimala Gelda (416) 569-7795

**ઘરની સાર સંભાળ રાખનાર જોઈએ છે**

શાકાહારી, હિન્દુ, ધાર્મિક પરિવારને ઘરની સારસંભાળ રાખી શકે તેવા વ્યક્તિની જરૂર છે. શુદ્ધ શાકાહારી હોવું જરૂરી છે. કપલ અથવા ૪૦ વર્ષથી ઉપરની મહિલા પણ ચાલશે.
સંપર્ક કરો : જયમાલા ગેલડા : (416) 569-7795

**WANTED DESK + ORDER PICKER FOR A FOOD WAREHOUSE.**

Full time Qualified experienced order desk + order picker for a food warehouse. Permanent job opportunity. Person with computer knowledge of excel for order desk and order picker for food warehouse.
Contact person- Kesh Gelda (416) 399-7795.
Email your resume : Kesh@gelda.com

**ADS GAS SERVICES AND INSTALLATIONS INC.**

- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
416.988.5784
Email:adsgasservice@gmail.com
www.adsgas.ca
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

**THANK YOU FRONTLINE WORKERS**

MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.79%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. | Pranay Jani * | Nilesh Tailor * | Tushar Patel* | Bala Shah* | Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com
Cell : 416-616-1300

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# ટોરન્ટોમાં ધ્વજવંદન અને રાષ્ટ્રગીત ગાન સાથે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



## • આમંત્રિત મહેમાનોએ પ્રાસંગિક પ્રવચન સાથે દેશદાઝની ભાવના પ્રગટ કરી

ટોરન્ટો : ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે ટોરન્ટો શહેરની મધ્યે ધ્વજ વંદન કરી ભારતના સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જ્યાં ભારત અને કેનેડાના રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતુ. આ સાથે જ જન્મભૂમિ ભારત અને કર્મભૂમિ કેનેડા બંને રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ અને સન્માનની લાગણી સૌએ વ્યક્ત કરી હતી.

આ સમારોહ ૪૯- સિલ્વર સ્ટોન ડ્રાઈવ, ઈટોબિકોકની સામે હાઈફિલ્ડ પાર્કના ખુલ્લાં મેદાનમાં યોજાયો હતો. જેમાં ૪૫ લોકોએ હાજરી આપી હતી.

જ્યારે ઁછઝના વાઈસ પ્રેસિડેન્ટ રાજેશભાઈ શાહ, અને અન્ય ઉત્સાહી કાર્યકરો આશિષ કવિ અને સંજય શાહ તથા અન્ય આમંત્રિત મહેમાનોએ પ્રસંગોચિત પ્રવચન કરી કાર્યક્રમને દેશભક્તિથી તરબોળ કરી દીધો હતો.

અંતે ભારતા માતા કી જયના નારા ગૂંજવ્યા બાદ આભારવિધિ કરાઈ હતી.

# હવાઈ પ્રવાસને પ્રોત્સાહિત કરવા નિયમો સુધારાશે

મોન્ટ્રીયલ : એર કેનેડાએ એરોપ્લેન લોયલ્ટી પ્રોગ્રામની સુધારણા કરી વિમાનપ્રવાસને પ્રોત્સાહિત કરવા વિચાર્યું છે. એરલાઈને કહ્યું હતુ કે, એરોપ્લાન મેમ્બર્સ માટે આ સુધારણા સરળ હશે. આ પ્લાન ૮મી નવેમ્બરથી શરૂ થશે અને સભ્યોના એકાઉન્ટ નંબર એના એ જ રહેશે અને એમને લોયલ્ટી પોઈન્ટસ મળશે. બધા હવાઈયાત્રાના અંતર આ યોજના હેઠળ ગણતરીમાં લેવાશે અને વન ટુ વનના ધોરણે એનો લાભ મળશે. જેમાં અન્ય એરલાઈનના સરચાર્જ, ફયુલ ચાર્જીસ અને બધા ફલાઈટ રીવોર્ડસ મળશે. જે એર કેનેડા આપશે. એરલાઈને કહ્યું હતું કે, આ પ્લાનના બધા સભ્યોના એરોપ્લાન પોઈન્ટસ સંયુકત રીતે મળશે. એર કેનેડાએ એરોપ્લાનની ફેરરચના એરલાઈનના ૨૦૧૯ના લોયલ્ટી પ્રોગ્રામ મુજબ હશે તેમ ઉમેર્યુ છે.

# મસ્જીદો ઉપર હુમલા અંગે તપાસ કરવા ઈસ્લામિક સંગઠનોની માંગ

## • પોલીસ તપાસ દીશા વિહિન હોવાનો નેશનલ કાઉન્સીલ ઓફ કેનેડીયન મુસ્લીમ્સના સીઈઓનો આક્ષેપ

ટોરન્ટો: ઈસ્લામિક સંગઠનોએ એવી માંગણી કરી હતી કે, તાજેતરમાં મસ્જીદો ઉપર હુમલાની ઘટનાઓને પગલે ટોરન્ટો પોલીસે મુસ્લિમ સમાજને સુરક્ષા પુરી પાડવી જોઈએ. ટોરન્ટોના ડાઉનટાઉન વિસ્તારમાં આવેલી મસ્જીદ ટોરન્ટો ઉપર દર બે મહિને હુમલાઓ થયા હતા. આમ છેલ્લા ત્રણ માસમાં છ વખત હુમલા થયા હતા. આવા હુમલાઓમાં તોડફોડ, મસ્જીદની બારીઓ તોડવાની અને દિવાલો પર જાતિવાદી ચીતરામણો કરવા જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે.

સોમવારે પણ એક મસ્જીદની બારીઓ તોડવામાં આવી હતી. જે બારીઓ ફરીથી લગાડીને સમારકામ થઈ જશે એમ છેલ્લા ત્રણ અઠવાડિયામાં ત્રીજી વાર થયું છે એમ મુસ્લિમ એસોસિયેશન ઓફ કેનેડાએ પોતાની વેબસાઈટ ઉપર એક નિવેદનમાં જણાવ્યું હતું. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે બની રહેલી ઘટનાઓથી જે રીતે ડરનો માહોલ વધી રહ્યો છે એ જોતાં પોલીસ પગલા ઝડપથી લેવાવા જોઈએ. સંગઠને સત્તાવાળાઓને જરૂરી સુરક્ષા ઝડપથી આપવા પણ માંગણી કરી હતી. ટોરન્ટો પોલીસના પ્રવકતા જેનીફરજીત સિધ્ધુએ જણાવ્યું હતું કે પોલીસને આવી ઘટનાઓની જાણ છે અને જુનથી અત્યાર સુધીની ઘટનાઓની ઉંડાણથી તપાસ થઈ ચૂકી છે પણ એકેય ઘટનામાં નફરતથી પ્રેરીત હોવાના પુરાવાઓ મળ્યા નથી.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ૨૯મી જુલાઈએ મસ્જીદ ઉપર ઈંટ ફેંકવાની ઘટના સંદર્ભે એક વ્યકિતની ધરપકડ થઈ હતી. જયારે એમએસીના જણાવ્યા મુજબ નવી ઘટનાની પણ પોલીસને જાણ કરી હતી. ટોરન્ટો પોલીસ એનો ઈન્કાર કરે છે. નેશનલ કાઉન્સીલ ઓફ કેનેડીયન મુસ્લીમ્સના સીઈઓ મુસ્તફા ફારૂકે મીડિયાને જણાવ્યું હતું કે મસ્જીદ ઉપર હુમલાના કેસમાં પોલીસ તપાસ દિશાહીન છે. પોલીસ નફરતને કારણે થતા હુમલાની વાતને સ્વીકારતી નથી. મહત્વનું એ છે કે, આવી ઘટનાઓ થતી જ રહે છે છતાં પોલીસે મસ્જીદોને પુરતી સુરક્ષા આપી નથી.


Imperial PEST CONTROL



Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)



AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતમાં કોરોના ૧૬ને ભરખી ગયો, ૧૧૭૫ સંક્રમિત

## અત્યાર સુધીમાં ૨૮૫૫ લોકોના મૃત્યુ, રાજ્યમાં કુલ ૬૫૯૫૩ લોકો સાજા થતા રજા અપાઈ, ૮૬ની હાલત ગંભીર

ગાંધીનગર : રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૮૫૮૧ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૭૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૮૩ હજારને પાર થઈ ચુક્યો છે. રાજ્યમાં ગુરુવારે કોરોનાને લીધે ૧૬ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૮૫૫ થયો છે. રાજ્યમાં આજે ૧૧૨૩ દર્દી ડિસ્ચાર્જ કરાતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૫૯૫૩ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૪૫૪ કેસ એક્ટિવ છે. જેમાં ૮૬ વેન્ટીલેટર પર અને ૧૪૩૬૮ કેસ સ્ટેબલ છે. રાજ્યમાં એક હજારને પાર કોરોના પોઝિટિવના દૈનિક કેસનો સીલસીલો ૨૧મી જુલાઈથી યથાવત રહેતા એક મહિનો આજે પુરો થયો છે. રાજ્યના આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે આજે ૧૬ના મોત નોંધાયા છે.



અમદાવાદ શહેરમાં ૧૫૫ અને જિલ્લામાં ૧૭ સાથે કુલ ૧૭૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. આજે વધુ ૪ના સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૯૬૬૫ થયો છે. આજે ૪ વધુ મોત થતા ૧૬૭૪ મોત કુલ થયા છે. સુરત શહેરમાં ૧૬૩ અને જિલ્લામાં ૭૪ સાથે કુલ ૨૩૭ કોરોનાના કેસ આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૭૬૮૪ થયો છે. આજે વધુ ૭ મોત નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫૮૧ થયો છે. રાજ્યમાં ત્રીજા ક્રમે વડોદરા શહેરમાં ૯૨ અને જિલ્લામાં ૨૬ સાથે કુલ ૧૧૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૮૩૫ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૧૫ થયો છે. ચોથા ક્રમે રાજકોટમાં ૬૭ અને જિલ્લામાં ૩૧ કેસ સાથે ૯૮ કેસ નોંધાયા છે. આ સાથે સ્કમિતનો આંકડો ૩૬૫૬ થયો છે. આજે વધુ ૨ના મોત થતા મૃત્યુઆંક ૭૩ થયો છે. પાંચમાં ક્રમે ભાવનગર શહેરમાં ૨૭ અને જિલ્લામાં ૨૮ સાથે ૫૫ કેસ નોંધાયા છે. આ સાથે ૨૨૮૦ કુલ કેસ થયા છે.

## અમદાવાદમાં ૫૧ પોલીસ કર્મચારીના રિપોર્ટ પોઝિટિવ

અમદાવાદ : અમદાવાદના દરેક પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મીઓના છેલ્લા ત્રણેક દિવસથી ૭૫૦૦ જણાના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી અત્યાર સુધી કરેલા ટેસ્ટમાંથી ૫૧ પોલીસકર્મીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાં પોલીસકર્મીઓના કોરોના ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે.જેમાંથી ૫૧ પોલીસકર્મીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમને સારવાર માટે હોસ્પિટલ તો કેટલાકને ક્વોરન્ટીન પણ કરવામાં આવ્યા છે. હજુ પણ આગામી ત્રણેક દિવસ સુધી આ પ્રકારે પોલીસકર્મીઓના ટેસ્ટ કરવામાં આવશે. જેનાથી ખબર પડશે કે અમદાવાદમાં ફરજ બજાવતા કેટલા પોલીસકર્મીઓને પોઝિટિવ છે.

## સુરતમાં સ્મીમેર અને સિવિલમાં ૧૯૨ દર્દીની હાલત ગંભીર

સુરતમાં કોરોના ઘાતક યથાવત રહેવા પામી છે. આવા સંજોગોના લીધે ગંભીર હાલતના દર્દીઓની સંખ્યામાં ધીરેધીરે ઘટાડો થઈ રહ્યો છે. નવી સિવિલ અને કોવિડ હોસ્પિટલમાં વોર્ડમાં આજરોજ ૧૩૨ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે, તે પૈકી ૧૧૬ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૯ વેન્ટિલેટર, ૨૪ બાઈપેપ અને ૮૩ દર્દીઓ ઓક્સિજન પર છે. જ્યારે સ્મીમેર હોસ્પિટલમાં આજ રોજ ૧૦૮ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે, તે પૈકી ૭૬ દર્દીઓની હાલત ગંભીર છે. જેમાં ૧૩ વેન્ટિલેટર,૧૭ બાઈપેપ અને ૪૬ દર્દીઓ ઓક્સિજન પર છે. જેથી બંને હોસ્પિટલ ડોક્ટરો અને નર્સીંગ સ્ટાફ સહિતની ટીમ રાતદિવસ ખડે પગે ઊભી છે.

## ઉત્તર ગુજરાતમાં કોરોના વાયરસના ૬૪ કેસ નોંધાયા

ઉત્તર ગુજરાતમાં કોરોના વાયરસ સંક્રમણનો કહેર ધીમા પગલે યથાવત જોવા મળી રહ્યો છે. બુધવારે બનાસકાંઠા જિલ્લામાં વધુ ૨૫, પાટણમાં ૨૨, મહેસાણા જિલ્લામાં ૧૦, સાબરકાંઠામાં ૫ અને અરવલ્લીમાં વધુ ૨ મળીને ઉત્તર ગુજરાતમાં કુલ ૬૪ નવા કોરોના પોઝિટિવ કેસ ઉમેરાયા હતા. તો પાટણ જિલ્લામાં મંગળવારે શંખેશ્વરના કોરોનાગ્રસ્ત આધેડનું ધારપુર સિવિલમાં કોરોનાની સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ પુન: માથું ઊંચકતાં પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે. કોરોના વાયરસના કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૧૦૦૦ને પાર પહોંચીને ૧૦૦૯ થયો છે.

## રાજકોટમાં એક દિવસમાં 33 કેસ અને ૧૧નાં મોત

રાજકોટ : જિલ્લામાં બુધવારે કોરોનાના વધુ 33 કેસ નોંધાયા હતા, જ્યારે વધુ ૧૧ દર્દીના કોરોનાથી મોત નીપજ્યા હતા, જેમાં ૧૦ દર્દીના સિવિલ હોસ્પિટલમાં અને એક દરદીનું ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પોઝિટિવ કેસની સાથોસાથ મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. રાજકોટમાં છેલ્લા ૧૦ દિવસમાં જ ૧૩૬ પર મૃત્યુઆંક પહોંચ્યો છે. રાજકોટ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા પણ ૪૨૦૦ નજીક પહોંચી ગઈ છે. જ્યારે તળાજામાં નગર પાલિકા પ્રમુખ,પ્રમુખ પતિ અને પરિવારના એક સભ્ય ઉપરાતં અન્ય ૧૩ જણા કોરોના પોઝિટિવ આવ્યા હતા.

## કોરોનાને કાબૂમાં લેવા શહેરોથી ગામડા સુધી રેપિડ એક્શન ટીમ

અમદાવાદ : મોદીએ ગુજરાતને ટેસ્ટિંગ વધારવાની સાથે ટ્રેકિંગ અને ટ્રેસિંગ પર વધુ ધ્યાન આપવાની ટકોર કરી હતી. જેના પગલે રાજ્ય સરકારે એક અલગ એક્શન પ્લાન બનાવ્યો છે, જેમાં શહેરોથી ગામડા સુધી રેપિડ એક્શન ટીમ બનાવી સંક્રમણ અટકાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ ટીમનું સતત મોનિટરિંગ થશે અને દર અઠવાડિયે તાલુકા–જિલ્લાના રિપોર્ટ છેક સરકાર સુધી પહોચાડાશે. એક તરફ કોરોના સંક્રમણમાં અમદાવાદ અને સુરત જેવા મહાનગરો ધીમે ધીમે પોઝિટિવ કેસ મામલે રાહત દેખાડી રહ્યા છે. જો કોમ્યુનિટી ટ્રાન્સમિશનની સ્થિતિ બની હોય તો તેને નિવારવા પ્લાન ઘડવામાં આવ્યો છે.

# દુબઈ-સિંગાપોરની જેમ હવે ગુજરાતમાં ૭૦ માળની ઈમારતોને મંજૂરી અપાશે

- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર એમ પાંચ મહાનગરો પુરતો જ આ નિયમ લાગુ પડશ

અમદાવાદ : રાજ્ય સરકારે ગુજરાતના મહાનગરોને આધુનિક ઓપ આપી વિશ્વકક્ષાના શહેરો સમકક્ષ બનાવવાનો માર્ગ મોકળો કર્યો છે. રાજ્યના પાંચ મહાનગરોમાં હવે સિંગાપોર-દુબઈની જેમ ગગનચૂંબી ઈમારતો-આઈકોનિક સ્ટ્રકચર્સના બાંધકામને પરવાનગી અપાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોની આગવી ઓળખ ઊભી થઈ શકે તેવી ઈમારતોના બાંધકામ માટે હાલ અમલી સીજીડીસીઆર-૨૦૧૭માં ઊંચી ઈમારતો માટેના રેગ્યુલેશન્સ આમેજ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં હાલ પ્રવર્તમાન નિયમો મુજબ વધુમાં વધુ ૨૨-૨૩ માળના ઊંચા મકાનોના સ્થાને હવે ૭૦થી વધુ માળની ઈમારતો-આભને આંબતા બિલ્ડીંગ સ્ટ્રકચરનું નિર્માણ થઈ શકશે. મુખ્યમંત્રીએ રાજ્યમાં ઊંચી ઈમારતો માટેના જે નિયમો મંજૂર કર્યા છે તેમાં કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈઓ રાખવામાં આવી છે. ટોલ બિલ્ડીંગની આ જોગવાઈ ૧૦૦મીટરથી વધુ ઊંચાઈના બિલ્ડીંગ્સને લાગુ થશે. તેમજ બિલ્ડીંગનો આસ્પેક્ટ રેશીયો ૧:૯ કે વધુ હોય તેને લાગુ થશે. ૧૦૦થી ૧૫૦ મીટર ઉંચાઈ માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ ૨૫૦૦ ચો.મીટર, ૧૫૦ મીટરથી વધુ ઉંચાઈ માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ ૩૫૦૦ ચો.મીટર, મહત્તમ એફએસઆઈ ૫.૪ મળવાપાત્ર થશે.

## પ્રધાનમંત્રી મોદી ઓક્ટોબરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી આવશે

નર્મદા : વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણને ૩૧મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૩ વર્ષ પૂર્ણ થશે. દર વર્ષે દેશભરમાં ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાય છે. આગામી ૩૧મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ કેવડિયા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સાદગી પૂર્વક થવાની છે. જેની મેરોથોન મિટીંગો શરૂ થઈ ગઈ છે. આગામી ૧૯ ઓગસ્ટનાં રોજ ગુજરાતના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં એક મિટિંગ ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજાશે.

## ગુજરાત કોંગ્રેસે જિલ્લા નિરીક્ષકોની નિમણૂક ચૂપચાપ કરી દેતા ભડકો

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીકના ભવિષ્યમાં થવાની છે ત્યારે ગુજરાત કોંગ્રેસે વિવિધ શહેર જિલ્લામાં ત્રણ-ત્રણ નિરીક્ષકોની છાનામાને નિમણૂકો કરી દીધી છે, કો-ઓર્ડિનેશન કમિટીમાં ચર્ચા વિચારણા કર્યા વિના જ બારોબાર નિમણૂકો થતાં રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાંથી વિરોધી સૂર ઊઠયા છે. આ નિમણૂકો વિવાદના ઘેરામાં આવતાં જ કોંગ્રેસમાં ભડકાની સ્થિતિ સર્જાઈ છે. નવાઈની વાત તો એ છે કે, જે તે જિલ્લામાંથી આવતાં પ્રદેશના સિનિયર નેતાઓ પણ આ નિમણૂકથી અજાણ હતા, કારણ કે તેમની સાથે પણ મસલત કરાઈ નથી. કોંગ્રેસના સૂત્રો કહે છે કે, શહેર જિલ્લામાં નિરીક્ષકોની નિમણૂકો કોઈ જાતની ચર્ચા વિના બારોબાર કરી દેવાતાં કોંગ્રેસમાં ભડકો થયો છે, મોટા ભાગના જિલ્લાઓમાં આ સ્થિતિ છે. સંગઠનના કાર્યક્રમ તેમજ ચૂંટણીલક્ષી સહિતની મહત્ત્વની જવાબદારી નિરીક્ષકો માથે હોય છે, આ નિમણૂકો થાય તે પહેલાં કો-ઓર્ડિનેશન કમિટી બોલાવાય છે.


દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

First Flight
FFCL Couriers Inc.

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## અમેરિકામાં ફેસબુકે ભાજપ પ્રત્યે કૂણું વલણ દાખવ્યાના અહેવાલ પ્રસિદ્ધ થતાં જ વિપક્ષ ફરી હરકતમાં

# સોશિયલ મીડિયામાં સંગ્રામ : ફેસબુક સામે ફરી સવાલ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

સોશિયલ મીડિયાનું સૌથી શક્તિશાળી મંચ ગણાતું ફેસબુક ભારતમાં રાજકીય પક્ષોના આક્ષેપ-પ્રતિઆક્ષેપ સાથે મોટા વિવાદમાં સપડાયું છે. સમગ્ર વિવાદની શરૂઆત અમેરિકાના અખબાર વૉલસ્ટ્રીટ જર્નલના એક રિપોર્ટથી થઈ છે. જેમાં દાવો કરાયો છે કે ફેસબુકના કર્મચારીઓએ સત્તાધારી ભારતમાં ભાજપ સાથે સંકળાયેલા કેટલાક લોકોના ફેસબુક એકાઉન્ટ દ્વારા નફરતભર્યા મેસેજ ફેલાવવાનું કામ કર્યું, તેના કારણે તે એકાઉન્ટ પ્રતિબંધિત કરવાની ભલામણ કરી હતી. પરંતુ ભારતમાં ફેસબુકના પબ્લિક પોલીસી પ્રમુખ અંખી દાસે આમ કરવાની મનાઈ કરી દીધી.

અખબારના દાવા અનુસાર અંખી દાસનું કહેવું હતું કે, સત્તાધારી પાર્ટી સાથે સંકળાયેલા લોકોને બૅન કરવાથી ભારતમાં ફેસબુકના વેપારને નુકસાન પહોંચશે. ફેસબુકે આ આરોપનું ખંડન કર્યું છે અને કહ્યું છે કે તેઓ નફરત અને હિંસા ફેલાવતી ગતિવિધિઓની વિરુદ્ધ છે અને તેને આ અંગેની નીતિઓ લાગુ કરવા માટે કોઈ વ્યક્તિ કે રાજકીય પાર્ટી સાથેના સંબંધથી ફેર નથી પડતો. પરંતુ આ મુદ્દે ભારતમાં મોટો રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. વિપક્ષો ભાજપ પર ફેસબુકને નિયંત્રિત કરવાના આરોપ મૂકી રહ્યાં છે અને ભાજપ વળતા પ્રહાર કરી રહ્યો છે. ફેસબુકના ભારત ખાતેના પ્રમુખ અંખી દાસ વિરુદ્ધ આ મામલે એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. તો અંખી દાસે પણ તેમને ધમકીભર્યા મેસેજ મળી રહ્યા હોવાની ફરિયાદ નોંધાવી છે.

છેલ્લા થોડા વર્ષોથી દુનિયાભરની રાજકીય પાર્ટીઓમાં સોશિયલ મીડિયા ઉપર પ્રભાવ જમાવવાની હોડ જોવા મળી રહી છે. સોશિયલ મીડિયાની વધી રહેલી તાકાત અને પહોંચને જોતા મોટી કંપનીઓ અને અનેક દેશોની સરકારો સોશિયલ મીડિયામાં રહેલા બિગ ડેટા એટલે કે તેના યૂઝર્સને લગતી જાણકારી મેળવી રહી છે. આવા સંજોગોમાં ફેસબુક પર જે આરોપો લાગી રહ્યાં છે એ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની તરફેણ કરતા લોકો માટે નિરાશાજનક છે. કારણ કે, ફેસબુક અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનું મોટું મંચ ગણાય છે. એ પણ વિડંબણા ગણી શકાય કે જે અંખી દાસ વિરુદ્ધ નફરતભર્યા મેસેજ પ્રત્યે નરમાશ દાખવવાના આરોપ મૂકવામાં આવ્યાં એ જ વ્યક્તિએ વિરોધીઓના એવા જ નફરતભર્યા મેસેજના કારણે ફરિયાદ કરવાનો વખત આવ્યો. આમ તો કાયમ બનતું આવ્યું છે કે કોઈ સગવડ પોતાની સાથે સમસ્યા પણ લાવે છે. સગવડ જ્યારે સમસ્યા નોતરે ત્યારે તેનાથી છૂટકારો પામવા માટે કેટલીક વખત એ સુવિધાનો જ ભોગ આપવો પડે એવી પરિસ્થિતિ આવીને ઊભી રહે છે. આજે સોશિયલ મીડિયાના દુરુપયોગથી સરકારથી લઈને રાજકીય પક્ષો, સંસ્થાઓ, સેલિબ્રિટીઓ અને સામાન્ય જનતા પણ પરેશાન છે.

સોશિયલ મીડિયાના આ દોરમાં એક બાબત તો સ્પષ્ટ છે કે, સામાન્ય લોકોની માનસિકતાને અસર કરવામાં સોશિયલ મીડિયા મહત્ત્વનો ભાગ ભજવી રહ્યું છે. હકીકત એ છે કે ફેસબુક જેવી સોશિયલ મીડિયા કંપનીઓ લોકોના વ્યક્તિગત ડેટાની ભૂખી છે. આવી કંપનીઓનું અસલ કામ જ લોકોના ડેટા જમા કરવાનું અને આંતરરાષ્ટ્રીય સ્તરે એ વેચીને કમાણી કરવાનું છે. એટલા માટે જ ફેસબુકને ભૂતકાળમાં તેની સર્વિસ પેઈડ કરવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેણે એમ કરવાનો ઈન્કાર કર્યો. એ જ દર્શાવે છે કે ફેસબુક જેવી કંપનીઓ ભલે પોતાના ગ્રાહકોને ફ્રી સર્વિસ આપતી હોય પરંતુ તેમને એ જ ગ્રાહકોના ડેટા અને જાહેરાતો દ્વારા કેટલી જંગી કમાણી થતી હશે. ચિંતાની બાબત એ છે કે દુનિયાભરના આશરે બે અબજથી વધારે લોકો ફેસબુક યૂઝર્સ છે. મતલબ કે આટલા બધા લોકોનો ડેટા ફેસબુક પાસે ઉપલબ્ધ છે. ભારત માટે સાવચેતી વર્તવાની જરૂર એટલા માટે છે કે દેશમાં ફેસબુકના ૨૪ કરોડથી વધારે યૂઝર્સ છે. ટકાવારીની રીતે ફેસબુકના કુલ યૂઝર્સના ૧૧ ટકા ભારતમાં વસે છે. સોશિયલ મીડિયાની ભાષામાં કહીએ તો સૌથી મોટું ડેટા બજાર ભારત છે. સોશિયલ મીડિયાનો દુરુપયોગ દુનિયાના કોઈ પણ લોકતંત્ર માટે ખતરાસમાન છે.

અત્યારે ભાજપ અને કોંગ્રેસ ફરી સામસામે આવી ગયા છે અને દરેક વખતની જેમ આ વખતે પણ મુદ્દો સાવ છૂંછા જેવો છે. કોંગ્રેસીઓ લાંબા સમયથી કકળાટ કર્યા કરે છે કે, ભાજપ સોશિયલ મીડિયા મારફતે ઝેર ઓક્યા કરે છે અને લોકોને ભરમાવ્યા કરે છે. આ મામલે કોંગ્રેસ અને ભાજપ એકબીજા પર લાંબા સમયથી આરોપો મુક્યા કરે છે. હવે કોંગ્રેસ વતી રાહુલ ગાંધીએ પલિતો ચાંપ્યો છે કે, ફેસબુક સહિતના સોશિયલ મીડિયા ભાજપના ખોળામાં બેસી ગયા છે અને ભાજપના નેતાઓ ઉશ્કેરણીજનક વાતો કરે છે કે ગાળાગાળી કરે છે તેની સામે આંખ આડા કાન કરીને ભાજપને અનુકૂળ આવે અને રાજકીય ફાયદો થાય એવો માહોલ પેદા કરવામાં મદદ કરાય છે. કોંગ્રેસના આ આક્ષેપ સામે ભાજપ વતી આઈ. ટી. મિનિસ્ટર રવિશંકર પ્રસાદે વળતો પ્રહાર કર્યો કે, કોંગ્રેસની હાલત સો ચૂહે મારકર બિલ્લી હજ કો ચલી જેવી છે. કોંગ્રેસ પોતે સોશિયલ મીડિયાનો દુરૂપયોગ કરવાના ગોરખધંધા પહેલાં જ કરી ચૂકી છે. કેમ્બ્રિજ એનાલિટિકાના કબાડામાં તેનું નામ પણ આવી ચૂક્યું છે. આ ગોરખધંધામાં ના ફાવી એટલે કોંગ્રેસ ભાજપને વખોડી રહી છે. કેમ્બ્રિજ એનાલિટિકાની કબાડેબાજી ૨૦૧૮માં બહુ ગાજેલી. ફેસબુકે આ કંપનીને ડેટા વેચ્યો હોવાના આક્ષેપો થયેલા. કંપનીએ તેનો ઉપયોગ અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં અને ભારતની ચૂંટણીમાં મતદારોને ભરમાવવા માટે પણ કરેલો. કંપનીએ ૨૦૧૦ની બિહારની ચૂંટણીમાં પણ રાજકીય પક્ષોને પોતાની સેવા આપેલી એવું પણ કબૂલેલું. આ રાજકીય પક્ષ ક્યો તેનો ફોડ નહોતો પડાયો, પણ ભાજપે એ પક્ષ કોંગ્રેસ જ છે એવું જોરશોરથી કહ્યું હતુ.



**ફેસબુક સહિતના સોશિયલ મીડિયા ભાજપના ખોળે બેસી ગયાના રાહુલના આક્ષેપથી રાજકારણ ગરમાઈ ગયું છે તો સામે પક્ષે ભાજપે પણ કોંગ્રેસ પર આરોપો મુકી દીધા**

પ્રસાદે કેમ્બ્રિજ એનાલિટિકાની વાત કરી એટલે તેની પૂર્ભૂમિકા સમજવા આ વાત કરી લીધી. કોંગ્રેસ ને ભાજપ વચ્ચે આ પટ્ટાબાજી ચાલતી જ હતી ત્યાં વિદેશી મીડિયાએ કોંગ્રેસની તરફદારી કરતા લેખ લખ્યા તેમાં નવો ફણગો ફૂટ્યો. આ લેખમાં ફેસબુકના જૂના કર્મચારીઓના હવાલાથી એવી વાતો લખાયેલી છે કે, ભારતમાં ધંધો કરવો હોય તો ભાજપને સાચવ્યા વિના છૂટકો નથી. એટલે ભાજપ જે કઈ કરે તેની સામે આંખ આડા કાન કરવાની સૂચના અપાઈ હતી. રાહુલે ફેસબુકના નામજોગ આક્ષેપ મૂકેલો તેથી ફેસબુકે પણ ચોખવટ કરી છે કે, અમે ભાજપ કે કોંગ્રેસ એવા કોઈ ભેદભાવ રાખતા નથી અને ઉશ્કેરણી ફેલાય એવા તમામ કન્ટેન્ટને પ્રતિબંધિત કરી જ દઈએ છીએ. જો કે, ફેસબુક નાણાંના બદલામાં લોકોના ડેટા વેચવા માટે વગોવાયેલી છે. અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં તેમણે ટ્રમ્પને મદદ કરવા ડેટા વેચેલો તેમાં તો અમેરિકામાં તેમની સામે તપાસ ચાલે છે. ફેસબુકની વાતો પર ભરોસો ના કરાય એવા બીજા પણ મુદ્દા છે પણ આપણા માટે ફેસબુક શું કહે છે એ મહત્ત્વનું નથી.

કોંગ્રેસે આ મુદ્દો ઊભો કરીને બુદ્ધિનું પ્રદર્શન કર્યુ છે ને ભાજપ પણ કોઠી ધોઈને કાદવ કાઢવામાં પોતે જ ખરડાઈ રહ્યો છે. ભાજપ વર્સીસ કોંગ્રેસની આ લડાઈ એ વાતનો પુરાવો છે કે આ દેશના રાજકીય પક્ષોને લોકોની કંઈ પડી જ નથી. લોકોની સમસ્યાઓ, લોકોની તકલીફો એ બધું તેમના માટે કશું મહત્ત્વ ધરાવતા નથી. આ દેશમાં કોરોના કાળમુખો બનીને લોકોને ભરખી રહ્યો છે અને તેના કરતાં પણ વધારે ખરાબ હાલત કોરોનાના કારણે લાદવા પડેલા લોકડાઉનને કારણે થઈ છે. આર્થિક રીતે લોકો પાયમાલ થઈ ગયા છે. આર્થિક મોરચે ખરેખર બહુ ખરાબ સ્થિતિ છે ને દેશ માટે કોરોના અને આર્થિક બાબત બે બહુ મોટા પડકાર છે. આ માહોલમાં રાજકીય પક્ષોએ આ પડકારને કઈ રીતે પહોંચી વળવું એ અંગે લોકોને માર્ગદર્શન આપવાનું હોય. ભાજપ કેન્દ્રમાં સરકારમાં છે તેથી તેની જવાબદારી ચોક્કસ વધારે છે. પણ કોંગ્રેસે પણ હકારાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવી જોઈએ.

# સુશાંતસિંહ અપમૃત્યુ કેસઃ તપાસ સીબીઆઈને હવાલે

## સીબીઆઈ તપાસ મુદ્દે મુંબઇ અને બિહાર પોલીસ વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહ પર સુપ્રીમ કોર્ટે પૂર્ણવિરામ મૂક્યું

નવી દિલ્હી : બોલિવૂડના અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના અપમૃત્યુ કેસમાં મહારાષ્ટ્ર અને બિહાર પોલીસ વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહ પર પૂર્ણવિરામ મૂકતાં સુપ્રીમ કોર્ટે બુધવારે કેસની તપાસ સીબીઆઈને હવાલે કરી હતી. સુપ્રીમ કોર્ટે બંધારણના આર્ટિકલ ૧૪૨ અંતર્ગત અદાલતને અપાયેલા અસામાન્ય બંધારણીય અધિકારનો ઉપયોગ કરતા ભવિષ્યમાં સુશાંત કેસને સંલગ્ન મુંબઈ પોલીસ સહિત કોઈપણ એજન્સી દ્વારા નોંધાનારી એફઆઈઆરની તપાસ સીબીઆઈ દ્વારા કરાવવાનો આદેશ આપ્યો હતો. ૩૫ પાનાંના ચુકાદામાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ઋષિકેશ રૉયની સિંગલ જજ બેન્ચે જણાવ્યું હતું કે, સુશાંતસિંહ રાજપૂત મુંબઈના ફિલ્મ ઉદ્યોગમાં ટેલેન્ટેડ અભિનેતા હતો અને તેની ક્ષમતાઓ સંપૂર્ણપણે જાણી શકાય તે પહેલાં તેનું મોત થયું છે. તેના મોતની આસપાસ રહેલા રહસ્યોની તપાસ થાય અને ઝડપથી તપાસનું પરિણામ બહાર આવે તેની રાહ તેનો પરિવાર, મિત્રો અને પ્રશંસકો જોઈ રહ્યાં છે જેથી તમામ પ્રકારની અટકળો પર પૂર્ણવિરામ મૂકી શકાય.



ગુજરાત કેડરના IPS શશિધરનાં નેતૃત્વમાં CBIની ટીમ કેસની તપાસ માટે સજ્જ

### સીબીઆઈને તપાસ સોંપાતા સુશાંતનો પરિવાર ખુશ : કહ્યું, હવે ન્યાય મળશે

સુશાંત કેસની તપાસ સીબીઆઈને સોંપાતા સુશાંતના પરિવારે હાશકારો અનુભવ્યો છે. સુશાંતની બહેન શ્વેતાએ ટ્વિટ કરીને લખ્યું કે ફાઈનલી, સુશાંત કેસમાં સીબીઆઈ તપાસ મળી ગઈ. બીજા ટ્વિટમાં શ્વેતાએ લખ્યું કે શુક્રિયા ભગવાન. તમે અમારી પ્રાર્થનાનો જવાબ આપ્યો છે પરંતુ આ તો હજુ શરૂઆત છે. સત્ય તરફનું પહેલું ડગલું. સીબીઆઈ પર પૂરો ભરોસો છે. સુશાંતના બનેવી વિશાલ કીર્તિએ લખ્યું કે સીબીઆઈ તપાસનું પરિણામ ગમે તે હોય પરંતુ અમને નિષ્પક્ષ તપાસ તો મળશે. ભારતીય ન્યાયપાલિકાનો ઘણો ઘણો આભાર.

### ગમે તે એજન્સી તપાસ કરે, સત્ય હંમેશાં એ જ રહેવાનું છે : રિયા

મુંબઇ : સુપ્રીમ કોર્ટે સુશાંત કેસની તપાસ સીબીઆઇને સોંપ્યા બાદ રિયા ચક્રવર્તીએ તેના વકીલ સતીશ માનશિંદે મારફતે જારી કરેલા સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, ગમે તે એજન્સી તપાસ કરે પરંતુ સત્ય એ જ રહેવાનું છે. મેં જાતે જ સીબીઆઇ તપાસની માગ કરી હતી તેથી આશા રાખું છું કે મને ન્યાય મળશે. મેં અગાઉ આ કેસની તપાસમાં જે રીતે મુંબઇ પોલીસ અને ઇડીને સહકાર આપ્યો છે તે રીતે સીબીઆઇ તપાસનો પણ સામનો કરીશ અને સીબીઆઇ સમક્ષ હાજર થઇશ.

### મહારાષ્ટ્રના ગૃહમંત્રીનાં રાજીનામાની માગ

મુંબઇ : સુશાંત અપમૃત્યુ કેસમાં મુંબઇ પોલીસની તપાસના કારણે સુપ્રીમ કોર્ટમાં મહારાષ્ટ્ર સરકાર અને મુંબઇ પોલીસની ભારે કિરકીરી થઇ હતી. સુપ્રીમ કોર્ટે સીબીઆઇને તપાસનો આદેશ આપ્યા બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાટો આવી ગયો હતો. મહારાષ્ટ્ર ભાજપના વરિષ્ઠ નેતા કિરીટ સોમૈયાએ જણાવ્યું હતું કે, આશા રાખીએ છીએ કે મહારાષ્ટ્ર સરકાર આ મામલામાંથી શીખ લેશે. હવે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે રાજીનામું આપી દેવું જોઇએ.

### સુપ્રીમના મહત્ત્વનાં અવલોકન

સુશાંતના પિતાની ફરિયાદના આધારે બિહાર પોલીસે નોંધેલી FIR કાયદેસર, પટણા પોલીસે નોંધેલો કેસ CBIને સોંપવાનો બિહાર સરકારને અધિકાર

સીબીઆઇ સુશાંત કેસમાં પટણા પોલીસ દ્વારા નોંધાયેલી FIRની જ નહીં પરંતુ સુશાંતના કેસ સાથે સંકળાયેલી અન્ય કોઈપણ FIRની પણ તપાસ કરશે

મુંબઇ પોલીસે સુશાંતના મોતમાં એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ નોંધ્યો હતો તેથી તેની પાસે તપાસના મર્યાદિત અધિકાર છે જ્યારે બિહાર પોલીસે સંપૂર્ણ FIR નોંધીને કેસ CBIને સોંપ્યો હોવાથી હવે CBIએ તપાસ કરવી જોઈએ

મુંબઇ પોલીસ અત્યાર સુધી એકઠાં કરેલા તમામ પુરાવા અને દસ્તાવેજ CBIને હવાલે કરે, મુંબઇ પોલીસે કેસની તપાસમાં CBIને સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે, મહારાષ્ટ્ર સરકારે પણ CBIને સહકાર આપવાનો રહેશે

સીબીઆઇએ હવે તપાસ માટે મહારાષ્ટ્ર સરકારની પરવાનગી લેવાની રહેશે નહીં, સીબીઆઇ ગમે તેની પૂછપરછ કરી શક્શે અને પુરાવા એકઠાં કરી શકશે

### અક્ષય, કંગના, અનુપમ ખેર સહિતના સ્ટાર્સનો સીબીઆઈ તપાસને ટેકો

મુંબઈ : સુશાંત કેસની તપાસ સીબીઆઇને સોંપાયાના સુપ્રીમના ચુકાદા બાદ બોલિવૂડમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. બોલિવૂડના ઘણા સિતારાઓ અને ટીવી કલાકારોએ ટ્વિટ કરીને સીબીઆઇ તપાસને ટેકો આપ્યો હતો. કંગના રનૌત, અક્ષયકુમાર, અનુપમ ખેર, કૃતિ સેનન, પરેશ રાવલ, રણવીર શૌરી સહિતના ઘણા કલાકારોએ ટ્વિટ કરીને સુપ્રીમના ચુકાદાનું સમર્થન કર્યું હતું. અક્ષયકુમારે ટ્વિટ કરીને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટે સુશાંત મોત કેસમાં સીબીઆઇ તપાસનો આદેશ આપ્યો છે. સત્યની હંમેશાં જીત થાય છે તો અનુપમ ખેરે પણ લખ્યું કે જય હો, જય હો.. જય હો..કંગનાએ લખ્યું કે માનવતાની જીત થઈ છે. એસએસઆર યોદ્ધાઓમાંના દરેકને અભિનંદન પહેલી વાર મને સામૂહિક ચેતનાની આવી પ્રબળ શક્તિ મહેસૂસ થઈ છે. અદ્દભુત ! પરેશ રાવલે ટ્વિટ કરીને લખ્યું કે સુશાંત રાજપૂત મોતનું રહસ્ય બહાર આવવું જોઈએ, સત્ય અને ન્યાયની જીત થવી જોઈએ. ધન્યવાદ સુપ્રીમ કોર્ટ, સીબીઆઇ તમારું સ્વાગત છે.

# એક યુગનો અંત, શાસ્ત્રીય ગાયકીના દિગ્ગજ પંડિત જસરાજનું અમેરિકામાં થયું નિધન

વોશિંગ્ટન : પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજનું નિધન થયું હતું. તેઓ ૯૦ વર્ષના હતા. અમેરિકાના ન્યુજર્સીમાં તેમનું દુઃખદ નિધન થયું હતું. તેમનો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૯૩૦માં થયો હતો. જસરાજ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયકોમાંથી એક હતા. પંડિત જસરાજનો સંબંધ મેવાતી ઘરાનાથી રહ્યો છે.



### ગ્રહનું નામ તેમના નામ પર

પંડિત જસરાજ માત્ર ચાર વર્ષના હતા ત્યારે તેમના પિતા પંડિત મોતીરામનું નિધન થયું હતું. તેમનું ભરણપોષણ તેમના ભાઈ પંડિત મણિરામે કર્યું હતું. પંડિત જસરાજને સંગીત દુનિયામાં ૮૦ વર્ષથી વધુ સમય થયો. આ દરમિયાન તેમને કેટલાક પુરસ્કાર પણ મળ્યા. શાસ્ત્રીય અને અર્ધ-શાસ્ત્રીય સ્વરોમાં તેમના પ્રદર્શનોને એલ્બમ અને ફિલ્મ સાઉન્ડટ્રેક તરીકે પણ બનાવવામાં આવ્યા છે. જસરાજે ભારત, કેનેડા અને અમેરિકામાં સંગીત શીખવાડ્યું હતું. તેમના ઘણા શિષ્યો લોકપ્રિય સંગીતકાર પણ બન્યા છે.

આંતરરાષ્ટ્રીય ખગોળીય સંઘ(IAU) એ ગત વર્ષે મંગળ અને ગુરુ(Jupiter) વચ્ચે આવેલ એક ગ્રહનું નામ 'પંડિતજસરાજ' રાખ્યું છે. આ ગ્રહ 2006VP32, ૨૦૦૬માં શોધવામાં આવ્યો હતો. આ સાથે પંડિત જસરાજ પહેલા એવા ભારતીય સંગીતજ્ઞ બન્યા જેમને અનંત અતરિક્ષમાં પોતાનું સ્થાન બનાવ્યું.

મીડિયા રિપોર્ટ મુજબ તેમની દીકરી દુર્ગા જસરાજે જણાવ્યું કે,'સંગીત માર્તંડ પંડિત જસરાજનું અમેરિકામાં ન્યુજર્સીમાં બુધવારે સવારે ૫:૧૫ વાગ્યે કાર્ડિયાક એટેકથી નિધન થયું છે.' તેમણે આગળ કહ્યું કે,'અમે પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન શ્રીકૃષ્ણ સ્વર્ગમાં તેમનું પ્રેમથી સ્વાગત કરે. જ્યાં હવે પંડિતજી ઓમ નમો ભગવતે વાસુદેવાય માત્ર તેમના પ્રિય ભગવાન માટે જ ગવાશે. અમે પ્રાર્થના કરીએ છીએ કે તેમની આત્માને હંમેશા સંગીતથી શાન્તિ મળે.'

### દુનિયાભરમાં ફેલાવ્યો શાસ્ત્રીય સંગીતનો જાદુ

મેવાતી ઘરાનાથી સંબંધ રાખનાર પંડિત જસરાજે માત્ર ભારતમાં જ નહીં પણ દુનિયાભરમાં શાસ્ત્રીય સંગીતનો જાદુ ફેલાવ્યો છે. તેમણે અમેરિકા અને કેનેડામાં પણ સંગીત શિક્ષા આપી. 'ઓમ નમોઃ ભગવતે વાસુદેવાય', 'ઓમ નમઃ શિવાય' પંડિતજીના આવાજમાં શાસ્ત્રીય ગાયન આપોઆપ પ્રાર્થનનો રિવાજ બની ગયા હતા. આપને જણાવી દઈએ કે પંડિત જસરાજે ૧૪ વર્ષની ઉંમરમાં ગાયન શરૂ કર્યું હતું.

### પીએમ મોદીએ વ્યક્ત કર્યું દુઃખઃ

પંડિત જસરાજના નિધન પર પીએમ મોદી પણ દુઃખ વ્યક્ત કર્યું છે. પીએમે ટ્વીટ કરી શોક વ્યક્ત કર્યો હતો. તેમણે પંડિત જસરાજના નિધનને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું અને ઘટના થકી ભારતીય સાંસ્કૃતિક જગત માટે મોટી ખોટ પડશે તેમ જણાવ્યું હતું.




# ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધો

## ધોનીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કારકિર્દી દરમિયાન તમારા પ્રેમ-સહકાર માટે આભાર :ઇન્સ્ટા પર નિવૃત્તિની જાહેરાત

નવી દિલ્હી : ગત શનિવારે ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની મહેન્દ્ર સિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. ધોનીએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. ધોનીએ છેલ્લે ગત વર્ષે ઈંગ્લેન્ડમાં રમાયેલા વર્લ્ડ કપમાં પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ધોની સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે રમ્યો હતો જેમાં ભારતનો પરાજય થયો હતો. ધોનીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકીને પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે સમગ્ર કારકિર્દી દરમિયાન તમારા પ્રેમ અને સહકાર માટે આભાર. શનિવારે રાત્રે ૭.૨૯થી મારી નિવૃત્તિ ગણી લેવી. ધોની ભારતનો સૌથી સફળ સુકાની રહ્યો છે અને તેણે ભારતને ૨૦૦૭મા ટી૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧મા વન-ડે વર્લ્ડ કપ જીતાડ્યો છે. શનિવારે તેણે નિવૃત્તિ લેતા જ તેના ૧૫ વર્ષની સુવર્ણ આંતરરાષ્ટ્રીય કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકાયું છે. ધોનીએ ડિસેમ્બર ૨૦૧૪મા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ઝારખંડથી આવેલો ધોની પોતાની અદભુત કેપ્ટનશિપ અને શાનદાર બેટિંગથી ક્રિકેટ જગત પર છવાઈ ગયો હતો. તે ભારતીય ક્રિકેટનો સૌથી સફળ સુકાની રહ્યો છે. તેણે ભારતને બે વર્લ્ડ કપ જીતાડ્યા છે. ૨૦૦૭ના પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમની કેપ્ટનશિપ ધોની જેવા બિનઅનુભવીને સોંપવામાં આવી હતી. પરંતુ આ ટુર્નામેન્ટ દ્વારા તેણે દેખાડી દીધું કે તે એક દિવસ વિશ્વના સૌથી સફળ સુકાનીઓમાં સામેલ થશે. ફાઈનલમાં પાકિસ્તાન જેવી કટ્ટર હરીફ ટીમ સામે અત્યંત દિલધડક ક્ષણોમાં અત્યંત ધીરજપૂર્વક કામ લઈને તેણે ટીમને ચેમ્પિયન બનાવી હતી. ટી૨૦ વર્લ્ડ કપ જીત્યાના ચાર વર્ષ બાદ ૨૦૧૧ની બીજી એપ્રિલને ધોનીએ યાદગાર બનાવી દીધી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શ્રીલંકા સામે રમાયેલી વર્લ્ડ કપની ફાઈનલમાં ધોનીએ અણનમ ૯૧ રન ફટકાર્યા હતા.




### શરૂઆત અને અંત પણ રનઆઉટથી...



નવી દિલ્હી : ધોનીની ઈન્ટરનેશનલ કારકિર્દી રનઆઉટથી શરૂ થઈ હતી અને રનઆઉટ દ્વારા જ પૂરી થઈ હતી. ધોનીએ વન-ડે ક્રિકેટમાં બાંગ્લાદેશ સામે પ્રથમ મેચ રમી હતી અને તે પ્રથમ બોલે જ રનઆઉટ થઈને પેવેલિયન પરત ફર્યો હતો. ધોની છેલ્લે ૨૦૧૯ની ૧૦મી જુલાઈએ ભારતીય ટીમની જર્સી પહેરી હતી. ત્યારે તે ન્યૂઝીલેન્ડ સામે આઈસીસી વર્લ્ડ કપની સેમિફાઈનલ રમ્યો હતો. આ મેચમાં પણ રનઆઉટ થયો હતો.

### આર્મી પ્રત્યેની લાગણીને કારણે સ્વતંત્રતા દિવસ પસંદ કર્યો

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ સમર્થકોને ૧૫મી ઓગસ્ટે એટલે કે દેશના સ્વતંત્રતા દિવસે એક મોટો આઘાત પહોંચ્યો હતો. ટીમના ભૂતપૂર્વ સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ ઇન્ટરનેશનલ ક્રિકેટને ચુપકીદી સાથે અલવિદા કરી દીધી હતી અને તેણે લીધેલા નિવૃત્તિના નિર્ણયથી તમામને સ્તબ્ધ કરી દીધા હતા. નિવૃત્તિ જાહેર કરીને ધોની ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી આઝાદ થઇ ગયો છે એટલે કે તે હવે ક્યારેય ભારત તરફથી હાઇએસ્ટ લેવલનું ક્રિકેટ રમશે નહીં પરંતુ ક્રિકેટ સમર્થકોનું માનવું છે કે ધોનીએ આ રીતે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી આઝાદી લેવાની જરૂર નહોતી. ધોનીએ ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા માટે ૧૫મી ઓગસ્ટ જ કેમ પસંદ કરી તેના પણ કેટલાક મુખ્ય કારણો છે. ધોની લાંબા સમયથી ક્રિકેટમાં સક્રિય નહીં હોવાના કારણે તેની કારકિર્દી અંગે વિવિધ અટકળો થઇ રહી હતી. તેણે ચાલુ વર્ષે ઓસ્ટ્રેલિયા ખાતે રમાનારા ટી૨૦ વર્લ્ડ કપમાં રમવાની ઇચ્છા વ્યક્ત કરી હતી પરંતુ કોરોના વાઇરસની મહામારીના કારણે આઇસીસીએ તેની આ મેજર ઇવેન્ટ રદ કરી દીધી હતી.

આઇસીસીની ત્રણ મેજર ટ્રોફી જીતનાર ધોનીએ સૌથી સફળ વિકેટકીપર બેટ્સમેનથી સુકાની બનવાની સફરમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી હતી. ધોનીએ ૫૦.૫૭ની સરેરાશથી ૧૦,૭૭૩ રન સાથે વન-ડે કારકિર્દીનો અંત આણ્યો હતો, જેમાં તેણે ૧૦ સદી પણ નોંધાવી હતી. ટી૨૦ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં તેણે ૩૭.૬૦ની સરેરાશથી ૧,૬૧૭ રન બનાવ્યા હતા. ધોનીએ વન-ડેમાં બોલિંગ પણ કરી છે. વન-ડેમાં તેના નામે એક વિકેટ પણ નોંધાયેલી છે. તેણે ૨૦૦૯માં વેસ્ટ ઇન્ડિઝ સામે ટ્રેવિસ ડાઉલિનના સ્વરૂપે એકમાત્ર વિકેટ ઝડપી હતી.

### પ્રત્યેક દેશ સામે વન-ડે ઇન્ટરનેશનલમાં ધોનીનું પ્રદર્શન

| વિરુદ્ધ | મેચ | ઇનિંગ્સ | અણનમ | ૧૦૦ | ૫૦ | હાઇએસ્ટ | રન | એવરેજ | કેચ | સ્ટમ્પ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ACA આફ્રિકા ઇલેવન | ૩ | ૩ | ૧ | ૧ | ૦ | ૧૩૯* | ૧૭૪ | ૮૭.૦૦ | ૩ | ૩ |
| અફઘાનિસ્તાન | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૨૮ | ૩૬ | ૧૮.૦૦ | ૦ | ૩ |
| ઓસ્ટ્રેલિયા | ૫૫ | ૪૮ | ૧ | ૨ | ૧૧ | ૧૩૯* | ૧૬૬૦ | ૪૪.૮૬ | ૪૪ | ૧૮ |
| બાંગ્લાદેશ | ૨૧ | ૧૭ | ૫ | ૧ | ૨ | ૧૦૧* | ૫૬૯ | ૪૭.૪૨ | ૨૨ | ૧૦ |
| બર્મુડા | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૯ | ૨૯ | ૨૯.૦૦ | ૧ | ૦ |
| ઇંગ્લેન્ડ | ૪૮ | ૪૪ | ૧૧ | ૧ | ૧૦ | ૧૩૪ | ૧૫૪૬ | ૪૬.૮૫ | ૩૯ | ૧૬ |
| હોંગકોંગ | ૨ | ૨ | ૧ | ૧ | ૦ | ૧૦૯* | ૧૦૯ | ૧૦૯.૦૦ | ૩ | ૪ |
| આયરલેન્ડ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૩૪ | ૦૩૪ | ૩૪.૦૦ | ૫ | ૦ |
| નેધરલેન્ડ્સ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૯* | ૧૯ | ૧૯.૦૦ | ૧ | ૦ |
| ન્યૂઝીલેન્ડ | ૨૮ | ૨૬ | ૭ | ૦ | ૭ | ૮૪* | ૯૪૦ | ૪૯.૪૭ | ૨૪ | ૯ |
| પાકિસ્તાન | ૩૬ | ૩૧ | ૮ | ૨ | ૯ | ૧૪૮ | ૧૨૩૧ | ૫૩.૫૨ | ૩૫ | ૯ |
| સ્કોટલેન્ડ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | – | – | ૨ | ૦ |
| સાઉથ આફ્રિકા | ૩૭ | ૩૨ | ૬ | ૦ | ૪ | ૯૨* | ૮૩૦ | ૩૧.૯૨ | ૩૦ | ૧૧ |
| શ્રીલંકા | ૬૭ | ૫૩ | ૧૬ | ૨ | ૧૯ | ૧૮૩* | ૨૩૮૩ | ૬૪.૬૧ | ૭૧ | ૨૫ |
| યૂએઇ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| વેસ્ટ ઇન્ડિઝ | ૩૯ | ૩૩ | ૧૫ | ૦ | ૮ | ૯૫ | ૧૦૦૫ | ૫૫.૮૩ | ૩૩ | ૧૪ |
| ઝિમ્બાબ્વે | ૬ | ૩ | ૨ | ૦ | ૩ | ૮૫* | ૨૦૮ | ૨૦૮.૦૦ | ૬ | ૧ |
| ઓવરઓલ | ૩૫૦ | ૨૯૭ | ૮૪ | ૧૦ | ૭૩ | ૧૮૩* | ૧૦,૭૭૩ | ૫૦.૫૮ | ૩૨૧ | ૧૨૩ |

### ધોનીની કારકિર્દીની ટાઇમલાઇન

**ડિસેમ્બર ૨૦૦૪ :** બાંગ્લાદેશ સામે ચિત્તાગોંગ ખાતે વન-ડે ઇન્ટરનેશનલમાં પદાર્પણ કર્યું હતું.

**એપ્રિલ ૨૦૦૫ :** પોતાની પાંચમી વન-ડેમાં પાકિસ્તાન સામે પ્રથમ વખત ત્રીજા ક્રમે બેટિંગ કરી હતી. વિશાખાપટ્ટનમ ખાતે ધોનીએ ૧૨૩ બોલમાં ૧૪૮ રનની તોફાની ઇનિંગ રમી હતી. આ પહેલાં ધોનીએ ચાર ઇનિંગ્સમાં માત્ર ૨૨ રન બનાવ્યા હતા.

**ઓક્ટોબર ૨૦૦૫ :** આક્રમક બેટિંગના કારણે ફરીથી ઉપલા ક્રમે બેટિંગ કરવાની તક મળી અને શ્રીલંકા સામે ૧૪૫ બોલમાં ૧૮૩ રન ફટકાર્યા હતા અને પાંચ મેચની શ્રેણીમાં ભારત ૩-૦થી જીત્યું હતું અને ધોની મેન ઓફ ધ મેચ બન્યો હતો.

**ડિસેમ્બર ૨૦૦૫ :** ચેન્નઇ ખાતે શ્રીલંકા સામે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું.

**સપ્ટેમ્બર ૨૦૦૭ :** રાહુલ દ્રવિડે સુકાનીપદેથી રાજીનામું આપતાં ધોનીને વન-ડે ટીમનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું. ધોનીએ વન-ડે ક્રિકેટની એક જ ઇનિંગ્સમાં સર્વાધિક શિકાર કરવાના એડમ ગિલક્રિસ્ટના રેકોર્ડની બરોબરી કરી હતી.

**સપ્ટેમ્બર ૨૦૦૭ :** સાઉથ આફ્રિકા ખાતેના પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતનો સુકાની બન્યો હતો. ભારતે ફાઇનલમાં પાકિસ્તાનને હરાવ્યું હતું.

**ઓગસ્ટ ૨૦૦૮ :** ધોનીના નેતૃત્વમાં ભારતે શ્રીલંકાને તેની જ ધરતી ઉપર પ્રથમ વખત દ્વિપક્ષીય શ્રેણીમાં હરાવ્યું હતું. ધોનીને રાજીવ ગાંધી ખેલ પુરસ્કાર મળ્યો .

**નવેમ્બર ૨૦૦૮ :** નાગપુર ખાતે ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટમાં અનિલ કુંબલેના સ્થાને ધોનીએ ટેસ્ટ ટીમનું સુકાનીપદ સંભાળ્યું હતું.

**ડિસેમ્બર ૨૦૦૮ :** ધોની આઇસીસીનો સર્વશ્રેષ્ઠ વન-ડે ક્રિકેટર બન્યો હતો.

**માર્ચ ૨૦૦૯ :** ભારતે પ્રથમ વખત ન્યૂઝીલેન્ડમાં શ્રેણી જીતી

**એપ્રિલ ૨૦૦૯ :** ધોની ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત.

**ડિસેમ્બર ૨૦૦૯ :** ધોની આઇસીસીના બેસ્ટ વન-ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ સતત બીજી વખત જીતનાર પ્રથમ ખેલાડી બન્યો હતો.

**મે ૨૦૧૦ :** ધોનીની કેપ્ટનશિપ હેઠળ ચેન્નઇ સુપર કિંગ્સે આઇપીએલ ટ્રોફી જીતી હતી.

**એપ્રિલ ૨૦૧૧ :** ધોનીએ શ્રીલંકા સામે વર્લ્ડ કપ ફાઇનલમાં ૭૯ બોલમાં ૯૧ રનની અણનમ ઇનિંગ રમી હતી. ભારતે ૨૮ વર્ષ બાદ વર્લ્ડ કપ જીત્યો હતો. સિક્સરથી ટીમને વિજય અપાવનાર ધોની મેન ઓફ ધ મેચ બન્યો હતો.

**મે ૨૦૧૧ :** ધોનીએ ફરીથી ચેન્નઇ સુપર કિંગ્સને આઇપીએલમાં ટાઇટલ જીતાડી આપ્યું હતું.

**નવેમ્બર ૨૦૧૧ :** ઇન્ડિયન આર્મીમાં ધોનીને માનદ્ લેફ્ટનન્ટ કર્નલ બનાવવામાં આવ્યો હતો.

**ફેબ્રુઆરી ૨૦૧૩ :** ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાં પોતાની એકમાત્ર બેવડી સદી નોંધાવી હતી.

**માર્ચ ૨૦૧૩ :** ધોનીએ ૪૯મી ટેસ્ટમાં ૨૧મો વિજય હાંસલ કરીને સૌરવ ગાંગુલીના રેકોર્ડને તોડીને ભારતના સૌથી સફળ સુકાની બનવાનું ગૌરવ હાંસલ કર્યું હતું. તેણે ૩૬૫ બોલમાં ૨૨૪ રન બનાવીને બુધી કુંદરનનો (૧૯૨) રેકોર્ડ તોડ્યો હતો.

**માર્ચ ૨૦૧૩ :** ધોનીની કેપ્ટનશિપમાં ભારતે હોમ સિરીઝમાં ઓસ્ટ્રેલિયાને ૪-૦ના માર્જિનથી હરાવ્યું હતું.

**જૂન ૨૦૧૩ :** ભારતીય ટીમે ધોનીની કેપ્ટનશિપ હેઠળ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ભારતે ફાઇનલમાં ઇંગ્લેન્ડને હરાવ્યું હતું. ધોની આઇસીસીની ત્રણ મેજર ટ્રોફી જીતનાર પ્રથમ સુકાની બન્યો હતો.

**એપ્રિલ ૨૦૧૮ :** ધોનીને ભારતના ત્રીજા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો.

**મે ૨૦૧૮ :** ધોનીના નેતૃત્વમાં ચેન્નઇ સુપર કિંગ્સે સનરાઇઝર્સ હૈદરાબાદને હરાવીને ત્રીજી વખત આઇપીએલ ટ્રોફી જીતી હતી.

### ૨૨૨ કરોડની બોલી, ડ્રીમ૧૧ ટાઇટલ સ્પોન્સર

મુંબઇ: ભારતીય ક્રિકેટ બોર્ડે આઇપીએલ ૨૦૨૦ની સિઝન માટેની ટાઇટલ સ્પોન્સરશિપના અધિકાર ફેન્ટસી સ્પોર્ટ્સ લીગ પ્લેટફોર્મ ડ્રીમ૧૧ને આપ્યા છે. ડ્રીમ૧૧ પહેલાંથી બીસીસીઆઇનું પાર્ટનર છે. ટાઇટલ સ્પોન્સરશિપની હોડમાં પ્રબળ દાવેદાર ગણાતી તાતા સન્સને તેણે પાછળ રાખી દીધી હતી. તાતા કંપનીના ઘણાં બિઝનેસ છે અને તે ઘણાં દશકાથી ઓલિમ્પિક સ્પોર્ટ્સના ભારતીય એથ્લેટ્સને સ્પોન્સર કરી રહી છે. ડ્રીમ૧૧એ ટાઇટલ સ્પોન્સરશિપ હાંસલ કરવા માટે ૨૨૨ કરોડ રૂપિયાની હાઇએસ્ટ બોલી લગાવી હતી. ડ્રીમ ઇલેવન પહેલાં ચાઇનીઝ કંપની વિવો આઇપીએલની ટાઇટલ સ્પોન્સર હતી.

### ધોની બાદ રૈનાએ પણ નિવૃત્તિ લીધી

#### ભારત માટે ૧૬ ટેસ્ટ, ૨૨૬ વન-ડે તથા ૭૮ ટી૨૦ મેચ રમ્યો છે




ચેન્નઇ : મહેન્દ્રસિંહ ધોનીની નિવૃત્તિ બાદ ડાબોડી બેટ્સમેન સુરેશ રૈનાએ પણ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને તમામને સ્તબ્ધ કરી દીધા હતા. ધોનીએ છેલ્લા એક વર્ષથી ઇન્ટરનેશનલ ક્રિકેટ રમી રહ્યો નથી અને તેનું પુનરાગમન લગભગ અશક્ય હતું પરંતુ રૈના હજુ ૩૩ વર્ષનો છે અને તે આઇપીએલમાં સારો દેખાવ કરીને ટીમમાં પાછો ફરી શક્તો હતો. જોકે રૈનાએ પોતાની ઇન્ટરનેશનલ કારકિર્દીને ધ્યાનમાં રાખ્યા વિના પોતાના ભૂતપૂર્વ સુકાનીના પગલે ચાલીને ક્રિકેટને અલવિદા કરી દીધી હતી. રૈનાએ તેની મોટા ભાગની મેચો ધોની સાથે રમી હતી. ઓફ ધ ફિલ્ડ પણ બંનેની મિત્રતા ઘણી ગાઢ હતી જે જગજાહેર છે. બંનેએ એક જ દિવસે નિવૃત્તિ જાહેર કરતા વિવિધ અટકળો થઇ રહી છે.

### મોદીએ ધોનીને લખ્યો ભાવુક પત્ર, કહ્યું- ૧૩૦ કરોડ ભારતીયો નિરાશ

પીએમ મોદીએ ધોનીનાં સંન્યાસને લઈ એક પત્ર લખ્યો હતો. મોદીએ લખ્યું કે, ૧૫ ઓગસ્ટે તમે તમારા સાદા અંદાજમાં એક નાનો વીડિયો શેર કર્યો જે સમગ્ર દેશમાં એક લાંબી અને ઝનૂની ચર્ચા માટે ઘણી હતી. ૧૩૦ કરોડ ભારતીયો નિરાશ છે, પણ સાથે જ જે તમે છેલ્લા દોઢ દાયકામાં ભારત માટે કર્યું તેના માટે તમારા આભારી પણ છે. તમે ભારતીય ક્રિકેટના સૌથી સફળ કેપ્ટનોમાં સામેલ છો. ભારતને દુનિયાની ટોપની ટીમ બનાવવા માટે તમારું મહત્વપુર્ણ યોગદાન છે.

# ત્રિપલ મર્ડર કેસ ઉકેલાયો : મહિલા સહકર્મી સાથે સંબંધ બનાવવા કૃત્ય

## •પોરબંદરમાં ફોરેસ્ટ ગાર્ડ, તેના પતિ અને રોજમદારની ઘાતકી હત્યા થઈ હતી

પોરબંદર : પોરબંદરમાં ૧૫મી ઓગસ્ટે બરડા ડુંગરમાં ગુમ થયેલા મહિલા ફોરેસ્ટ ગાર્ડ અને તેના શિક્ષક પતિ સહિત વનવિભાગના રોજમદારની ઘાતકી હત્યાના ત્રિપલ મર્ડરના આ સનસનાટીભર્યા બનાવમા અંતે પોલીસે મર્ડર મીસ્ટ્રીના તાણાવાણા ઉકેલી લીધા છે. જેમાં મહિલા સહકર્મચારી સાથેની મૈત્રીને વધુ ગાઢ બનાવવા ઈચ્છતા તેના સહકર્મીએ જ ત્રિપલ મર્ડરને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. હાલ અમદાવાદના માંડલ ખાતે રહેતા વસરામભાઈ પાલાભાઈ રાઠોડ નામના આધેડે હત્યાના આ બનાવમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવાયું છે કે, પુત્રી હેતલ, જમાઈ કીર્તિ ઉર્ફે કીરીટ સોલંકી તથા વનવિભાગના



રોજમદાર નાગાભાઈ ભુરાભાઈ આગઠ દારૂની ભઠ્ઠીની રેડ કરવા માટે બરડા ડુંગરમાં ગયા બાદ ગુમ થયા હતા. જેમાં શકમંદ તરીકે લખમણ ઓડેદરા નામના જંગલ ખાતાના જ ફોરેસ્ટ ગાર્ડનું નામ દર્શાવીને ગુનો નોંધાવ્યો હતો. ત્રિપલ મર્ડર કેસમાં પોલીસે આરોપીને દબોચી લીધો હતો.

# મુન્દ્રા-માંડવીમાં આફતનો વરસાદ ધ્રબ નજીક પાંચ ડૂબ્યા: એક મોત

ભુજ : મેઘતૃષ્ણાનાં મુલક સમા રણપ્રદેશ કચ્છના કાંઠાળ વિસ્તારો પર મેઘરાજા મન મૂકીને વરસતા જનજીવન મુશ્કેલીમાં મુકાયું છે.અબડાસાના પણ અનેક ડેમોમાં પાણીની આવક સાથે અનેક રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. રવિવારે મુન્દ્રા અને માંડવીમાં વહેલી સવારથી પડેલા વરસાદ બાદ શહેરના અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા તો ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સારી આવક થતા ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાયું હતું તો બીજી તરફ માંડવી વિસ્તારના લાકડા બઝાર,આઝાદ ચોક,પોસ્ટ ઓફીસ નજીકના રસ્તાઓમાં જાણે નદી વહેતી હોય તેમ પાણીનો પ્રવાહ શરૂ થતા લોકો માટે મુશ્કેલી સર્જાઇ હતી.

રવિવારની સવારથી અવિરતપણે વરસી રહેલો ભારે વરસાદ મુન્દ્રાના ધ્રબમાં આફત લઈને આવ્યો હતો. ધ્રબ નજીકની સુરઈ નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં પાંચ લોકો તણાયા હતા જેમાં ૨ મહિલાઓને સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ કરી બચાવી લીધા હતા પરંતુ એક મહિલાએ સારવાર પહેલા દમ તોડ્યો હતો જ્યારે બે પુરૂષો અને એક મહિલા સહિત ૩ લોકો હજુ પણ લાપતા છે. સ્થાનિક તરવૈયા અને સ્થાનિક તંત્રની મદદથી તેમની લાંબી શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં સિંહણ છાતી પર ચડી જતાં ખેડૂતે ધક્કો મારી ભગાડી મૂકી

સાવરકુંડલા : સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના અભરામપરા ગામના યુવાને જે કર્યું તેનો વિચાર તો તમને સપને પણ ન આવી શકે. ખેતરમાં રાતના પાણી વાળવા અને પાકનું રખોપું કરવા ગયેલા વિપુલ ખેલૈયાને ઊંઘ જ જાણે કે યમરાજ લઈ જવાના હોય તેવો અનુભવ થયો અને તેની છાતી પર ગિરનારની શિલા જાણે કે ઉડીને આવી પડી હોય તેવું વજન લાગવા લાગ્યું. આ બધાથી તેની પૂરી ઊંઘ ઉડે તે પહેલા જ એક પરિચીત અવાજ તેને સંભળાયો. જે સાંભળતા જ ઊંઘ તો ઉડી જ ગઈ પરંતુ શરીરની તમામ ઈન્દ્રિયો એક જ ઝટકામાં જાગૃત થઈ ગઈ. આંખ ખોલીને જોયું તો તેની છાતી પર પંજો મૂકીને એક ભૂખી સિંહણ ઘુરકીયા કરતી ઉભી હતી. આ સંકટની ઘડીમાં પણ યુવાન બેબાકળો થયો નહોતો અને પોતાનું પ્રેઝન્સ ઓફ માઈન્ડ ગુમાવ્યા વગર તેણે પોતાની બધી જ તાકાત શારીરિક અને માનસિક ભેગી કરીને સિંહણને વળતો ધક્કો માર્યો પોતાની ઝુંપડીના દરવાજા બહાર ધકેલી દીધી. બસ આ મીનિટોના ખેલમાં વિપુલ ખેલૈયા માટે આ રાત એક યાદગાર સંભારણનું બની ગઈ.

સિંહણે તો કલ્પના પણ નહીં કરી હોય કે જેને તે સહેલો શિકાર ગણીને આગળ વધી હતી તે આવી રીતે વળતો પ્રહાર કરશે. બસ પછી શું સિંહણે એક જ ઝાટકે મળલી હારને સ્વિકારીને પારોઠના પગલા ભરી લીધા અને પરત જંગલના અંધારામાં ચાલી ગઈ હતી.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS






THE RED LISTING GROUP
RED AND GOLD, GOT IT SOLD
PARTH PATEL
Sales Representative
Dir: 647 568 5779
Dir: 647-966-7283
www.Theredlisting.com




5580 Sheppard Ave E
$399,900
Condo Apt
Apartment
For Sale call for more info

Location! Location! Location! Stunning Renovated, 2 Bedrooms + Solarium Corner Unit W/Loads Of Space! Super Clean & Bright, Laminate Floors & Ceramics, Huge Storage Room, Large Bedrooms W/Oversized Closets, Functional Eat-In Kitchen, Open Concept Living/Dining Room W/Massive Solarium! Well Managed Building, Minutes To Shopping, Schools, College, Place Of Worship, Parks, Ttc, 401 & More!
Extras:All Electrical Light Fixtures, Fridge, Stove, Microwave, All Window Coverings Except Solarium Room. Please Review Attached Covid-19 Form Before Booking A Showing.

HomeLife/Miracle Realty Ltd, Brokerage*
22 Slan Ave, Scarborough, ON, M1G 3B2
Office: 416-289-3000 / Fax: 416-289-3008
Email: Diliprealtor@gmail.com





# જીએસટી વિભાગના ૩૫ જગ્યાએ દરોડા, કરોડોના કૌભાંડનો પર્દાફાશ

ગાંધીનગર : ગુજરાતના જીએસટી વિભાગ દ્વારા ગુરુવારે ૩૫ સ્થળે રેડ થઈ હતી. વિભાગે ૩૦૪ કરોડ રૂપિયાનું બોગસ અને મસમોટું ઈવે બિલ કૌભાંડ પકડી પાડ્યું છે. માહિતી મુજબ આ કાર્યવાહી હેઠળ જૂનાગઢના સંજય બાલુ મશરૂ નામના એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગુજરાત જીએસટી વિભાગે મોટી કાર્યવાહી કરી ૩૦૪ કરોડ રૂપિયાના મસમોટા અને બોગસ ઈવે બિલ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.



આ કાર્યવાહી હેઠળ વિભાગે કુલ ૩૫ જગ્યાએ દરોડા પાડ્યા હતા. જેમાં જૂનાગઢ, માણાવદર, માંગરોળ, કેશોદ જેવા સ્થળો શામેલ છે. જીએસટી વિભાગની આ કાર્યવાહી હેઠળ સંજય મશરૂ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. માહિતી પ્રમાણે વિભાગ દ્વારા કરવામાં આવેલ આ કાર્યવાહીમાં સામે આવ્યું કે ખોટા બિલ બનાવી રૂપિયા ૧૫.૨૧ કરોડની ટેક્સ ચોરી કરવામાં આવતી હતી. સીંગદાણા કોમોડિટીના ખોટા બિલ બનાવી આ ચોરી કરવામાં આવતી હતી. ઉપરાંત, મજુર માણસોના દસ્તાવેજોનો પણ દુરુપયોગ કરવામાં આવતો હતો. વિભાગે આરોપી સંજય મશરૂની ધરપકડ કરી છે અને હવે તેના રિમાન્ડ મગાશે. સાથે જ વિભાગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદમાં પૂર્વ પ્રમુખે માથાના ભાગે ગોળી મારી કરી આત્મહત્યા

નડિયાદ : નડિયાદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને નડિયાદના જાણીતા બિલ્ડર દિલીપ રમણિકલાલ શાહ(શેઠ) એ આર્થિક સંકડામણને કારણે ગુરુવારે પોતાની રિવોલ્વરથી માથે ગોળી મારી આત્મહત્યા કરી લીધી છે. ગુરુવારે બપોરના સમયે નડિયાદ નજીક આવેલ ગુતાલ ગામની સીમમાં આવેલા પોતાના ફાર્મ હાઉસમાં ગયા હતા જ્યાં હાજર નોકરને પોતાને થોડું કામ હોય નોકરને પોતાની ઓરડીએ જવા જણાવ્યું હતું. ત્યાર બાદ થોડા જ સમયમાં ફાયરીંગનો અવાજ આવતા નોકર બંગલા તરફ દોડ્યો હતો. જ્યાં દિલીપ શેઠની લોહીથી લથપથ લાશ જોઈ હતી. દિલીપ શેઠે પોતાની રિવોલ્વરથી માથાના ભાગે ગોળી મારી આત્મહત્યા કરી લેતા ફાર્મ હાઉસના નોકર દ્વારા નડિયાદ ગ્રામ્ય પોલીસને જાણ કરવામાં આવી હતી.

# નડિયાદ હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માતમાં 5નાં મોત : 5ને ઈજા

અમદાવાદઃ નડિયાદ-ડભાણ પાસે રવિવારે મોડી સાંજે બે કાર વચ્ચે અકસ્માત થતા એક જ પરિવારના બે મહિલા, બે બાળક સહિત કુલ પાંચના મોત નીપજ્યાં હતાં. જ્યારે પાંચ જણને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતમાં અમદાવાદના જમાલપુરમાં રહેતા અને સિંગચણાનો વ્યવસાય કરતાં યાકુબ શેખ, તેમના પત્ની કૌસરબીબી, તેમના દીકરી સીમાબેન, સીમાબેનની પુત્રી ઝીયા તેમ જ તેમના સંબંધીની પુત્રી ઈનાયાનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. પરિવાર કારમાં સવાર હતો. એ સમયે પાછળથી અન્ય કારના ચાલકે તેમને ટક્કર મારી હતી. તેઓ વડોદરા તરફથી અમદાવાદ જતા હતા અને એ સમયે આ ઘટના સર્જાઈ હતી.

અકસ્માતગ્રસ્ત ફોર્ચ્યુનર કારનો ચાલક સાણંદનો પ્રમુખ પટેલ હતો.



અકસ્માત સર્જાયો ત્યારે કારની સ્પીડ અંદાજે ૧૦૦ કિમી પ્રતિ કલાકની આસપાસ હોવાનું લોકો કહી રહ્યા હતા. તેને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો ત્યારે તે નશાની હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનામાં પ્રમુખ ચંદુલાલ પટેલ, સમીરાબેન યાકુબભાઈ શેખ, જીયાબાનુ વસીમભાઈ શેખ, સહદ શેખ અને નીદાબાનુ ઈમરાન શેખને શરીર અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષાની જવાબદારી હવે સીઆઈએસએફને હવાલે

વડોદરા : સ્ટેચ્યુ ઓફ યુનિટીની અંદરનો હવે સુરક્ષાનો હવાલો પોલીસ અને એસઆરપી પાસેથી લઈને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફેર્સ એટલે કે સી આઈ એસ એફ એસ ને સોપી દેવામાં આવશે. ૧૭મી તારીખે જવાનો કેવડિયામાં આવી ગયા હતા. પરંતુ કોરોના કારણે તેઓ સાત દિવસ સુધી હોમ કોરોન્ટાઈન રહેશે અને ત્યારબાદ તેઓ ડિપ્લોમેંટ સેરિમેની યોજાશે અને ફરજ પર હાજર થશે. દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલમાં કારોનાને કારણે માર્ચ મહિનાથી બંધ છે. પરંતુ હવે તેની સુરક્ષા માટે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સના અને ૨૭૦ જેટલા જવાનો તૈનાત કરાયા છે એ ૧૭ તારીખે સોમવારે કેવડીયાકોલોની આવી જશે. કેવડિયા કોલોનીમાં જૂનું નર્મદા યોજનાની હોસ્પિટલ છે ત્યાં તેઓ માટે મેસ, રહેઠાણ, શસ્ત્રાગારની વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

# અરવલ્લીમાં ડબલ મર્ડર પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર : ચારની ધરપકડ

અરવલ્લી : અરવલ્લીમાં માલપુરના હેલોદરમાં ભોલાભાઠોડાની સીમમાંથી હત્યા કરીને ફેંકી દેવાયેલ બે યુવકોની લાશ મળી આવતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. જિલ્લાભરના પોલીસ કાફલાએ દોડી પહોંચી તપાસ હાથ ધરતાં આ જ ગામના બે પિતરાઈ ભાઈઓની કરપીણ હત્યા થઈ હોવાનુ ખુલતાં એલસીબી, એસઓજી, માલપુર પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરી દેવામાં આવી હતી અને બાતમીદારો પાસેથી વિગતો મેળવી ૨૪ કલાકમાં ડબલ મર્ડર કેસનો ભેદ ઉકેલી નાખવામાં આવ્યો હતો. બે પિતરાઈ ભાઈઓની હત્યામાં સંડોવાયેલ ચાર આરોપીઓને ઝડપી લેવાયા હતા. જ્યારે હજુ એક આરોપી નાસતો ફરતો હોય દબોતી લેવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. માલપુરના હેલોદર નજીક આવેલ ભોલાભઠોડાની સીમમાંથી શનિવારે આ જ ગામના વિક્રમભાઈ ઉજમાભાઈ પગી ઉ.વ.૨૪ તથા મનુભાઈ લેબાભાઈ પગી ઉ.વ.૩૫ની લાશો મળી આવી હતી. બંને પિતરાઈ ભાઈઓના શરીરે તિક્ષણ હથિયારોના ઘા મારી હત્યા કરવામાં આવી હતી અને લાશો તળાવ નજીક ફેંકી દેવામાં આવી હતી. બનાવને પગલે લોકોના ટોળાં એકઠાં થઈ ગયા હતા. દરમિયાન જિલ્લા પોલીસવડા સંજય ખરાતે તપાસ માટે અરવલ્લી એલસીબી,એસઓજી અને માલપુર પોલીસની ટીમોને દોડાવી હતી.

# રાજસ્થાનથી ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડવાનો પર્દાફાશઃ સિદ્ધપુરમાં ચારની ધરપકડ

અમદાવાદઃ મુંબઈથી ગુજરાત રાજ્યમાં મેથિલેને-ડિઓક્સી મેથેમ્ફેટેમાઈન ડ્રગ્સની હેરાફેરીને તોડવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સફળ થતાં ડ્રગ માફિયાઓએ હવે નવા રૂટથી એમડી ડ્રગ્સ રાજ્યમાં ઘુસાડવાનું શરૂ કર્યુ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાત એન્ટિ-ટેરરિસ્ટ સ્કવોર્ડની ટીમે સંયુક્ત ઑપરેશન કરી રાજસ્થાન સરહદેથી રાજ્યમાં લવાતા ડ્રગ્સ અને અફીણ સાથે ચાર શખ્સની ધરપકડ કરી છે. પોલીસે ૨૪૫ ગ્રામ કિંમત ? ૨૪.૫૩ લાખ અફીણ અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એમડી ડ્રગ્સની ડિલ કરતા અમદાવાદમાં નેટવર્કને તોડી પાડતા મુંબઈથી ડ્રગ્સ આવતું બંધ થઈ ગયું હતું. દરમિયાનમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમને માહિતી મળી હતી કે, હવે રાજસ્થાન તરફથી ડ્રગ્સનો જથ્થો સપ્લાય થઈ રહ્યો છે.

# ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક) જ્ઞાન-ઈલ્મુલગૈબ પાલનહાર અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે હોય શકે?



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ભાગ-૪

“ગુપ્ત (ગૈબી) જ્ઞાન (ઈલ્મુલ ગૈબ) ઉપરાંત આત્મા (રૂહ) સંબંધી જ્ઞાન તથા દિવ્ય, અલૌકિક વાણી-આધ્યાત્મિક-ઈશ્વર પ્રેરિત દૈવી અને દિવ્ય પ્રેરણા (વહી) વિષેનું જ્ઞાન પણ ગુપ્ત (ગૈબી) જ્ઞાન (ઈલ્મુલ ગૈબ)નો એક ભાગ છે, અને તેનાથી ગાઢ અને નિકટનો સંબંધ ધરાવતું જ્ઞાન છે, અને તે જ્ઞાન વિષે પણ સામાન્ય મનુષ્યને પાલનહાર અલ્લાહ તરફથી એટલી જાણકારી નથી આપવામાં આવેલ કે તે આ જ્ઞાનને સમજી શકે. તે પ્રકારના જ્ઞાન વિષે પણ મનુષ્યને બહુ જ થોડી જાણકારી આપવામાં આવેલ છે. આ વિષેનું એક બોધવચન આ પ્રમાણે છે :-

“(હે પયગંબર), આ લોકો તમને આત્મા-રૂહ સંબંધી પુછે છે, તો તેમને કહી દો કે “આત્મા-રૂહ મારા પાલનહાર(રબ) ના આદેશ (હુકમ)થી છે. અને તમને આ વિષે બહુ જ થોડું જ્ઞાન આપવામાં આવેલ છે.” (પ્રકરણ ૧૭, શ્લોક ૮૫)

ઉપરના બોધવચન અનુસાર મનુષ્યોને કેવળ એટલું જ જ્ઞાન છે કે પાલનહાર અલ્લાહના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.) ઉપર પાલનહાર અલ્લાહ તરફથી દિવ્ય, અલૌકિક વાણી એટલે કે ઈશ્વર પ્રેરિત દૈવીવાણી (વહી) મારફત મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદ આજથી ૧૪૦૦ વર્ષ પહેલા ઉતરેલ છે, જે સમસ્ત માનવજાતના માર્ગદર્શન માટે છે. આ ઈશ્વર પ્રેરિત દૈવી વાણી (વહી) પાલનહાર અલ્લાહ તરફથી તેના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.) માટે એક વ્યવહાર (સંદેશા પહોંચાડવાની પદ્ધતિ) હતી, જે દેવદુતો (ફરીશતાઓ)ના સરદાર હઝરત જીબ્રઈલ (અ.સ.) મારફત થતી હતી. આ ઈશ્વર પ્રેરિત દૈવીવાણી (વહી) વિષે મનુષ્યોને કેવળ આટલી જ જાણ છે. તેનાથી વધુ એટલે કે આ સંદેશા વ્યવહાર કેવી રીતે, ક્યારે ક્યારે અને કઈ અને કેવી સ્થિતિમાં થતો હતો તે મનુષ્યોની જાણકારીથી બિલ્કુલ બહાર છે, અને મનુષ્યો તે વિષે કદાપિ વધુ નહિ જાણી શકે, કારણ કે ઉપરના બોધવચનમાં પાલનહાર અલ્લાહે કહેલ છે કે આ વિષે મનુષ્યોને બહુ જ થોડું જ્ઞાન આપવામાં આવેલ છે.

શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ) માટે શ્રધ્ધા (ઈમાન)ના પાયા રૂપે ગુપ્ત (ગૈબી) જ્ઞાન (ઈલ્મુલ ગૈબ) પર સંપૂર્ણ શ્રધ્ધા (ઈમાન) રાખવી બહુજ જરૂરી છે, અને આ સત્ય કુરાન મજીદના બીજા પ્રકરણના આરંભમાં જ કહી દેવામાં આવેલ છે. પ્રકરણ ૨ના આરંભના ત્રણ શ્લોકો આ પ્રમાણે છે :-

“અલીફ, લામ, મીમ. આ (કુરાન મજીદ) અલ્લાહનો ધર્મગ્રંથ છે તેમાં કશી શંકા નથી. એ માર્ગદર્શક છે તે સંયમી (અલ્લાહથી ડરવાવાળાઓ) લોકો માટે, જેઓ ગુપ્ત (ગૈબી) બાબતો પર શ્રધ્ધા (ઈમાન) ધરાવે છે, તથા બંદગી (નમાઝ) સ્થાપિત કરે છે, તથા જે કંઈ આજીવિકા (રોઝી-રીઝક) અમોએ તેમને અર્પણ કરેલ છે, તેમાંથી અલ્લાહની વાટમાં ખર્ચ કરે છે.” (પ્રકરણ ૨, શ્લોક ૧, ૨ અને ૩)

ઉપરના બોધવચન અનુસાર જગતભરના શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ) ગુપ્ત (ગૈબી) બાબતો પર સંપૂર્ણ શ્રધ્ધા (ઈમાન) ધરાવે છે.

ગુપ્ત (ગૈબી) જ્ઞાન (ઈલ્મુલગૈબ) વિષે ઉપસંહારમાં એ કહી શકાય કે આ જ્ઞાનનો જગત જીવન સાથે સંબંધ નથી, પરંતુ તેનો સંબંધ આધ્યાત્મિક, અલૌકિક અને દૈવી બાબતો સાથે છે, અને આ જ્ઞાન કેવળ પાલનહાર અલ્લાહ પાસે જ છે, અને તેના સિવાય આ જ્ઞાન બીજા કોઈ પાસે પણ નથી અને એટલા સુધી કે તેના પયગંબરો પાસે પણ નહિં, અને તેમ છતાં એ પાલનહાર અલ્લાહના જ અધિકારમાં અને તેની જ મરજી પર છે કે તે આ જ્ઞાન પોતાના પયગંબરોને અર્પણ કરે, જો તે ચાહે તો જ. આ વિષેના સર્વે બોધવચનો આ લેખમાં આગળ આપવામાં આવેલ છે. આ અનુસાર ગુપ્ત (ગૈબી) જ્ઞાન (ઈલ્મુલ ગૈબ) પાલનહાર અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે પણ હોવાનું માનવું એ પાલનહાર અલ્લાહ અને કુરાન મજીદના આદેશોની તદ્દન વિરુદ્ધ છે, જે વિષે ઉપર આપેલા સર્વે બોધવચનો થકી આ સત્યનો પુરાવો આપવામાં આવેલ છે.

સમાપ્ત.

# ઝડફિયાની હત્યા માટે આવેલો છોટા શકીલનો શાર્પશૂટર ઝબ્બે

## રિલિફ રોડ ઉપર આવેલી હોટેલમાં શાર્પશૂટર રોકાયાની બાતમીને આધારે પહોંચેલી એટીએસની ટીમ પર ફાયરિંગ થયું

અમદાવાદઃ શહેરના રિલિફ રોડ વિસ્તારમાં આવેલી એક હોટેલમાંથી દાઉદના રાઈટ હેન્ડ ગણાતા છોટા શકીલનો શાર્પશૂટર ઝડપાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ શાર્પશૂટર ભાજપના નેતા ગોરધન ઝડફિયાની હત્યા કરવા માટે મુંબઈથી આવ્યો હતો. તેને પકડવા માટે પહોંચેલી એટીએસ અને ક્રાઈમ બ્રાંચની ટીમ પર ફાયરિંગ થયું હોવાના પણ અહેવાલ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, હોટેલમાં બે શાર્પશૂટર રોકાયા હોવાની બાતમી મળતા ટીમ તેમને પકડવા માટે પહોંચી હતી. આ દરમિયાન સામસામે ફાયરિંગ થયું હતું. જેમાં એક



શાર્પશૂટર ભાગી જવામાં સફળ રહ્યો હતો, અને બીજો પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પકડાયેલા

શૂટર પાસેથી બે પિસ્તોલ મળી આવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ટીવી રિપોર્ટ્સ અનુસાર, રિલિફ રોડ પર આવેલી વિનસ હોટેલમાં રોકાયેલા છોટા શકીલના શાર્પશૂટરને પકડવા માટે એટીએસ અને ક્રાઈમ બ્રાંચની ટીમ બુધવારે રાત્રે ત્રણેક વાગ્યે પહોંચી હતી. જો કે તે દરમિયાન પોલીસ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે જવાબી કાર્યવાહી કરીને ફાયરિંગ કરનારા શખ્સને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે આ શખ્સ ગોરધન ઝડફિયાની હત્યા કરવા આવ્યો હતો. હાલ સીઆર પાટીલ સાથે તેઓ સૌરાષ્ટ્રના પ્રવાસે જવાના હતા.

### સરકાર વધારશે ગોરધન ઝડફિયાની સુરક્ષા, યૂપીમાં હતી ઝેડપ્લસ સુરક્ષા

અમદાવાદઃ છોટા શકિલ દ્વારા ગોરધન ઝડફિયાની હત્યાની સોપારી આપવામાં આવી હોવાનો એટીએસમાં ખુલાસો થયો છે. ગોરધન ઝડફિયાની હત્યાના નિષ્ફળ પ્રયાસને લઈને રાજ્ય સરકારના ગૃહ વિભાગે ગોરધન ઝડફિયાની સુરક્ષા વધારવાના આદેશ કર્યા છે. ગોરધન ઝડફિયાએ સમગ્ર ઘટના પર પ્રતિક્રિયા આપતા કહ્યુ કે, વહેલી સવારે ગૃહરાજ્ય પ્રધાન પ્રદિપસિંહ જાડેજાનો ફોન આવ્યો હતો..અને તેમના પર હુમલો કરવા આવેલા શખ્સની અટકાયત થઈ હોવાનું કહ્યુ હતું. ઝડફિયાએ એમ પણ કહ્યુ કે અગાઉ જ્યારે તેઓ વલસાડ-નવસારીમાં હતા.ત્યારે તેમની રેક થતી હોય તેમ લાગતુ હતુ .

## રાષ્ટ્રપતિના ચંદ્રકથી ગુજરાતના ૧૯ પોલીસ અધિકારી-જવાનોનું બહુમાન

ગાંધીનગર- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ એ ગુજરાત પોલીસમાં બે વિશિષ્ટ સેવા ચંદ્રક તથા ૧૭ પ્રશંસનીય સેવાના પોલીસ મેડલો અધિકારી જવાનોને જાહેર કર્યા હતા. જેમાં એડીજીપી નિરજા ગોટરૂ અને વાયરલેસ પીએસઆઈ એન.ડી. વઘાસીયાને વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરાયા છે.

અમદાવાદ શહેરના એસીપી એસ. કે.ત્રિવેદી, વલસાડના ડીવાયએસપી વી.એમ.જાડેજા, જામનગરના ડીવાયએસપી જે.એચ.ચાવડા, સીઆઈડી ક્રાઈમના ડીવાયએસપી એસ. એલ.ચૌધરી, એસીબીના ડીવાયએસપી આસુતોષ કનુભાઈ પરમાર, એસઆરપી જુથ-ર અમદાવાદના ડીવાયએસપી એલ.ડી.રાઠોડ, એસઆરપી જુથ-૩ મડાણાના ડીવાયએસપી આર.એલ. ડાખરા, સીએમ સિક્યોરીટીના ડીવાયએસપી પી.આર.સધાણી, સુરતના મદદનીશ સબ ઈન્સ્પેકટર દીપસિંહ કાનજીભાઈ પટેલ, મહેસાણાના હેડકોન્સ્ટેબલ ભાનુભાઈ ગોવિંદભાઈ ભરવાડ, જામનગરના હે.કો.ભરતભાઈ નાથાભાઈ મુંગરા, અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચના હેકો.સુરેશ શ્રીધરન નાયર, ધીરજકુમાર લક્ષ્મણભાઈ પરમાર, એસઆરપી જુથ-૧૧ સુરતના હેકો.સુરેશ છગનભાઈ પટેલ વગેરેનું આ પ્રકારે બહુમાન કરાયું છે.

### પરિયામાં વીજ કરંટ લાગતા એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત

વલસાડઃવલસાડના પરિયા ગામના બ્રાહ્મણ ફળિયામાં રહેતા ઉપેશ ભાણાભાઈ કોળી પટેલ (૪૦)ના ઘરમાં મોટર ચાલુ કરવા જતા સમયે કરંટ લાગતા તેમનું તેમના પત્ની કૈલાશબેન ઉપેશભાઈ (૩૫) અને તેમના પુત્ર વિરલ ઉપેશભાઈ (૧૭)નું ઘટનાસ્થળે મોત નિપજ્યું છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો, મામલતદાર અને ગામના સરપંચ સહિતના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્રણે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાથી સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

## ગુજરાત રાજ્યના ભૂમાફિયા ઉપર સકંજો કસાશેઃ ૧૪ વર્ષની કેદ થશે

ગાંધીનગર : જમીન પડાવવાના કાયદામાં સુધારો કરીને વધુ આકરી સજા તેમજ દંડની જોગવાઈ કરતો કાયદો પસાર કરાશે.

ગુજરાત સરકાર ભુમાફિયાઓ પર નકેલ કસવા માટે એન્ટિ લેન્ડ ગ્રેબિંગ કાયદામાં સુધારો કરીને ૧૪ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવા તૈયારી કરી રહી છે. રાજ્ય સરકારના રેવન્યુ વિભાગ દ્વારા આ માટે 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ(પ્રોહિબિશન) બિલ ૨૦૨૦'નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. જેને વિધાનસભાના આગામી મહિને મળનાર ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ પ્રસ્તાવિત બિલમાં ગુનો સાબિત થયો હોય તેવા કેસમાં ભુમાફિયાઓને વધુમાં વધુ ૧૪ વર્ષની જેલની સજા અને ઓછામાં ઓછી ૧૦ વર્ષ સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ અંગે જાણકારી ધરાવતા ઉચ્ચ સૂત્રોએ કહ્યું કે નવા પ્રસ્તાવિત કાયદા મુજબ જે ગુનાગાર સાબિત થશે તેમણે જે તે જમીનની જંત્રી જેટલો દંડ પણ ભરવો પડશે. તેમજ જો આ ગુનો આચરનાર કોઈ કંપની હશે તો જ્યારે ગુનો આચરવામાં આવ્યો તે સમયે કંપનીમાં ભાગ ધરાવતા હોય તેવા દરેક વ્યક્તિ ગુનેગાર ગણાશે અને તેમની વિરુદ્ધ કાયદેસર પગલા લેવામાં આવશે.

## ૧૫મી સપ્ટેમ્બર બાદ વિધાનસભા સત્ર મળશે

અમદાવાદઃ આગામી ૧૫મી ઓગષ્ટ બાદ ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર મળી શકે છે. કોરોનાની મહામારીને પગલે ખાસ બેઠક વ્યવસ્થા સાથે બે-ત્રણ દિવસનું સત્ર મળે તેવી સંભાવના છે. ચોમાસુ સત્રને પગલે વિધાનસભાના અધિકારીઓએ અત્યારથી તૈયારીઓ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

આ વખતે કોરોનાના વધતા જતાં સંક્રમણને પગલે ગુજરાત વિધાનસભામાં ય મંત્રીઓ-ધારાસભ્યોને બેસવા માટે ખાસ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. એટલું જ નહીં,જુનિયર ધારાસભ્યોને તો પ્રેક્ષક ગેલેરીમાં બેસાડવા નક્કી કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વિધાનસભા સત્ર દરમિયાન મુલાકાતીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

કોરોનાની મહામારીને કારણે જ ૨૩મી માર્ચે વિધાનસભા સ્થગિત કરવી પડી હતી.

## ગુજરાતી ફિલ્મને અપાતી સબસીડીમાં ગોટાળા, હાઈકોર્ટમાં પિટિશન દાખલ

અમદાવાદ- ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અંતર્ગત મળતી સબસીડીમાં ચાર કરોડ જેટલી રકમનું કૌભાંડ થયું હોવાનો ગુજરાતી ફિલ્મ નિર્માતા મનોજ પટેલે દાવો કર્યો છે અને તેને લઈને સચોટ તપાસ તથા યોગ્ય કાર્યવાહી માટે હાઈકોર્ટમાં પિટિશન પણ કરી છે. મનોજ પટેલનું કહેવું છે કે સમગ્ર દેશ અત્યારે કોરોનાની વૈશ્વિક મહામારી સામે આર્થિક રીતે ઝઝૂમી રહ્યો છે અને આવનારો સમય આનાથી પણ કપરી આર્થિક મહામંદીનો સમય આવવાની ભીતિ સેવાઈ રહી છે ત્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હાલમાં માહિતી અને પ્રસારણ વિભાગમાં કરવામાં આવેલ એક આરટીઆઈમાં ગુજરાતી ફિલ્મ ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહક નીતિ ૨૦૧૯ અને ૨૦૧૬ અન્વયે અપાતી સહાયની રકમ એટલે કે સબસીડી નો કથિત છબરડો બહાર આવ્યો છે. આ છબરડામાં ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહક નીતિ ૨૦૧૬ હેઠળ આવતી આશરે ૧૮ જેટલી ફિલ્મોને જૂની ૨૦૧૬ની સબસીડીની માહિતી મુજબ સબસીડી ચૂકવવાને બદલે વાલા-દવલા ની નીતિના ધોરણે નવી સબસીડી નીતિ ૨૦૧૯ મુજબ કરોડો રૂપિયા ચૂકવી દીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, અને હજુ પણ આ રકમમાં વધારો થાય તેવી સંભાવના મનોજ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

## અમદાવાદ-ધોલેરા ફોર-લેન હાઈવે ૩૫૦૦ કરોડમાં બનશે

ગાંધીનગર- લોકડાઉન બાદ એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા ગુજરાત સરકારે દાયકા જૂના અમદાવાદ-ધોલેરા ફોર-લેન એક્સપ્રેસ હાઈવે પ્રોજેક્ટના વિકાસ કાર્યો શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. રૂપિયા ૩૫૦૦ કરોડ અમદાવાદ-ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટીમેન્ટ રિજનના રોડ માટે નક્કી કરાયા છે અને ટૂંક સમયમાં જ તેનું કામ શરૂ થઈ જશે. આ ઉપરાંત રાજ્ય સરકારે એસઆઈઆરમાં ૭૦૦ મેગાવોટના સોલવ પાવર જનરેશનના કામને પણ મંજૂરી આપી દીધી છે. ચોમાસા બાદ પાવર જનરેશન અને એક્સપ્રેસ-હાઈવેના ૮૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજેકટનું કામકાજ શરૂ થઈ જશે. ૧૧૦ કિલોમીટર લાંબો ચાર લેનનો હાઈવે પ્રોજેક્ટ ૧૮થી૨૪ મહિનામાં પૂરો થવાનો અંદાજ છે. મુખ્યમંત્રી અને ઈન્ડસ્ટ્રી એન્ડ માઈન્સ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ દાસ ધોલેરા એસઆઈઆર પ્રોજેક્ટની દેખરેખ કરી રહ્યા છે.

## મંત્રીઓને આદેશ : કમલમમાં બેસો અને પ્રજાની સમસ્યાઓનો ઉકેલ લાવો

- મંત્રીઓ મળતા નથી, કાર્યકરોના કામ થતાં નથી તેવી ફરિયાદો ઉઠતાં ભાજપે આયોજન ગોઠવ્યું

અમદાવાદ : પ્રદેશ પ્રમુખનો પદભાર સંભાળ્યા બાદ સી.આર.પાટીલે મોદી સ્ટાઈલ અપનાવી છે.નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ પાટીલે હવે કમલમને મિની સચિવાલયમાં તબદીલ કરવા તખતો તૈયાર કર્યો છે તેનુ કારણ એ છેકે, મંત્રીઓને કમલમમાં બેસવા આદેશ કરાયો છે.મંત્રીઓ હવે કમલમમાં બેસીને કાર્યકરોના પ્રશ્ન-રજૂઆતો સાંભળશે અને તેનો ઉકેલ લાવશે. સી.આર.પાટીલે નારાજ કાર્યકરોને મનાવવાના બહાને મંત્રીઓનો સહારો લેવા આયોજન કર્યુ છે. ભલે ભાજપની સરકાર હોય પણ કાર્યકર્તા ભાજપથી ભારોભાર નારાજ છે કેમકે,છેલ્લા કેટલાંય વખતથી ગુજરાત ભાજપ જાણે કોંગ્રેસયુક્ત થયુ છે.પક્ષપલટો કરીને આવેલાં કોંગ્રેસના ધારાસભ્યો મંત્રી બન્યા છે જયારે પક્ષ માટે વર્ષોથી પરસેવો પાડતાં કાર્યકરોને માત્ર ચૂંટણીમાં પોસ્ટર લગાડવા અને જાહેરસભામાં ખુરશી ગોઠવવા સિવાયની કામ રહ્યુ નથી. આવા વિસ્તારોમાં ભાજપ જનાધાર ગુમાવી રહ્યો છે. આ ફરિયાદોને પગલે ભાજપે મંત્રીઓને જ કમલમમાં બેસાડવા નક્કી કર્યુ છે.

### અમદાવાદઃ પુત્રવધૂના ત્રાસથી કંટાળીને સસરાએ આત્મહત્યા કરી

અમદાવાદ- અમદાવાદઃ અડાલજ કેનાલમાંથી થોડા દિવસ પહેલાં એક વૃદ્ધની લાશ મળી હતી. જેમાં હવે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે તપાસ કરી તો જાણવા મળ્યું હતું કે મૃતકે તેમના ફોન પરથી તેમના પરિવારજનોને મેસેજ કર્યો હતો કે પોતે આપઘાત કરવા જઈ રહ્યા છે. આ મેસેજમાં તેઓએ ઉલ્લેખ કર્યો હતો કે તેઓ તેમની વહુ અને તેના ઘરના લોકોથી કંટાળીને આપઘાત કરી રહ્યા છે. જેથી સમગ્ર બાબતને લઈને પોલીસે મૃતકની પુત્રવધૂ, પુત્રવધૂની બહેન અને ભાઈ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## એટીએસની બીજી સફળતા, કાલુપુર બ્લાસ્ટ કેસમાં એક આરોપીને ઝડપ્યો

અમદાવાદ : ગુજરાત એટીએસની ટીમ અને મરીન પોલીસે ૨૦૦૬માં કાલુપુર ખાતે રેલ્વે પ્લેટફોર્મ પર થયેલા બ્લાસ્ટ કેસમાં નાસતા ફરતા એક આરોપીની ધરપકડ કરી છે. અબ્દુલ ગાઝી નામના આરોપીની બાંગ્લાદેશ બોર્ડર પરથી ધરપકડ કરાઈ છે.

અમદાવાદમાં વર્ષ ૨૦૦૬માં કાલુપુર ખાતે એક બ્લાસ્ટ થયો હતો. જેનો આરોપી પોલીસને હાથમાં આવ્યો નહોતો. પરંતુ આરોપીએ બાંગ્લાદેશ બોર્ડર પર ગેરકાયદે બોર્ડર ક્રોસ કરાવીને આરોપીને પાકિસ્તાન મોકલ્યા હોવાનો ખુલાસો થયો છે. અમદાવાદમાં વર્ષ ૨૦૦૬માં કાલુપુર રેલવે સ્ટેશન પર એક બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટનો આરોપી અબ્દુલ ગાઝી પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ ગુજરાત એટીએસ સહિતની ટીમો તેને શોધવા માટે કવાયત હાથ ધરી હતી, પરંતુ તેની ભાળ મળી નહોતી. પરંતુ અબ્દુલ ગાઝી બાંગ્લાદેશ બોર્ડર પરથી આજે ગુજરાત એટીએસને હાથે લાગી ગયો છે. ગુજરાત એટીએસે આરોપીને કબજામાં લઈને તેની પુછપરછ કરી હતી. જેમાં અનેક મોટા ખુલાસાઓ સામે આવ્યા છે.

કાલુપુર રેલવે સ્ટેશન પર થયેલા બ્લાસ્ટ કેસના અને હાલ ગુજરાત એટીએસે ધરપકડ કરેલ અબ્દુલ ગાઝીએ બ્લાસ્ટના આરોપીને બોર્ડર ક્રોસ કરાવી પાકિસ્તાન મોકલ્યો હોવાની વાત સામે આવી છે.

# ભારતમાં એક જ દિવસમાં ૯.૧૮ લાખ કોરોના ટેસ્ટ

• ટેસ્ટિંગ વધારવામાં આવતા પોઝિટિવ કેસા વધ્યા : ભારતમાં કુલ ૩.૨૬ કરોડથી વધુ લોકોના કોરોના ટેસ્ટ થયા

નવી દિલ્હી : દેશમાં છેલ્લા બે સપ્તાહથી સરેરાશ ૫૦ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાઈ રહયા છે. આ સંખ્યા થોડાક દિવસથી ૬૦ થી ૬૫ હજાર સુધી પહોંચી ગઈ છે. ભારત કોરોના ટેસ્ટિંગ મામલે ખૂબજ પાછળ હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી પુરેપુરી ક્ષમતાથી ટેસ્ટિંગ કરવામાં આવતા વધુને વધુ કોરોના પોઝિટિવ કેસ બહાર આવી રહયા છે. ટેસ્ટની ગતિમાં પણ વધારો કરીને છેલ્લા ૨૪ કલાકમાં ૯૧૮૪૭૦ લાખથી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે જે કોરોના કાળનો સૌથી મોટો આંકડો છે. અગાઉ ૧૨ ઓગસ્ટના રોજ ૮.૩૦ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આરોગ્ય મંત્રાલયે પણ ટેસ્ટિંગ કરીને કોરોના કેસ બહાર લાવવા પર ભાર મુકયો છે. આર ટી પીસીઆર ઉપરાંત રેપિડ ટેસ્ટમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

એક માહિતી મુજબ પ્રતિ લાખ ૫૦ ટેસ્ટ થાય છે.અત્યાર સુધી કુલ ૩ કરોડથી વધુ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના જણાવ્યા અનુસાર ૨૧ લાખથી વધુ કોરોના દર્દીઓ સાજા થયા છે જે કુલ પોઝિટિવ કેસના ૭૪ ટકા થાય છે. ભારતમાં ૨૮ લાખથી વધુ કુલ કોરોના કેસ નોંધાયા છે જેમાં ૫૩૦૦૦ લોકોના મરણ થયા છે.



## દેશમાં વધુ ૬૯,૬૫૨ કેસ, ૯૭૭નાં મોત : પંજાબમાં નાઈટ કરફ્યુ

ભારતમાં કોરોના સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર ગુરુવારે સવારે ૮ કલાકે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના સંક્રમણના નવા વિક્રમજનક ૬૯,૬૫૨ કેસ સામે આવતાં કુલ કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૮ લાખને પાર કરીને ૨૮,૩૬,૯૨૫ ઉપર પહોંચી હતી. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯૭૭ દર્દીએ જીવ ગુમાવતાં કોરોના મહામારીનો કુલ મૃત્યુઆંક ૫૩ હજારને વટાવીને ૫૩,૮૬૬ ઉપર પહોંચ્યો હતો. આ સાથે જ ૨૪ કલાકમાં ૫૮,૭૯૪ દર્દીઓએ કોરોના સામેનો જંગ જીતતાં અત્યાર સુધીમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨૦,૯૬,૬૬૪ થઈ હતી જેના પગલે કોરોના દર્દીઓનો રિકવરી રેટ ૭૩.૯૧ ટકાની નવી સપાટી પર પહોંચ્યો હતો, જ્યારે મૃત્યુદર ઘટીને ૧.૯૦ ટકા થયો હતો. દેશમાં હાલ ૬,૮૬,૩૯૫ એક્ટિવ કેસ સારવાર હેઠળ છે. પંજાબમાં કોરોના સંક્રમણના વધી રહેલા કેસને ધ્યાનમાં લેતાં મુખ્યમંત્રી અમરિન્દરસિંહે ૨૧મી ઓગસ્ટથી રાજ્યના ૧૬૭ શહેરો અને નગરોમાં સાંજના ૭થી સવારના પાંચ સુધીના નાઇટ કરફ્યૂની જાહેરાત કરી હતી.

## મહારાષ્ટ્રમાં રાજ્યમાં ૧૪,૪૯૨ નવા કેસ સાથે કુલ ૬,૪૩,૨૮૯

મુંબઈ: રાજ્યમાં ગુરુવારે નવા કોરોનાગ્રસ્તોની સંખ્યામાં નવો વિક્રમ નોંધાયો હતો. ૧૪,૪૯૨ નવા દર્દી એક જ દિવસમાં નોંધાયા હતા, આની સાથે જ કોરોના ગ્રસ્તોની સંખ્યા ૬,૪૩,૨૮૯ પર પહોંચી હતી. બીજી તરફ મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં પણ વિક્રમી ૧૨૭૫ નવા દર્દીની સાથે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૧,૩૨,૮૨૨ પર પહોંચી છે. રાજ્યમાં સૌથી વધુ કોરોનાના દર્દી પુણે મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૬૮૨ નોંધાયા છે અને તેના પાડોશી પિંપરી-ચિંચવડ મહાનગરપાલિકામાં ૧૦૦૦ દર્દી નોંધાયા છે. પુણે વિભાગમાં કુલ ૪૧૩૩ નવા દર્દીની નોંધ થઈ છે, જ્યારે મુંબઈ સર્કલમાં ૩૬૫૯ નવા દર્દી નોંધાયા છે. રાજ્યમાં કોરોનાને કારણે ૩૨૬ મોત થયા હતા, જેમાંથી ૨૩૧ છેલ્લા ૪૮ કલાકમાં, ૬૩ ગયા અઠવાડિયાના છે.

## મુંબઈમાં કોરોનાથી ૩ પોલીસનાં મોતઃ ૧૨,૮૭૭ પોઝિટિવ

મુંબઈ: છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે વધુ ત્રણ પોલીસકર્મીનાં મોત થતાં રાજ્યમાં કોરોનાથી મૃત્યુ પામેલા પોલીસ કર્મચારીઓની સંખ્યા હવે ૧૩૧ થઇ છે, જ્યારે ૧,૨૫૮ અધિકારી સહિત ૧૨,૮૭૭ પોલીસકર્મીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને ૧૦,૪૯૧ પોલીસકર્મી સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી મૃત્યુ પામેલા ત્રણ પોલીસકર્મીમાં દેવનાર પોલીસ સ્ટેશનના પોલીસ સબ-ઇન્સ્પેક્ટર વિનાયક બાબર અને મુલુંડ પોલીસ સ્ટેશનના પીઆઇ વિશ્વનાથ તાંબે તેમ જ કોન્સ્ટેબલ તુકારામ સોનાવણેનો સમાવેશ હતો. વિનાયક બાબરનું નેરુલની હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તેઓ નવી મુંબઈના કામોઠે વિસ્તારમાં રહેતા હતા.

## યોગી સરકારના વધુ ૯ મંત્રી કોરોના સંક્રમિત થયા

ઉત્તર પ્રદેશ સરકારના વધુ એક મંત્રીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સ્વાસ્થ્ય રાજ્ય મંત્રી અતુલ ગર્ગનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્યાર બાદ તેમને આઇસોલેટ કરવામા આવ્યા છે. ઉલ્લેખનીય છે કે યોગી સરકારના કેટલાય મંત્રી કોરોનાથી સંક્રમિત થઇ ગયા છે, જેમાના બે મંત્રીઓ કમલ રાની વરૂણ અને ચેતન ચૌહાણના કોરોનાથી મોત નીપજ્યા છે. આ પહેલા યોગી સરકારના કુલ આઠ મંત્રી કોરોનાથી સંક્રમિત થઇ ગયા છે. એમા સ્વાસ્થ્ય મંત્રી જય પ્રતાપ સિંહ, ગ્રામ્ય વિકાસ મંત્રી રાજેન્દ્ર પ્રતાપ સિંહ ઉર્ફે મોતી સિંહ, કાયદા અને ન્યાય પ્રધાન મંત્રી બ્રજેશ પાઠક, જળ શક્તિ મંત્રી મહેન્દ્ર સિંહ, આયુષ રાજ્યમંત્રી ધરમ સિંહ સૈની, રમત અને યુવા કલ્યાણ રાજ્ય મંત્રી ઉપેન્દ્ર તિવારીનો સમાવેશ થાય છે.

## ભારતમાં ૪૧ લાખ યુવાનો થયા બેકારઃ ILO-ADBનો રિપોર્ટ

કોવિડ -૧૯ને કારણે ૪૧ લાખ યુવાનોએ નોકરી ગુમાવી છે. તેમાં પણ બાંધકામ અને ખેતીમાં કામ કરતાં મજૂરોને સૌથી વધુ અસર થઈ હતી. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન અને એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી) ના સંયુક્ત રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. 'એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં કોવિડ -૧૯ યુવા રોજગાર સંકટ સામે મુકાબલો' શીર્ષક સાથે મંગળવારે જાહેર થયેલા આઇએલઓ-એડીબીના અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં ૪૧ લાખ યુવાનો બેરોજગાર થવાનોનું અનુમાન છે. સાત મોટા સેક્ટર માંથી, બાંધકામ અને કૃષિમાં લૌથી વધુ રોજગાર ગયો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ -૧૯ રોગચાળાને કારણે યુવાનો માટે રોજગારની તકોને પણ ઝટકો લાગ્યો છે.

# પાકિસ્તાન દ્વારા ભાજપ-RSSના નેતાઓની હત્યાનું કાવતરું ઘડાયું

ચેન્નઈ : પાકિસ્તાનનાં આતંકી સંગઠનો તેમજ ટેરર ગ્રૂપ દ્વારા ભારતમાં ભાજપ તેમજ આરએસએસ સહિત જમણેરી સંગઠનોના નેતાઓની હત્યા કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે પાક. ટેરર ગ્રૂપની આવી હરકતો સામે સાવધાન રહેવા રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને એલર્ટ કર્યા છે. નેતાઓની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવા તમામ રાજ્યોને તાકીદ કરાઈ છે. પાક.ના આતંકી ગ્રૂપ પર વહેલામાં વહેલી તકે નેતાઓ પર હુમલા કરવા અને તેમની હત્યા કરવા દબાણ કરાઈ રહ્યું છે તેમ તામિલનાડુ પોલીસે જણાવ્યું હતું.

## તમામ એરપોર્ટ, બંદરોને એલર્ટ કરાયાં



તમામ એરપોર્ટ, બંદરો, એટમિક અને ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટસ તેમજ મહત્ત્વનાં જળ સંસાધનો ખાતે સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે અને સંભવિત હુમલા સામે તેમને એલર્ટ કરાયા છે. પાક.ની મદદથી ચાલી રહેલા કેટલાક પ્રતિબંધિત આતંકી સંગઠનો દ્વારા દેશમાં મહત્ત્વનાં સ્થળોએ હુમલાની યોજના ઘડાઈ રહી હોવાના સંદેશાને આંતરવામાં આવ્યા પછી આવી ચેતવણી આપવામાં આવી છે. કેટલાક આતંકીઓ બાંગ્લાદેશ તેમજ મ્યાનમારથી ભારતમાં ઘૂસણખોરી કરવાની ફિરાકમાં હોવાનું જાણવા મળ્યું છે. તામિલનાડુ પોલીસ દ્વારા થોડા

# ઈન્દોર ચોથા વર્ષે દેશનું સૌથી સ્વચ્છ શહેર, સુરત બીજા ક્રમે

• સર્વેક્ષણની યાદીમાં અમદાવાદ પાંચમા સ્થાને, રાજકોટ છઠ્ઠા અને વડોદરા ૧૦મા નંબરે રહ્યાં

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓનલાઈન કાર્યક્રમમાં દેશના સૌથી સ્વચ્છ શહેરોના નામ જાહેર કર્યા છે જેમાં સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦ લીગના ત્રણેય ક્વાર્ટરમાં ઈન્દોર પહેલા નંબરે આવ્યું છે. આ પહેલા જાન્યુઆરીમાં પહેલા ક્વાર્ટરની અને આજે બીજા અને ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી છે. આમ ત્રણ ક્વાર્ટરના પરિણામ જાહેર થયા છે. જેમાં સમગ્ર દેશમાં સુરત બીજા સ્થાને જ્યારે અમદાવાદ ૫મા, રાજકોટ છઠ્ઠા અને વડોદરા ૧૦મા ક્રમે રહ્યું છે. જ્યારે વર્ષ ૨૦૧૯માં અમદાવાદ ૬ઠ્ઠા ક્રમે અમદાવાદ, રાજકોટ ૯માં નંબર પર, સુરત ૧૪મા નંબરે અને વડોદરા ૭૯મા ક્રમે રહ્યું હતું. આમ અમદાવાદ એક રેંકની, સુરતે ૧૨ રેંકની, રાજકોટે ૩ રેંકની જ્યારે વડોદરા ૬૯ રેંકની સૌથી મોટી છલાંગ લગાવી ટોપ ૧૦માં પહોંચી ગયું છે. સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦ની જાહેર થયેલી યાદી મુજબ ૧થી ૧૦ લાખની વસ્તી ધરાવતા ટોચના ૧૦ શહેરોમાં ગુજરાતનું પાટનગર ગાંધીનગર ૫૦૫૬.૭૨ સ્કોર સાથે ૮માં ક્રમે છે.

# બાબા નિત્યાનંદનું તરકટ : ૨૨ ઓગસ્ટે રિઝર્વ બેન્ક ઓફ કૈલાસા, નવું ચલણ લોન્ચ કરશે

નવી દિલ્હી : રેપનો આરોપી ભાગેડુ બાબા નિત્યાનંદ હવે પોતાની માલિકીની કેન્દ્રીય બેન્ક રિઝર્વ બેન્ક ઓફ કૈલાસા શરૂ કરવા જઈ રહ્યો છે. સોશિયલ મીડિયામાં મલયાલમ ભાષામાં વાઈરલ થયેલા વીડિયોમાં નિત્યાનંદ એવી જાહેરાત કરતો દેખાયો હતો કે તે ૨૨ ઓગસ્ટ ગણેશ ચતુર્થીના દિવસે પોતાની રિઝર્વ બેન્ક ઓફ કૈલાસાની વિધિસરની મુદ્રા જારી કરશે. તેણે કહ્યું હતું કે આ મુદ્દે એક દેશ સાથે કરાર પણ કરી દેવાયો છે અને ત્યાંથી રિઝર્વ બેન્કને સંચાલિત કરવામાં આવશે. નિત્યાનંદે જણાવે છે તેની કેન્દ્રીય બેન્કના તમામ કરાર માન્ય છે અને રિઝર્વ બેન્ક ઓફ કૈલાસાની આર્થિક નીતિઓ તૈયાર કરી લેવામાં આવી છે ગણપતિની કૃપાથી ટૂંક સમયમાં રિઝર્વ બેન્ક ઓફ કૈલાસાની બધી વિગતો બહાર પાડી દેવામાં આવશે.

# સ્પેક્ટ્રમ વેચાણની મંજૂરી નહીં મળે તો આરકોમ ફડચામાં જશે

• આરકોમની કમિટી ઓફ ક્રેડિટર્સની સુપ્રીમમાં રજૂઆત

• બેંકો અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ બંને પ્રજાના નાણા ચુકવવામાં આવે તેવું ઇચ્છે છે.

નવી દિલ્હી : રિલાયન્સ કોમ્યુનિકેશન(આરકોમ) માટેની એસબીઆઇના નેતૃત્ત્વવાળી કમિટી ઓફ ક્રેડિટર્સ(સીઓસી)એ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે જો સ્પેક્ટ્રમના વેચાણની મંજૂરી આપવામાં નહીં આવે તો ટેલિકોમ કંપની ફડચામાં જશે અને તે કોઇને પણ મદદ કરી શકશે નહીં. સીઓસીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આરકોમ ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ(આઇબીસી) પાછળ સંતાઇને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ(એજીઆર)ની બાકી રકમ ચુકવવાથી દૂર ભાગી રહી નથી પણ ટેલિકોમ કંપનીને બેંકોને ૪૨,૦૦૦ કરોડ રૂપિયા ચુકવવાના છે. ન્યાયમૂર્તિ અરૂણ મિશ્રા, ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નઝીર અને ન્યાયમૂર્તિ એમ આર શાહની બનેલી ખંડપીઠે આરકોમ માટેની સીઓસી અને રિલાયન્સ જીયો માટે હાજર રહેલા વકીલને જણાવ્યું હતું કે બેંકો અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ બંને પ્રજાના નાણા ચુકવવામાં આવે તેવું ઇચ્છે છે.

# સત્યપાલ મલિક મેઘાલયના ગવર્નર બન્યા, કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેવાયો

નવી દિલ્હી : સુધી ગોવાના ગવર્નર રહેલા સત્યપાલ મલિકને આજે સવારે મેઘાલયના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. ગોવાના ગવર્નરની ખાલી પડેલી જગ્યા હાલ તરત ભરાઈ નથી. મહારાષ્ટ્રના ગવર્નર ભગત સિંઘ કોશ્યારી હાલ ગોવાના ગવર્નરની જવાબદારી પણ સંભાળશે. આમ કોશ્યારીની જવાબદારી વધી હતી. મહારાષ્ટ્ર ઉપરાંત તેમણે ગોવાના રાજ્યપાલની કામગીરી પણ સંભાળવાની છે. અગાઉ એવી અટકળો અને અફવા વહેતી થઈ હતી કે દેવેન્દ્ર ફડનવીસ અને અજિત પવારના મામલે મહારાષ્ટ્રમાં રાજકીય છબરડો થયો હતો એટલે ભગતસિંઘ કોશ્યારીની ગવર્નર તરીકેની ખુરસી જોખમમાં આવી પડી હતી. પરંતુ એ તમામ અફવા અટકળો ખોટી પડી હતી. ઊલટું કોશ્યારી પર બે રાજ્યોની જવાબદારી નાખવામાં આવી હતી. કેન્દ્રને એમની કાર્યક્ષમતા પર પૂરો ભરોસો છે એનો આ જીવંત પુરાવો હતો.

# આંધ્ર-તેલંગણામાં પૂર : રાજસ્થાનમાં ૮ લોકોનાં મોત

## બિહારમાં પૂરને કારણે ૮૦ લાખ લોકો અસરગ્રસ્ત, ઉત્તરાખંડમાં ગંગા નદીના સ્તરમાં વધારો

નવી દિલ્હી : દેશના મોટાભાગના રાજ્યો ભારે વરસાદ અને પૂરની ચપેટમાં છે. મંગળવારે રાજસ્થાન, બિહાર, આસામ, આંધ્ર અને તેલંગણામાં વરસાદ મન મૂકીને વરસતા પૂરની સ્થિતિનું નિર્માણ થયું હતું. ભારે વરસાદને કારણે રાજસ્થાનમાં ૮ લોકોના મોત થયા હતા. બિહારમાં પૂરને કારણે ૮૦ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે તથા અત્યાર સુધી ૨૫ લોકોના મોત થયા છે. બિહારના ૧૬ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે. મંગળવારે બિહારના બકસર, મુંગેર, ભાગલપુરમાં ગંગા નદીના જળસ્તરમા ખૂબ મોટો વધારો થયો છે. તો રાજધાની દિલ્હીમાં હળવાથી મધ્યમ સ્તરના વરસાદી આગાહી કરી છે.



### મધ્યપ્રદેશના ઓરેન્જ એલર્ટ

હવામાન વિભાગે મધ્યપ્રદેશના આઠ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કર્યુ છે. છેલ્લા ચોવીસ કલાકમાં સતનામાં સૌથી વધારે ૧૩૨.૬ મિમિ વરસાદ પડયો હતો. નોર્થ ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકિનારા પર બંગાળના અખાતમાં લો પ્રેશર સર્જાયું છે. અરબી સમુદ્રના ભેજ સાથે પવનો ફૂંકાવાનું ચાલુ રહેશે જેને કારણે ત્રણ દિવસમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે રાજ્યના સંખ્યાબંધ રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. ભિરી અને બાંસવાડામાં ભૂસ્ખલન થતા કેદારનાથ તરફનો રસ્તો બ્લોક થઈ ગયો હતો તો ઉત્તરકાશીમાં યમનોત્રી તરફનો રસ્તો બંધ કરી દેવાયો હતો. બદરીનાથ-ગંગોત્રી હાઇવેને હંગામી ધોરણે બંધ કરી દેવાયો હતો.

# દેશભરમાં જમાત વિરુદ્ધ કાર્યવાહી કરાઈ, ૨૦ સ્થળોએ દરોડા પાડયા

- મૌલાના સાદ વિરુદ્ધ સકંજો : દિલ્હીમાં ૭, મુંબઈમાં પાંચ, કોચીમાં ત્રણ, અંકલેશ્વરમાં એક સ્થળે તપાસ

નવી દિલ્હી : દિલ્હીમાં તબલીગી જમાત વિરુદ્ધની કાર્યવાહી વધુ ઝડપી બનાવવામાં આવી છે. દેશભરમાં ઇડીએ પણ તપાસ શરૂ કરી દીધી છે અને જમાત સાથે સંકળાયેલા વિવિધ આશરે ૨૦ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

ઇડીએ બુધવારે દિલ્હી, મુંબઇ, અંકલેશ્વરમાં પોતાની ટીમ ઉતારી હતી અને જમાતના સ્થળોએ દરોડા પાડી વિવિધ પુરાવા એકઠા કર્યા હતા. દિલ્હીમાં સાત તો મુંબઈમાં પાંચ અને અંકલેશ્વરમાં એક સ્થળે જ્યારે કોચીમાં ત્રણ જગ્યાએ એજન્સીએ દરોડા પાડયા હતા. આ સ્થળોએથી વિવિધ દસ્તાવેજો પણ જપ્ત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. ખાસ કરીને વિદેશથી આવેલા સમાતિયોની તપાસમાં પણ પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે. કેટલાક ઇલેક્ટ્રોનિક એવીડેંસ પણ સીઝ કરવામાં આવ્યા છે. ઇડીની ટીમે દિલ્હીના ઝાકિરનગર વિસ્તારમાં પણ દરોડા પાડયા હતા. એવા અહેવાલો છે કે આ વિસ્તારમાં મૌલાના સાદનું ઘર પણ આવેલુ છે.

## આગ્રાની બસનું ૩૪ ઉતારુ સાથે અપહરણ થયું હતું

# અપહરણકારો અને પોલીસ વચ્ચે ફાયરિંગ

આગ્રા : ૩૪ ઉતારુ સાથે એક બસનું અપહરણ કરી જનારા બદમાશો અને પોલીસ વચ્ચે આજે ગુરૂવારે સવારે ફતેહાબાદ વિસ્તારમાં અથડામણ થઇ હતી. બંને પક્ષે સામસામા ગોળીબાર કર્યા હતા. એક બદમાશ નાસી જવામાં સફળ રહ્યો હતો જ્યારે બીજા એક બદમાશને પગમાં ગોળી વાગી હતી.

અગાઉના અહેવાલ મુજબ આ બસ માટે ફાઇનાન્સ કરનારા ફાઇનાન્સરે બસ માલિક લોનનો હપ્તો ચૂકવવામાં નિષ્ફળ જતાં બસ પોતાને ગબજે લીધી હતી અને હાઇવે પર બસના ડ્રાઇવર અને કન્ડક્ટરને છોડી મૂક્યા હતા. ત્યારબાદ બસને આગળ લઇ ગયો હતો અને ઝાંસીમાં ચોત્રીસે ચોત્રીસ ઉતારુને પણ મુક્ત કર્યા હતા. ઇજાગ્રસ્ત થયેલા બદમાશની ઓળખ પ્રદીપ ગુપ્તા તરીકે થઇ હતી. એની પૂછપરછ ચાલુ હતી. સમર્થનવિહોણા એક અહેવાલ મુજબ આ પ્રદીપ ગુપ્તાજ ફાઇનાન્સર હોવાનું કહેવાય છે. ગઇ કાલે પરોઢિયે ત્રણ વાગ્યે આ બસ ગુરૂગ્રામથી ઝાંસી, છતરપુર, પન્ના વગેરે સ્થળોના





ઉતારુઓને લઇને નીકળી હતી. આગ્રાના બાય પાસ પાસે બસ પહોંચી ત્યારે ઝાઇલો કારમાં આવેલા બદમાશોએ બસ કબજે કરી હતી અને ડ્રાઇવર તથા કંડક્ટરને પોતાની સાથે કારમાં લીધા હતા. કારમાં આવેલો એક બદમાશ બસ ચલાવતો થયો હતો. બસમાં ઊંઘી રહેલા ઉતારુઓને આમાંની કશી વાતની જાણ નહોતી. પાછળથી બધા ઉતારુઓને સહીસલામત બીજા વાહન દ્વારા ઝાંસી પહોંચતા કરવામાં આવ્યા હતા.

# દેશની ૩૮ સરકારી કંપનીનું પીએમ ફંડમાં રૂપિયા ૨૧૫૦ કરોડનું દાન

- કંપનીઓ દ્વારા અપાયેલું આ દાન ફરજિયાત કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત કરવામાં આવ્યું

નવી દિલ્હી : મહારત્નથી લઈને નવરત્ન સુધીની દેશભરની કુલ ૩૮ સાર્વજનિક કંપનીઓ એટલે કે પીએસયુએ પીએમ કેર્સ ફંડમાં રૂપિયા ૨,૧૫૦ કરોડથી વધુનું દાન કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત કર્યુ હોવાનો ખુલાસો એક સરકારી જવાબમાં કરાયો છે. એક અંગ્રેજી અખબાર દ્વારા




આરટીઆઇ અંતર્ગત માગવામાં આવેલા માહિતી અધિકાર કાનૂન અંતર્ગત સરકારે પૂરા પાડેલા દસ્તાવેજોમાંથી આ જાણકારી મળી છે. રિપોર્ટ પ્રમાણે, ૨૮મી માર્ચે પીએમ કેર્સ ફંડનું ગઠન કર્યા બાદ ૧૩મી ઓગસ્ટ સુધીમાં ૩૮ પીએસયુએ મળીને પીએમ કેર્સ ફંડમાં ૨,૧૦૫.૩૮ કરોડ રૂપિયાનું દાન કર્યુ છે. કંપનીઓ દ્વારા આપવામાં આવેલું આ દાન ફરજિયાત કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત કરવામાં આવ્યું છે. પીએમ કેર્સ ફંડમાં સીએસઆર માટેની રાશિ પણ ડોનેટ કરી શકાય છે. નિયમ અનુસાર, સીએસઆર રાશિનો એ બાબતો માટે ખર્ચ કરવામાં આવે છે જેમાં લોકોને સામાજિક, આર્થિક, શૈક્ષણિક, નૈતિક અને સ્વાસ્થ્ય સંબંધી સુધારણાની જરૂર હોય તેમજ અનિવાર્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પર્યાવરણ અને સાંસ્કૃતિક વિષયોને

# બેંગ્લોરમાં હિંસા કરનારાની સંપત્તિ જપ્ત કરાશે, સરકાર હાઇકોર્ટ જશે

- ૩૦૦ની ધરપકડ, સંઘના કાર્યકર્તાની હત્યામાં સામેલ શખ્સ ઝડપાયો, આતંકીઓના સંપર્કમાં હોવાની શંકા

બેંગ્લુરુ : દેશમાં હવે હિંસાખોરોની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી શરૂ થઇ ગઇ છે. આ પહેલા ઉત્તર પ્રદેશમાં હિંસા થઇ ત્યારે યોગી આદિત્યનાથ સરકારે હિંસાખોરોની સંપત્તિને જપ્ત કરીને હિંસામાં જે સંપત્તિનું નુકસાન થયું હતું તેની ભરપાઈ કરી હતી.

ત્યારે હવે કર્ણાટકના બેંગાલુરૂમાં જે હિંસા થઇ છે તેમાં સામેલ લોકોની પણ સંપત્તિને જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે કર્ણાટક સરકાર હાઇકોર્ટમાં જઇને ક્લેઇમ કમિશનરની માગણી કરશે. બેંગાલુરૂમાં એક ફેસબુક પોસ્ટ બાદ કોમી હિંસા ભડકી હતી જેમાં અનેક નિર્દોશ લોકોના વાહનો સળગાવવામાં આવ્યા હતા, અને દુકાનોને પણ આગ લગાવવામાં આવી હતી. કર્ણાટક પોલીસે સીસીટીવી કેમેરાના આધારે હિંસામા સામેલ લોકોની ઓળખ કરી લીધી છે અને અનેક લોકોની ધરપકડ પણ કરવામા આવી છે. આ સ્થિતિ વચ્ચે કર્ણાટક સરકારે સોમવારે કહ્યું હતું કે તે હિંસાખોરોને નહીં બક્ષે અને જે પણ હિંસામાં સામેલ હશે તેની સંપત્તિ જપ્ત કરવામાં આવશે.

## હવે મધ્યપ્રદેશમાં સ્થાનિકોને જ સરકારી નોકરી અપાશે : શિવરાજસિંહનો વિવાદી ફતવો

ભોપાલ : મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે એક વિચિત્ર જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે હવેથી મધ્ય પ્રદેશમાં રાજ્યનો જે સ્થાનિક નાગરિક હશે તેને જ નોકરી આપવામા આવશે. શિવરાજસિંહની આ જાહેરાતનું ભાજપે સ્વાગત કર્યુ છે જ્યારે કોંગ્રેસે કહ્યું છે કે શિવરાજસિંહ માત્ર વચનો આપી રહ્યા છે કેમ કે રાજ્યની પેટા ચૂંટણી નજીક આવી રહી છે. શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે મધ્ય પ્રદેશમાં રાજ્યના સંસાધનો પર સ્થાનિકોનો પહેલો અધિકાર છે માટે તેમને જ પહેલા નોકરીની તક મળવી જોઇએ. શિવરાજસિંહે એક વીડિયો જારી કરીને કહ્યું હતું કે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી મધ્ય પ્રદેશમાં માત્ર સ્થાનિક યુવકોને જ સરકારી નોકરી આપવામાં આવશે. કેમ કે મધ્ય પ્રદેશના સંસાધનો પર સ્થાનિક યુવકોનો પહેલો અધિકાર છે.

## જમ્મુ-કાશ્મીરથી સીએપીએફના ૧૦૦૦૦ જવાનને પાછા ખેંચાયા

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા બુધવારે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાંથી તાકીદે અર્ધસૈનિક દળોની ૧૦૦ કંપનીઓ પરત બોલાવવાનો આદેશ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સની જમ્મુ-કાશ્મીરમાં કરાયેલી તહેનાતી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા બાદ ૧૦,૦૦૦ જવાનોને પરત બોલાવવાનો આદેશ અપાયો છે. કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કરવા સમયે કેન્દ્ર દ્વારા અર્ધ સૈનિક દળોની વધારાની ૧૦૦ કંપનીઓ તહેનાત કરવામાં આવી હતી. આ આદેશ સાથે જ ૧૦,૦૦૦ જવાનો આ અઠવાડિયે જ બેઝ ઉપર પરત ફરશે.



પાછી ફરનારી કંપનીઓમાં સીઆરપીએફની ૪૦, બીએસએફની ૨૦, એસએસબીની ૨૦ અને સીઆઇએસએફની ૨૦ કંપનીનો સમાવેશ થાય છે. કેન્દ્રના તાજેતરના આદેશ બાદ હવે જમ્મુ-કાશ્મીરમાં સીઆરપીએફની ૬૦ બટાલિયન રહેશે. એક બટાલિયનમાં ૧૦૦૦ જવાન હોય છે.

## નદીઓને પ્રદૂષણમુક્ત કરવામાં અક્ષમ્ય વિલંબ માટે કેન્દ્રની ગુજરાતને ફટકાર

નવી દિલ્હી : ગુજરાતમાં સાબરમતી અને તાપી એમ બે નદીઓને પ્રદૂષણ મુક્ત કરવાનો પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં અક્ષમ્ય વિલંબ માટે કેન્દ્ર સરકારે ગુજરાતની રૂપાણી સરકારની ઝાટકણી કાઢી છે. ગંગા બેઝિન સિવાયની અન્ય નદીઓને પ્રદૂષણ મુક્ત કરીને સ્વચ્છ બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન હેઠળ ગુજરાત સરકારને ભંડોળ આપવામાં આવ્યું છે. સાબરમતી નદીને પ્રદૂષણ મુક્ત કરીને સ્વચ્છ બનાવવા માટે ૨૦૧૪માં ફંડ આપવામાં આવ્યું હતું. આમ છતાં ૬ વર્ષ પછી પણ આ પ્રોજેક્ટ પૂરો થયો નથી. આ પ્રાજેક્ટમાં હજી સુધી કોઈ પ્રગતિ સધાઈ નથી. તાપી નદીને શુદ્ધ કરવા ૧૬ મહિના પહેલાં ફંડ ફાળવવામાં આવ્યું છે આમ છતાં તેમાં કોઈ પ્રગતિ થઈ ન હોવાનું કેન્દ્રનાં જળ શક્તિ પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવતે સીએમ રૂપાણીને ૪ ઓગસ્ટે લખેલા પત્રમાં જણાવ્યું છે.

# બ્રામ્પ્ટનમાં GPAC કેનેડા દ્વારા ભારતના સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી





## આઝાદીને ૭૪ વર્ષ થયા હોવાથી ૭૪ છોડ રોપી નવો ચીલો ચાતર્યો

બ્રામ્પ્ટન : ગુજરાત પબ્લિક અફેરસ કાઉન્સિલ ઓફ કેનેડા સદાય ભારતીયો અને ગુજરાતીઓના હિત માટે કાર્ય કરતી સંસ્થા છે. આ વરખે એમપી રમેશભાઈ સાંગા અને સિટી ઓફ બ્રેમ્પટનના સહયોગ તથા નેતૃત્વ હેઠળ ૧૫મી ઓગસ્ટે બપોરે ૦૧:૩૦ કલાકે ભારતના ૭૪માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહ અને દેશદાઝની લાગણી સાથે GPACના હોદ્દેદારો, MP રમેશભાઈ સાંગા, MPP દિપક આનંદ, MPP અમર જ્યોત અને કોનસુલેટ જનરલ ઓફ ઈંડિયા અપૂર્વાબેન શ્રીવાસ્તવની હાજરીમાં ઉજવણી કરાઈ હતી.

આ કાર્યક્રમ અંતર્ગત આયોજકોએ બંને રાષ્ટ્ર ભારત અને કેનેડાના રાષ્ટ્રગીતનું આદરપૂર્વક ગાન કરી બંને રાષ્ટ્રના ધ્વજને સલામ કર્યા હતા. જયારે ભારતની આઝાદીના ૭૪ વર્ષની યાદગીરીના પ્રતિક રૂપે સિટી ઓફ બ્રેમ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉનના સહયોગથી ૭૪ છોડ રોપવામાં આવ્યા હતા.

**ભારત અને કેનેડાના રાષ્ટ્રગીતનું આદરપૂર્વક ગાન કરી બંને રાષ્ટ્રના ધ્વજને સલામી અપાઈ**

આશરે ૭૦ જેટલા લોકોએ કાર્યક્રમમાં ભાગ લઈ કોવિડ ૧૯ અંતર્ગત વર્તમાન માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન કર્યું હતુ. સૌએ દેશભક્તિના ગીતો ગાઈ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ભારતની રક્ષા કાજે શહિદ થયેલા સૈનિકોને યાદ કર્યા હતા.

વધુમાં કેનેડાના ગુજરાતી વર્તમાનપત્રોના પ્રકાશકોને MP રમેશભાઈ સાંગા અને કોંસુલેટ જનરલ ઓફ ઈન્ડિયાના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી તેમના ગુજરાતી ભાષા પ્રત્યેના યોગદાનને બિરદાવ્યો હતો.

અંતે GPACના પ્રેસિડેન્ટ ફેનીલ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ રાજેશભાઈ શાહ, સેક્રેટરી ભાવિક પરીખ, ટ્રેઝરર રજનીભાઈ પટેલ અને પેટ્રોન ધવલભાઈ વૈદ્ય અને નવ નિયુક્ત બોર્ડ ઓફ ડિરક્ટર્સ શર્મિલાબેન દવે તથા શર્મિષ્ઠાબેન જોશીએ સૌનો અને ખાસ કરીને સિટી ઓફ બ્રામ્પટનના સ્ટાફનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

# મોનટ્રીયલના રામજી ટેમ્પલ અને ભારત ભવન ખાતે ધ્વજવંદન



ઓન્ટેરિયો : દેશથી હજારો માઈલ દૂર રહી હજી લોકો દેશની આઝાદી માટે કુરબાની આપનાર દેશભક્તોને યાદ કરે છે અને રાષ્ટ્રીય પર્વની પણ ઉજવી કરે છે. આ વર્ષે કેનેડાના મોનટ્રીયલમાં રામજી મંદિર અને ભારત ભવન ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કેનેડામાં વસતા ભારતીય નાગરિકોએ હાજર રહી રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. આ સાથે જ દેશના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ હતી.

# સ્કારબોરો ખાતે હનુમાન ટેકરી સિનિયર્સ ગ્રુપ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



સ્કારબોરો : ૧૫ ઓગસ્ટના રોજ સ્કારબોરો ખાતે હનુમાન ટેકરી સિનિયર્સ ગ્રુપ દ્વારા જયંતીભાઈ પટેલના સાનિધ્યમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રિટાયર્ડ એરફોર્સ ઓફિસર હસમુખભાઈ પટેલના હસ્તે ધ્વજ લહેરાવાયો હતો. આ સાથે સંગીતકાર જયેન્દ્ર નાયકના કંઠે દેશભક્તિના ગીતો ગવાયા હતા. અંતમાં ગાંઠિયા અને લાડુનો અલ્પાહાર કરી સૌ છુટા પડ્યા હતા. સૌનો સાથ, સૌનો વિકાસ એજ ભાવના આ પ્રસંગે સૌએ દર્શાવી હતી.


શ્રી શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી (આણંદ-બોરસદ ગુજરાતવાળા)

કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ દરેક પ્રકારના હવનપૂજા વિધી કરાવનાર, જન્માક્ષર બનાવવા તથા જોવડાવવા માટે મળો







ગણેશ ચતૂર્થિ વિશેષ મહાગણપતિ સાધનાપૂજા

મહાપર્વ ગણેશ જયંતિ કરો, ગણેશ પૂજા અને સંપૂર્ણ જીવનને સમૃદ્ધ બનાવો ભાદરવા સુદ ચોથ એટલે ગણેશ જયંતિનો પાવન અને પવિત્ર, મંગલ અને શુભ દિવસ છે. વિશ્વના કોઇપણ ખૂણે વસતો ભારતીય આજે કોઇપણ શુભ કાર્યનાં પ્રારંભે જેનું સ્મરણ કરે છે એવા સર્વ વિઘ્નોના નાશક ભગવાન ગણેશજીની જન્મજંયતિ એટલે ગણેશ ચોથ. શિવ પૂરાણના રૂદ્રસંહિતાના અધ્યાય ૧૩માં જણાવ્યા મુજબ એક સવારે માતા પાર્વતિએ પોતાના શરીર ઉપર લગાવેલ ઉબટન (સ્નાન પહેલાનૂ સુગંધિત દ્રવ્ય) માંથી એક શિશુની મૂર્તિ બનાવી અને એમાં પ્રાણ રેડ્યાં જેનૂં નામ પડ્યું વિનાયક રિદ્ધિ અને સિદ્ધ એ એમની બે પત્નીઓ અને એમાંથી ઉત્પન્ન થયેલાં બે બાળકો એટલે લાભ અને શુભ આમઆખો પરિવાર થયો વિઘ્ન વિનાશક, રિદ્ધિ અને સિદ્ધ, લાભ અને શુભ માણસનાં જીવનને આ બધી જ સમૃદ્ધિ આપે એ ભગવાન સિદ્ધિ વિનાયક લિંગ સ્વરૂપે પણ ગણેશજીની પૂજા કરી શકાય છે માટે પૂજામાં સોપારી સ્વરૂપમાં ગણેશજીની સ્થાપના કરાય છે.

મહાગણપતિ સાધના

શું આપ દરરોજ કોઇ નવી મૂસિબતનો સામનો કરો છો?
શું આપના દરેક કામરોકાઇ ગયા છે?
શું આપને લાગે છે કે, આપના પરિવાર ઉપર કોઇએ તંત્ર પ્રયોગ કરેલ છે?
શું આપના દરેક કામથતાં-થતાં બગડી જાય છે?
શું આપને શત્રુથી ભય છે, આપ નિરંતર દુશ્મનથી પરેશાન છો?
શું આપની ઉપર દેવૂ થઇ ગયેલ છે?
શું આપનાં સંતાન અને ઘરનાં સદસ્યો આપના નિયંત્રણમાં નથી રહેતા?
શું આપના ઘરમાં કોઇ કામકરતા પહેલા અશુભ થાય છે?
શું આપના વ્યાપારમાં ધંધામાં ધન પ્રાપ્તિ બરાબર નહીં થતી?
શું આપે એકત્રિત કરેલ ધન અચાનક ફિજુલ ખર્ચા થઇ જાય છે?
શું આપના સંતાન ભણવામાં હંમેશા કમજોર છે?
શું આપના ઘરમાં હંમેશા ક્લેશ અને ઝગડા રહ્યા કરે છે?



આવી બધી જ સમસ્યાંના નિવારણ માત્ર ગણપતિ સાધનાનાં માધ્યમથી જ સંભવ છે. આ સાધના સ્ત્રી અથવા પુરુષ કે કોઇપણ બાળક પણ કરી શકે છે આ સાધના શુદ્ધ અને પવિત્રતાથી કરવી જોઇએ આ સાધના પૂજાથી કોઇને કોઇપણ નુકસાન થતું નથી.

ગણપતિ સાધના પૂજા કરવા માટે તાત્કાલિક સંપર્ક કરો

ગણેશચતુર્થિના દસ દિવસમાં ગણપતિ પૂજા કેવી રીતે કરશો

વ્યક્તિએ ગણપતિની પૂજા શાસ્ત્રની મર્યાદામાં રહીને ગણેશ પૂજા કરવી જોઇએ જે દરેક વ્યક્તિઓ માટે આવશ્યક છે.
બધા કાર્યોની સિદ્ધિ માટે ગણપતિની સાથે શ્રી સૂર્ય, દુર્ગા, શ્રી શિવ અન શ્રી વિષ્ણુની પૂજા પણ કરવી જોઇએ.
વ્યક્તિ એ સર્વ પ્રથમસૂર્ય, પછી ગણપતિ અને દુર્ગા શંકર, વિષ્ણુની પૂજા કરવી જોઇએ. જેનો ક્રમ આ પ્રમાણે છે.
ઘરમાં બે શિવલિંગ, બે શંખ, બે સૂર્યની પ્રતિમા, બે શાલિગ્રામ, બે ગોમતી ચક, ત્રણ ગણપતિ મૂર્તિ, ત્રણ દેવીની પ્રતિમા ન હોવી જોઇએ જો આ પ્રકારે હોય તો ઘરમાં હંમેશા દરિદ્રતા લાવે.
ઘરમાં ગણપતિનું મંદિર તથા અન્ય દેવતાઓનું મંદિર ઇશાન ખૂણામાં હોવું જોઇએ. અને દેવતાઓનું મૂખ પશ્ચિમદિશા બાજુ હોવું જોઇએ.
ગણપતિનો અભિષેક હંમેશા તામ્ર પાત્રમાં જ કરવો જોઇએ.
ગણપતિને હંમેશા લાલ વર્ણવાળુ સુરભિત પુષ્પની સાથે દૂર્વાઅંકૂશ ગણેશને અર્પિત કરવું જોઇએ.
ગણપતિને ક્યારેય ભૂલથી પણ તુલસી દલનો ઉપયોગ કરવો નહીં. न तूलस्या गणाधिपम्
ગણપતિનાં મંદિરની પ્રદક્ષિણા માત્ર એક જ પરિક્રમા કરવી જોઇએ વધારે કરવાથી જીવનમાં દરિદ્રતા માનવામાં આવે છે.
ગણપતિ ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે, ગણપતિ પૂજા કરતા પહેલાં ગુરુ પૂજા અવશ્ય કરવી જોઇએ.
ગણેશ ગાયત્રી મંત્ર નીચે પ્રમાણે છે તેને અવશ્ય દિવસમાં બોલતા રહેવું જોઇએ.
એકદંન્તાય વિદ્મહે, વક્તુણ્ડાય ધીમહી
તન્નો દન્તી પ્રયોદયાત્
ગણપતિના બાર નામનો હંમેશા સ્મરણ પણ કરતા રહેવું જોઇએ.
સુમુખાયનમ: એકદંતાયનમ: કપિલાયનમ:
ગજકર્ણકાયનમ: લમ્બોદરાયનમ: વિકટાયનમ:
વિઘ્નનાશાયનમ: વિનાયકાયનમ: ધૂમ્રકેતવેનમ:
ગણાર્ધ્યક્ષાયનમ: ભાલચંન્દ્રાયનમ: ગજાનનાયનમ:
આ નામથી ગણપતિની ઉપર દૂર્વા અને પૂષ્ય ચઢાવવાથી ગણપતિ અતિ પ્રશન્ન થાય છે



કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ, નવચંડી, લઘુરુદ્ર, રુદીપાઠ, ચંડીપાઠ, દરેક પ્રકારના હવન અને પૂજા વિધી કરાવનાર, જન્માક્ષર બનાવવા તથા જોવડાવવા માટે મળો

શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી
આણંદ (બોરસદ) ગુજરાતવાળા
મોબાઈલ : 647-770-5984
Etobicoke

# દરેક દેશ પોતાની જાતે બચવાના રસ્તા શોધે : WHO

દરેક દેશોએ કોરોનાની વેક્સિનની રાહ જોયા વિના કોરોનાથી બચવા અને તેનું સંક્રમણ ઘટાડવા પોતાની રીતે તૈયારીઓ કરવી જોઈએ તેમજ જરૂરી પગલાં લેવાં જોઈએ તેમ તાકેશીએ કહ્યું હતું. કોરોના સામે લડવા વધુમાં વધુ પગલાં લેવાં જોઈએ. વેક્સિન માર્કેટમાં આવે તો પણ તેનો પુરવઠો ઓછો હશે જ્યારે માગ વધારે હશે આથી તમામને તે એક ધડાકે મળે તેવી શક્યતા ઓછી છે. જ્યાં સુધી તમામ દેશો રક્ષણનાં પગલાં નહીં લે ત્યાં સુધી કોઈ દેશ સલામત નથી.

## ન્યૂઝીલેન્ડમાં કોરોના સંક્રમણ વધતાં ટ્રમ્પે ટિપ્પણી કરી

ન્યૂઝીલેન્ડમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ૬ દિવસના વિરામ પછી ફરી એકવાર ૯ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે. આ મુદ્દે ટ્રમ્પે ન્યૂઝીલેન્ડ સામે કટાક્ષ કરતા કહ્યું કે તેઓ મને બતાવવા માટે સંક્રમણ ઘટવાનો દાવો કરતા રહ્યા હતા.

## વિશ્વમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨.૨૦ કરોડને પાર

આખા વિશ્વમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨.૨૦ કરોડના આંકડાને પાર કરીને ૨,૨૦,૯૫,૦૫૮ થઈ છે. જ્યારે ૭,૭૮,૨૨૮ લોકો કોરોનાની મહામારીનો ભોગ બન્યા છે. સારવાર મળ્યા પછી ૧,૪૮,૨૯,૧૬૪ લોકોએ કોરોનાને હરાવ્યો છે.

## અમેરિકામાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૫૬ લાખને ક્રોસ કરી ગઈ

અમેરિકામાં કોરોનાના દર્દીઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. અહીં દર્દીઓની કુલ સંખ્યા ૫૬,૧૩,૨૬૮ થઈ છે જ્યારે ૧,૭૩,૭૭૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૦,૬૧૨ નવા દર્દીઓ વધ્યા છે અને ૫૮૯નાં મોત થયાં છે.

## જર્મનીમાં કડક નિયમો અને દિશા નિર્દેશો સાથે ફરી સ્કૂલો ખુલી

બર્લિન : કોરોના વાયરસનો ફેલાવો થયો ત્યારથી જ દુનિયાની સ્કૂલોના દ્વાર બંધ થયા છે. ઘણા દેશોમાં હજુ પણ શાળાઓ બંધ છે. ભારતમાં પણ લોકડાઉન લાગુ થયું ત્યારથી શાળાઓ બંધ છે, જે હજુ ખુલી નથી. ત્યારે યુરોપિયન દેશ જર્મનીએ શાળાઓ ખોલી છે. પરંતુ હવે સ્કૂલનું વાતાવરણ પહેલા કરતા સાવ અલગ છે. કડક નિયમો અને દિશા નિર્દેશો સાથે સરકારે દેશમાં શાળા ખોલવાની મંજૂરી આપી છે. ક્લાસરુમમાં બેસવાથી લઇને ભણવા સુધીની રીતો હવે બદલાઇ ગઇ છે. ત્યારે ભારતમાં પણ સરકાર શાળાઓ ખોલવા માટે વિચારણા કરી રહી છે.




## મલેશિયામાં કોરોનાની નવી પ્રજાતિ જોવા મળી, ૧૦ ગણો વધુ ચેપી

મલેશિયામાં સંસોધકોને કોરોના વાયરસની એક એવી પ્રજાતી અંગે જાણવા મળ્યું છે જે સામાન્યથી ૧૦ ગણો વધુ ચેપી છે. કોરોનાનાં આ મ્યૂટેશનને વિશ્વભરમાં ડ્ડ૧૪૪ના નામે ઓળખવામાં આવે છે. આ મ્યૂટેશન અગાઉ વિશ્વના અન્ય દેશોમાં જોવા મળ્યું હતું પરંતુ મલેશિયામાં ૪૫માંથી ઓછામાં ઓછા ત્રણ કેસમાં હાલમાં જ જોવા મળ્યું છે. ભારતથી મલેશિયા પરત ફરેલા એક રેસ્ટોરાંના માલિક ૧૪ દિવસનાં હોમ ક્વોરન્ટીનનો ભંગ કરીને નીકળ્યા તે પછી શરૂ થયું. આ વ્યક્તિને પાંચ મહિનાની જેલ અને દંડ ફટકારવામાં આવ્યો છે.

## મેલબોર્નમાં કોરોનાના નવા ૨૮૨ કેસ નોંધાયા કુલ, ૨૩૫૭૬

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં કોરોનાના નવા ૨૮૨ કેસો નોંધાવાને પગલે કુલ કેસોની સંખ્યા વધીને ૨૩,૫૭૬ થઇ છે. જ્યારે કોરોનાના કારણે ૨૫ જણાના મોત થતાં મરણાંક વધીને ૪૨૧ થયો છે. દરમ્યાન ન્યુ ઝીલેન્ડમાં વડા પ્રધાન જેસિન્ડા આર્ડેને દેશના સૌથી મોટા શહેર ઓકલેન્ડમાં કોરોના ફરી ફાટી નીકળવાને પગલે દેશની ચૂંટણીને એક મહિના માટે મુલતવી રાખવાની જાહેરાત કરી છે. આ પ્રકારના વાઇરસ દુનિયામાં અન્ય સ્થળેથી પણ મળ્યા છે. મલેશિયામાં કોરોનાના કુલ ૪૫ કેસો નોંધાયા છે.

## રશિયા બાદ હવે ચીનમાં પણ કોરોનાની પહેલી રસીને પેટન્ટ મળી

દુનિયામાં કોરોના વાઇરસના કેસોની સંખ્યા વધીને ૨૧ મિલિયને પહોંચી છે જયારે મરણાંક વધીને ૭,૬૯,૭૫૭ થયો છે. અમેરિકા હજી કોરોનાના કેસોની સંખ્યા(૫,૩૫૯,૭૪૮)ની દૃષ્ટિએ નંબર વન છે. જયારે મરણાંક ૧,૬૯,૪૬૭ છે. બીજા ક્રમે ૩,૩૧૭,૦૯૬ કેસ સાથે બ્રાઝિલ છે. ભારતના રસીના ઉત્પાદકોએ પણ રશિયાની રસી સ્પુતનિક ફાઇવના ઉત્પાદનમાં રસ દર્શાવ્યો છે. રશિયાના સોવરિન ઇન્વેસ્ટમેન્ટ ફંડના સીઇઓ કિરિલ દિમિત્રિવે જણાવ્યું હતું કે આ મહિનાના અંત સુધીમાં રસીને રોલ આઉટ કરી દેવામાં આવશે.

## એપ્રિલથી અત્યાર સુધી ૧.૯૦ કરોડ લોકોની નોકરીઓ છીનવાઈ

કોરોનો વાયરસ મહામારીના વચ્ચે એપ્રિલથી અત્યાર સુધી ૧.૯૦ કરોડ લોકોએ તેમની નોકરી ગુમાવી દીધી છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઇકોનોમી (સીએમઆઈઇ)ના ડેટામાં આ વાત સામે આવી છે. આ મુજબ, છેલ્લા મહિનામાં એટલે કે જુલાઈમાં લગભગ ૫૦ લાખ લોકોએ નોકરી ગુમાવી છે. મળતી માહિતી મુજબ, એપ્રિલમાં ૧.૭૭ કરોડ અને મે મહિનામાં ૧ લાખ લોકોની નોકરી ગઈ છે. જૂનમાં લગભગ ૩૯ લાખ નોકરીઓ મળી હતી, પરંતુ જુલાઈમાં લગભગ ૫૦ લાખ લોકોએ નોકરી ગુમાવી દીધી હતી.




# ગણેશ ચતુર્થીના દિવસે આ અનુષ્ઠાન, મંત્ર, જાપથી અનેક કામમાં સફળતા પ્રાપ્ત થાય છે



શુભકાર્યની શરૂઆતમાં ગણપતિનું પૂજન અર્ચન પ્રથમ કરવામાં આવે છે. ભગવાન ગણપતિ વિઘ્નોને દુર કરી અનેક પ્રકારે સુખ શાન્તિ આપનાર છે.

સંવત ૨૦૭૬ ભાદરવા મહિનાની શુક્લ પક્ષ (સુદ)ની ચતુર્થી તા. ૨૨-૮-૨૦૨૦ને શનિવારે આવે છે જેને ગણેશ ચતુર્થી તરીકે હિંદુ ધર્મમાં ઉજવવામાં આવે છે. આ દિવસે પ્રાતઃ કાલે ઉઠીને શૌચાદિ કર્મ પરવારી સ્નાન કરી શુધ્ધ થઈ રેશમી લાલરંગનું વસ્ત્ર પિતાંબર સાડી પહેરીને ગણપતિની મૂર્તિ કે તસવીર (છબી) લાલરંગના રેશમી કાપડ ઉપર મુકવી મુર્તિ કે તસવીર પૂર્વદિશા ઈશાન ખૂણો કે ઊત્તર દિશા તરફ રાખવી. ગાયના શુધ્ધ ઘીનો દીવો- ધૂપ કે અગરબત્તી કરવી ત્યારબાદ પંચામૃતથી સ્નાન કરાવી સ્વચ્છ કરીને કંકુ, હળદરથી ચાંલ્લા કરવા લાલ કે સફેદ પુષ્પનો હાર (માળા) પહેરાવીને ગણપતિના ૧૨ નામ (૧) સુમુખાય નમઃ (૨) એક દંતાય નમઃ (૩) કપિલાય નમઃ (૪) ગણકર્ણાય નમઃ (૫) લંબોદરાય નમઃ (૬) વિકટાય નમઃ (૭) વિઘ્નનાશાય નમઃ (૮) નાયકાય નમઃ (૯) ધુમ્રકેતાય નમઃ (૧૦) ગણાધ્યાય નમઃ (૧૧) ભાલચંદ્રાય નમઃ (૧૨) ગજાનંદાય નમઃ બોલીને અક્ષત (ચોખા) અને દુર્વા (ઘરો) ગણપતિને અર્પણ કરવા, બહાર જતી વખતે ૧૨ નામ બોલીને જવુ સફળતા મળે છે.

## અનુષ્ઠાન કે મંત્ર માળાની રીત

ગણપતિનું આ અનુષ્ઠાન કરવા માટે ગણેશ ચતુર્થીના આગલા દિવસે દુર્વા, ઘરો તોડી લાવવી વર્ષા ઋતુમાં જમીન ઉપર દુર્વા-ઘરો. ઘાસ ખુબ પ્રમાણમાં ઉગતુ હોય છે. જેને ઉપરની બાજુ ત્રણ પાન હોય Y આવી ત્રણ દુર્વા ભેગી કરીને સુતરના દોરાથી ૧ જુડી બનાવવી આવી ૧૦૮ જુડી તૈયાર કરી રાખવી. ગણેશ ચતુર્થીના દિવસે ભગવાન ગણપતિની ૧૦૮ માળા ॥ ૐ ગણપતયે નમઃ ॥ મંત્ર બોલવા ૧ માળા પુરી થાય એટલે બનાવેલી ઘરોની ૧ જુડી ગણપતિ ભગવાનને અર્પણ કરવી આવી “૧૦૮” માળા કરવી મંત્ર- માળા સાંજના ૭ કલાક ૫૫ મિનિટ પહેલા પૂર્ણ કરવી માળા પૂર્ણ થયા બાદ ભગવાન ગણપતિને સાકર, ગોળ કે લાડુનો પ્રસાદ ધરાવવો અને ગણપતિની આરતી ઊતારવી ભગવાનને કરેલ અનુષ્ઠાન અર્પણ કરી દેવુ , ક્ષમા પ્રાર્થના કરવી બીજે દિવસે આ ઘરોની જુડીઓ ફુલ હાર અને ૧ નંગ શ્રીફળ (નાળિયેર) વહેતા જળમાં પધરાવી દેવું.

## અનુષ્ઠાનનું ફળ શું મળે તેની માહિતી

વેપાર-ધંધો-રોજગાર સારો ચાલે, જેના લગ્નના થતા હોય તેમના લગ્ય થાય છે, મકાનની ઈચ્છા વાળા લોકોનું મકાન જલ્દી મળે છે, સંતાન પ્રાપ્તિ થાય છે, કોર્ટ કચેરીમાં વિજય થાય છે, રોગ-બીમારી તથા અન્ય મુશ્કેલીઓમાંથી બહાર અવાય છે, નોકરી સારી મળે છે, ઓફિસમાં પ્રમોશન મળે છે, અનેક કાર્યમાં સફળતા મળે છે.

ગણપતિ, રિધ્ધિ, સિધ્ધિ પ્રસન્ન થાય છે અનેક પ્રકારે શુભ-લાભ આપનાર છે. દરેક શુભ કાર્યમાં ભગવાન શંકર અને માં જગદંબાના પુત્ર ગણેશજીનું સ્થાન પ્રથમ હોય છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
બીપીન એસ્ટ્રોલોજર
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm

Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service

3642 Kingston Rd


$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

1177 Pure Spring Blvd


$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

25 Heron Park Pl


$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .

12 Silverwood Circ


$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

19 Rosebank Dr


$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

192B Magnolia Ave


$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)


PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com


MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com


JAINIK JARIWALA
Sales Representative
416.206.6115

Designed by Swadesh- Gujarati News Paper

Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc. Brokerage
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract

KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com

HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો



Vacant Property!!!The Perfect Design In Bachelor Pads! Fully Custom Designed With Military Grade Materials With The New Millennial In Mind! Winner Of The 2016 Most Innovative Suite Design. Furnished With Built In Bed And Multi Use Tables. Each Floor Has A Full Size Hub With Full Size Kitchen For Special Occasions. Walking Distance To Both University of Ontario And Durham College. Free Property Management As Incentive Until Aug 2021



New Built. Fantastic Opportunity To Own In The Highly Sought After Tribute In The Stunning Windfields Community! Modern Townhome In Rapidly Growing North Oshawa. Approximately 2000 Sqft, 4 Bed + 3 Bath End Unit. Walking Distance To The New Riocan Shopping Centre! Close To 407 Hwy7. Minutes To University Of Ontario And Durham College, Public Transit.



Immaculate, Stunning Beautiful Executive Home Located In The Prestigious Tribute Windfield Community. 4 Bed and 5 wash. This Home Sits On One Of The Most Spectacular Lots Backing Onto A Ravine. Open Concept 1st Level Features Hardwood Floors, High Ceilings, Custom Kitchen, Quartz Countertop, Large Island With Breakfast Bar, W/O Deck To A Private Fenced Backyard. 9' Ft Ceiling, Upgrd. Walkout basement.



NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS
CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.
Use The Advantage of a Team,
Because...Teamwork Makes Your Dreams Work !

Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE
BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!
2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303
Masters ruby
Grand Centurion Office
Shamim & Amin Kharodia
Sales Representatives
info@kharodiarealestate.com
647.501.6786 SHAMIM | 647.308.2941 AMIN
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# Cedarbrae Dental Center



## અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates



Female Dentist For All Your Dental Need

**Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)**

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.

**Free Consultation for Braces, Plant and Invisalign, Root Canal and Wisdom Tooth.**



### Hours of operation

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm



## Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East,
Scarborough, ON M1G 1P6

**416-945-1000, 416-945-2800**

http://www.cedarbrae.dental

Email : Cedarbraedentalcenter@gmail.com